આજની આઈપીએલ મેચ
કોલકત્તા નાઈટ રાઈડર્સ VS પંજાબ કિંગ્સ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા


શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૬-૪-૨૦૨૪, શુક્રવાર
વર્ષઃ ૧૩, અંક : ૪૧

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia









ચંદ્ર પર થયેલા વૈજ્ઞાનિક સંશોધનો માટે ચાઈનાએ ''એટલાસ'' બહાર પાડ્યું



ભાવનગરના શખ્સે બોગસ બીલિંગ દ્વારા ૬૦ કરોડનો ''ચૂનો ચોપડ્યો''



ટાટા હવે આઈફોન કવરના મેન્યુફેક્ચરિંગ માટે ઘરઆંગણે જ હાઈટેક મશીન બનાવશે



મૃત્યુ પામેલા પતિની સંપત્તિ ઉપર પત્નીનો સંપૂર્ણ અધિકાર નથીઃ દિલ્હી હાઈકોર્ટ

### લોકસભા ચૂંટણી પૂર્વે મોટો ઘટસ્ફોટ

# સૌરાષ્ટ્રમાં હથિયાર સપ્લાય કરવાના નેટવર્કનો પર્દાફાશઃ ૨૫ પિસ્તોલ અને ૯૦ કાર્ટિસ કબ્જે

## રાજકોટ અને સુરેન્દ્રનગરના ચાર સહિત કુલ છ શખ્સોને ઉઠાવી લેતી એટીએસ



**અબતક, રાજકોટ**

લોકસભાની ચૂંટણી પૂર્વે સૌરાષ્ટ્રમાં હથિયાર સપ્લાય કરવાના મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે. ગુજરાત એટીએસની ટીમે કુલ ૨૫ પિસ્તોલ અને ૯૦ કાર્ટિસ સાથે રાજકોટના બે, સુરેન્દ્રનગરના બે સહિત કુલ છ હથિયારના સોદાગરોને ઝડપી સમગ્ર રેકેટનો પર્દાફાશ કર્યો છે.

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે દરમિયાન હથિયાર સપ્લાયના મોટા નેટવર્કનો પર્દાફાશ થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગુજરાત એટીએસની ટીમે સમગ્ર રેકેટનો પર્દાફાશ કરીને છ જેટલાં હથિયારના સોદાગરોને ઝડપી લીધા છે. પ્રાપ્ત વિગત અનુસાર એટીએસની ટીમને મધ્યપ્રદેશથી હથિયારનો મોટો જથ્થો લાવીને સૌરાષ્ટ્રમાં સપ્લાય કરવાનો હોય તેવી બાતમી મળતાની સાથે જ એટીએસએ વોચ ગોઠવી આખુ રેકેટ ઝડપી પાડ્યું છે.

એટીએસ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર મધ્યપ્રદેશના જાંબુઆનો શિવમ નામનો શખ્સ પોતાના કબ્જામાં ગેરકાયદેસર પિસ્ટલ અને કારતુસનો જથ્થો રાખી તા. ૨૫ એપ્રિલના રોજ બપોરે ચાર વાગ્યાં આસપાસ અમદાવાદના નારોલ બ્રિજના પૂર્વ છેડે ફૂટપાથ ઉપર આવીને ચોટીલાના મનોજ ચૌહાણને ડિલિવરી આપવા આવવાનો હોય તેવી સચોટ બાતમી એટીએસના ડીવાયએસપી હિમાંશુ ઉપાધ્યાયને મળી હતી.

(અનુ. આઠમા પાને)

### કોની પાસેથી કેટલા હથિયાર ઝડપાયા?

મુખ્ય સૂત્રધાર શિવમ ઈંદરસીંગ ડામોર પાસેથી ૫ પિસ્ટલ અને ૨૦ કાર્ટિસ, પ્રવીણ ધર્મેન્દ્ર શ્રીવાસ પાસેથી ૩ પિસ્ટલ, સંજય દુદા મેર પાસેથી ૪ પિસ્ટલ અને ૧૦ કાર્ટિસ, રાજુ જયંતિ સરવૈયા પાસેથી ૩ હથિયાર, વિપુલ વેલા સાનિયા પાસેથી ૬ હથિયાર અને ૬૦ કાર્ટિસ, મનોજ ગીરીશભાઈ ચૌહાણ પાસેથી ૪ પિસ્ટલનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે.

### હથિયાર સપ્લાયના રેકેટમાં ઝડપાયેલા સોદાગરો

હથિયાર સપ્લાયના રેકેટમાં મૂળ મધ્યપ્રદેશના જાંબુઆના ભોજકા ગામનો વતની શિવમ ઉર્ફે શિવા ઈંદરસીંગ ડામોર(ઉ.વ.૨૬) મુખ્ય સૂત્રધાર છે. આ ઉપરાંત પ્રવીણ ધર્મેન્દ્ર શ્રીવાસ (ઉ.વ.૨૩) રહે પીસી સીટીનગર, ઈન્દોર, મધ્યપ્રદેશ, રાજકોટ મના લોઠડાં ગામે રહેતો સંજય દુદાભાઈ મેર(ઉ.વ.૨૩), રાજકોટના કોઠી કમ્પાઉન્ડ, જામટાવર ચોકમાં રહેતા રાજુ જ્યંતિભાઈ સરવૈયા, સુરેન્દ્રનગરના મુળી તાલુકાના વગડીયા ગામનો વિપુલ વેલાભાઈ સાનિયા(ઉ.વ. ૩૦) અને ચોટીલાનો મનોજ ગીરીશભાઈ ચૌહાણને ઝડપી લેવામાં આવ્યા છે.

### ...તો વોટ્સએપ ભારતમાં બંધ થઈ જશે!

# વોટ્સએપ ઉપયોગકર્તાની પ્રાઈવેસીમાં દખલગીરી ક્યારેય ચલાવી નહિ લઈઃ મેટા

## ચેટને ટ્રેસ કરવાની સાથે, પ્રથમ વખત સંદેશ ક્યાંથી અને કોને મોકલવામાં આવ્યો હતો તે વિગતો જાહેર કરવા સામે વોટ્સએપનો નનૈયોઃ દિલ્હી હાઈકોર્ટમાં ચાલી રહેલા પ્રકરણ ઉપર દેશભરની નજર

**અબતક, નવી દિલ્હી**

અત્યારે કરોડો લોકોની આદત બનેલું વોટ્સએપ ભારતમાં પોતાની સેકઆ બંધ કરવાની ચીમકી ઉચ્ચારી રહ્યું છે. કંપનીએ દિલ્હી હાઈકોર્ટને કહ્યું કે જો તેને મેસેજનું એન્ક્રિપ્શન તોડવાની ફરજ પાડવામાં આવશે તો તે ભારત છોડી દેશે.

વાસ્તવમાં, મેટા, વોટ્સએપ અને ફેસબુકના બે મોટા પ્લેટફોર્મે નવા સંશોધિત આઈટી નિયમો વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. કંપનીએ કોર્ટમાં કહ્યું કે નવા નિયમોના કારણે યુઝરની પ્રાઈવસી જોખમમાં આવી શકે છે. સરકારે આ માટે પ્લેટફોર્મની સલાહ પણ લીધી ન હતી.

એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન એ એક સંચાર પ્રણાલી છે જેમાં સંદેશ મોકલનાર અને સંદેશ પ્રાપ્ત કરનાર સિવાય કોઈ સામેલ નથી. કંપની પણ એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શનમાં યુઝર્સના મેસેજ જોઈ શકતી નથી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે ૨૦૨૧ના નવા સંશોધિત ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમોને પડકાર્યા છે. આ નિયમો હેઠળ, ચેટને ટ્રેસ કરવાની સાથે, વોટ્સએપે એ પણ શોધવાનું રહેશે કે પ્રથમ વખત સંદેશ ક્યાંથી અને કોને મોકલવામાં આવ્યો હતો.

અગાઉ, કેન્દ્ર સરકારે દિલ્હી હાઈકોર્ટને કહ્યું હતું કે વ્હોટ્સએપ અને ફેસબુક વેપાર અથવા વ્યવસાયિક હેતુઓ

(અનુ. આઠમા પાને)

### સુપ્રીમ પણ ઓફિશિયલ રીતે વોટ્સએપનો ઉપયોગ કરે છે!

ટેક્નોલોજીની મદદથી ભારતની સર્વોચ્ચ અદાલતે પણ ઝડપથી વિકસતા વિશ્વ સાથે તાલ મિલાવવાનું શરૂ કર્યું છે. હવે કેસની વિગતો વોટ્સએપ પર પણ શેર કરવામાં આવશે, જે આજકાલ વાતચીતનું મુખ્ય માધ્યમ બની ગયું છે. અહેવાલ મુજબ, સુપ્રીમ કોર્ટ હવે કેસની સૂચિ અને સૂચિબદ્ધ કેસ સાથે સંબંધિત માહિતી વકીલો સાથે વોટ્સએપ પર શેર કરશે. આ જાહેરાત ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ડીવાય ચંદ્રચુડે કરી છે અને આ ફેરફારને 'બિગ બેંગ' ગણાવ્યો છે. તેણે સુપ્રીમ કોર્ટનો સત્તાવાર વોટ્સએપ નંબર પણ શેર કર્યો અને કહ્યું કે આ નંબર પર કોઈ કોલ કરી શકાશે નહીં અને મેસેજ પણ મોકલી શકાશે નહીં. આ સુવિધા શરૂ કરતી વખતે, સીજેઆઈએ કહ્યું કે તે કામ કરવાની રીતમાં વ્યાપક પરિવર્તન લાવશે અને મોટા પાયે કાગળની બચત પણ કરશે.

### વિદેશમાં ભણવાનો ભાર વિદ્યાર્થીઓની જિંદગી રોળી રહ્યું છે

# કેનેડામાં તેજસ્વી વિદ્યાર્થીઓનું ''ભાવી'' ડ્રગ્સ બરબાદ કરી રહ્યું છે

## વિદેશ અભ્યાસ માટે કેનેડા, યુ.એસ, યુ.કે અને ઓસ્ટ્રેલિયા પ્રથમ પસંદગીઃ અભ્યાસ અર્થે મસમોટી લોનો લેવી પડે છે

**અબતક, નવીદિલ્હી**

હાલ વિદેશ અભ્યાસ અર્થે જનાર તેજસ્વી વિદ્યાર્થીઓની જિંદગી બરબાદ થઈ રહી છે કારણ કે હાલના તબક્કે વિદેશ અભ્યાસ માટે કેનેડા, યુ.એસ, યુ.કે અને ઓસ્ટ્રેલિયા પ્રથમ પસંદગી બની છે અને અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓએ ખૂબ મોટી લોન આશરે ૨૦ થી ૪૦ લાખની લેવી પડે છે પરંતુ હાલ કેનેડામાં બેરોજગારીનું પ્રમાણ હોવાના પગલે ઘણા પ્રશ્નો ઊભા થયા છે અને તેઓ લીધેલી લોનની ભરપાઈ પણ કરી શકતા નથી અને પરિણામ સ્વરૂપે આ તેજસ્વી વિદ્યાર્થીઓ ડ્રગ્સના રવાડે ચડી જાય છે. આ પ્રકારની એક નહીં અનેક ફરિયાદો વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહી છે જેમાં ગુજરાન ચલાવવામાં પણ ફાફા પડે છે અને અંતે ઉછીના ઉધારા કરી આ જ વિદ્યાર્થીઓએ ડ્રગ્સના આદિ બની રહ્યા છે.

માત્ર કેનેડા જ નહીં પરંતુ આ તમામ મોટા દેશોમાં ક્યાંકને ક્યાંક આ પ્રકારની જ સ્થિતિ જોવા મળે છે. જ્યારે આગળ વધવું મુશ્કેલ બને છે, ત્યારે ઘણા યુવાન સ્વપ્ન જોનારાઓનું જીવન બરબાદ થઈ જાય છે. શિક્ષણ અને નોકરીની શોધમાં કેનેડા ગયેલા ભારતના વિવિધ પ્રદેશોના ઘણા વિદ્યાર્થીઓ સાથે આવું જ બન્યું છે. કેનેડા સ્થિત કાઉન્સેલર્સના જણાવ્યા

(અનુ. આઠમા પાને)

# પ્લાસ્ટિક પ્રદૂષણના ભરડામાંથી વિશ્વ મુક્ત થઈ શકશે?

## આ સમસ્યાને લઈને ઐતિહાસિક સંધિ અંગે ચર્ચા કરવા કેનેડાની રાજધાની ઓટ્ટાવામાં વિશ્વભરના નેતાઓ એકઠા થયા



**અબતક, નવી દિલ્હી**

પ્લાસ્ટિક પ્રદૂષણ પરની ઐતિહાસિક સંધિ અંગે ચર્ચા કરવા કેનેડાની રાજધાની ઓટ્ટાવામાં વિશ્વભરના નેતાઓ એકઠા થયા છે. આ સંધિનો હેતુ સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિકના વધતા પ્રદૂષણને ઘટાડવાનો છે. આ સંધિને વર્ષના અંત સુધીમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવે તેવી અપેક્ષા છે. આ બેઠકની અધ્યક્ષતા કરી રહેલા લુઈસ વોસ વાલ્દિવિસોએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે દેશો આ મુદ્દે સમજૂતી પર પહોંચવા માટે એકસાથે આવશે.

એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ સંધિ આબોહવા પરિવર્તન સાથે કામ કરવા માટે ૨૦૧૫ ના પેરિસ કરાર જેટલી અસરકારક સાબિત થઈ શકે છે. નોંધનીય છે કે બર્કલે નેશનલ લેબોરેટરીએ ગયા અઠવાડિયે એક રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં પ્લાસ્ટિકના કારણે વધતા ઉત્સર્જન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ અહેવાલ મુજબ, પ્લાસ્ટિકના ઉત્પાદનને કારણે ૨૦૧૯માં ૨.૨૪ ગીગાટન જેટલું કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન થયું હતું, જે ૨૦૧૯માં કુલ વૈશ્વિક ઉત્સર્જનના ૫.૩ ટકા જેટલું છે. રિપોર્ટમાં એવી પણ આશંકા છે કે જો આ સમસ્યા પર ધ્યાન આપવામાં નહીં આવે તો ૨૦૫૦ સુધીમાં આ વધતું ઉત્સર્જન ત્રણ ગણું વધીને ૬.૭૮ ગીગાટન થઈ શકે છે.

(અનુ. આઠમા પાને)

# ઈવીએમ- વિવિપેટની 100% ચકાસણીની જરૂર નથીઃ સુપ્રીમ

## વિવિપેટ વેરિફિકેશન હેઠળ લોકસભા મતવિસ્તારના દરેક વિધાનસભાના માત્ર પાંચ બુથના ઈવીએમ વોટ સાથે વિવિપેટ સ્લિપનું વેરિફિકેશન જ યથાવત રહેશેઃ ચૂંટણી પંચને રાહત

**અબતક, નવી દિલ્હી**

લોકસભા ચૂંટણીના બીજા તબક્કાના મતદાન વચ્ચે સુપ્રીમ કોર્ટે મહત્વનો નિર્ણય આપ્યો છે.સુપ્રીમ કોર્ટ ઓવીએમ અને વિવિપેટ ડેટાના ૧૦૦% મેચિંગની માંગ કરતી અરજીઓ પર પોતાનો ચુકાદો આપ્યો છે જેમાં જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે બે દિવસ પહેલા સુનાવણી પૂરી કર્યા બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. અને આજે ચુકાદો આપ્યો છે કે ૧૦૦ ટકા વેરિફિકેશનની જરૂર નથી.

વાસ્તવમાં, ચૂંટણી દરમિયાન ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન દ્વારા પડેલા મત સાથે વોટર-વેરીફાઈબલ પેપર ઓડિટ ટ્રેઈલ સ્લિપને મેચ કરવાની સૂચનાઓ માંગતી અનેક અરજીઓ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. કોર્ટે ૧૮ એપ્રિલે સુનાવણી પૂરી કરી અને ચુકાદો અનામત રાખ્યો. ત્યારબાદ થોડી વધુ માહિતી લીધા બાદ કોર્ટે બુધવારે બીજી વખત

(અનુ. આઠમા પાને)

# ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર ધીંગુ મતદાન

## બપોર સુધીમાં સરેરાશ ૫૦ ટકા જેટલું મતદાનઃ ત્રિપુરામાં સૌથી વધુ મતદાન

**અબતક, રાજકોટ**

લોકસભાની ચૂંટણીના બીજા તબક્કામાં આજે ૧૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૮૮ બેઠકો માટે મતદાન ચાલી રહ્યું છે. જેમાં બપોર સુધીમાં સરેરાશ ૫૦ ટકા જેટલું મતદાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. મતદાનની ટકાવારી ઉંચી રહે તેવું લાગી રહ્યું છે. ત્રીજા તબક્કામાં હવે ૭મી મેના રોજ મતદાન યોજાશે.

આજે અલગ-અલગ ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૮૮ લોકસભા બેઠક માટે મતદાન થઈ રહ્યું છે. જેમાં બપોરે ૧:૦૦ વાગ્યા સુધીમાં ત્રિપુરામાં ૫૪.૪૭ ટકા, પશ્ચિમ બંગાળમાં ૪૭.૨૯ ટકા, છત્તીસગઢમાં ૫૩ ટકા, મણીપુરમાં ૫૪.૨૬ ટકા, મધ્યપ્રદેશમાં ૩૯ ટકા, કેરળમાં ૩૯.૨૬ ટકા, રાજસ્થાનમાં ૪૦.૩૯ ટકા, ઉત્તરપ્રદેશમાં ૩૫.૩૭ ટકા, કર્ણાટકમાં ૩૪.૨૩ ટકા, જમ્મુ-કાશ્મિરમાં ૪૨.૨૮ ટકા, આસામમાં ૪૬.૩૧ ટકા, બિહારમાં ૩૩.૮૦ ટકા, મહારાષ્ટ્રમાં ૩૧.૭૭ ટકા મતદાન થયું છે. બપોર સુધીમાં સરેરાશ ૫૦ ટકા જેવું મતદાન થયું છે. જે ટકાવારી સાંજ સુધીમાં ૭૦ ટકા સુધી પહોંચવાનો અંદાજ જણાઈ રહ્યો છે.



તૃણમૂલ કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે કેન્દ્રીય દળો બંગાળની બે લોકસભા સીટ બાલુરઘાટ અને રાયગંજમાં મહિલાઓને મતદાન કરવાથી રોકી રહ્યા છે. બાલુરઘાટમાં બંગાળ ભાજપના અધ્યક્ષ સુકાંત મજુમદાર અને તૃણમૂલ કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. બીજા તબક્કામાં લોકસભા સ્પીકર ઓમ બિરલા, ૫ કેન્દ્રીય મંત્રીઓ, ૨ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ૩ ફિલ્મ સ્ટાર મેદાનમાં છે. આ સિવાય રાહુલ ગાંધી, શશિ થરૂર અને હેમા માલિનીની સીટો પર પણ વોટિંગ થઈ રહ્યું છે. આઉટર મણિપુરના કેટલાક ભાગોમાં આજે ફરી મતદાન થઈ રહ્યું છે. ચૂંટણી પંચે આ બેઠક માટે બે તબક્કામાં ચૂંટણીની જાહેરાત કરી હતી.

૨૦૧૯ માં, બીજેપીએ બીજા તબક્કામાં સૌથી વધુ ૫૦ સીટો જીતી હતી અને એનડીએ સાથીઓએ ૮ સીટો જીતી હતી. કોંગ્રેસને ૨૧ બેઠકો મળી હતી. અન્યને ૯ બેઠકો મળી હતી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર બીજા તબક્કામાં ૧,૧૯૮ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૧,૦૯૭ પુરૂષ અને ૧૦૦ મહિલા ઉમેદવારો છે. એક ઉમેદવાર ત્રીજા લિંગનો છે. અગાઉ ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું. આજ પછી ૫ તબક્કાનું મતદાન ૧ જૂન સુધીમાં પૂર્ણ થશે. આ પછી પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવશે.

# રાજકોટ રેલવે સ્ટેશન વર્લ્ડ કલાસ બનશેઃ અશ્વિની વૈષ્ણવ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા યોજાયો કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ વિકસીત ભારત સંવાદ

## એમ.એસ.એમ.ઈ. ક્રેડીટની સમસ્યાને નાણાંમંત્રી નિર્મલા સીતારામનને રજૂઆતો કરવાની આપી ખાતરી




તસવીરઃ શૈલેષ વાડોલિયા



### રાજકોટથી અમદાવાદની મુસાફરી સવા બે કલાકમાં થઇ શકશે


**અબતક, રાજકોટ**

રાજકોટ : રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સનાં અધ્યક્ષ વી. પી. વૈષ્ણવ, રાજકોટ લોકસભા બેઠકનાં ભારતીય જનતા પક્ષના ઉમેદવાર પરશોતમ રૂપાલા અને કેન્દ્રીય રેલ તેમજ આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ સંવાદ કાર્યક્રમ અંતર્ગત રાજકોટમાં મહત્ત્વની ચર્ચા કરતાં જોવા મળ્યાં હતાં. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ અધ્યક્ષ વી. પી. વૈષ્ણવે સંવાદ દરમિયાન જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૨૫૪ પ્રશ્નો મંત્રી અશ્વિની વૈષ્ણવને રજુ કરવામાં આવ્યા છે. કવચ સુરક્ષાએ રેલ્વેમાં અકસ્માતો ઘટાડવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. રેલવે ગમે ત્યાં દોડાવો પણ એ રેલગાડીની કનેક્ટિવેટિ સૌરાષ્ટ્રનાં પાટનગર સમા રાજકોટને આપો. સરકારની ગતિ સાથે હવે ચેમ્બરે પણ વેપાર-વાણિજયના પ્રશ્નોને વાચા આપવા ગતિમાં આવવું પડશે. તો કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે પણ સંવાદ દરમિયાન મહત્વની બાબતો પર પ્રકાશ પાડ્યો હતો. આ ભારત દેશ જે થોડી શતાબ્દીઓ પહેલાં એક વૈશ્વિક તાકાત તરીકે જોવામાં આવતું હતું એનો એવો સમયકાળ આવ્યો એ ગુલામીકાળ હતો ૧૯૪૭ પછી જે સરકારો આવી ખાસ કરીને ૪ દશક ૧૯૫૦ થી ૧૯૯૦ એ સમાયકાળે ભારતની ઊર્જા ખતમ કરી નાખી હતી.લાઈસેન્સરાજ હતું ઉત્પાદન વધારવા માટે સત્તાધીશો પાસે પરવાનગીઓ લેવી પડતી હતી.





ત્યારબાદ અટલ વાજપેયીજીની સરકારમાં થોડું પરિવર્તન આવ્યું પણ પાછલા દસ વર્ષમાં ભારત આર્થિક રીતે ખુબ પાછળ રહ્યું.



૨૦૧૪થી નરેન્દ્ર મોદીએ સુકાન સંભાળતા ૨૦૦૪ થી ૨૦૧૪ દરમ્યાન વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આપણે જે ૧૧માં ક્રમે રહ્યા, તે હવે આપણે વિશ્વની પાંચમી અર્થવ્યવસ્થા બન્યાં.મોદીએ ટેકનોલોજી અને વહીવટી દષ્ટિકોણ વાપરી નાણાકીય ક્ષેત્રે અને ઉત્પાદન ક્ષેત્રે બહુ મોટા ફેરફારો આદર્યા. આજે મોદીજીની મહેનતને કારણે ભારત વિશ્વની પાંચમી અર્થવ્યવસ્થા બન્યું છે. ઔધોગિક રોકાણની દષ્ટિએ બહુ મોટો બદલાવ આવ્યો છે અને ઘણા ઔધોગિક ક્ષેત્રે તેજી આવી અને આવનારા વર્ષોમાં આનું પરિણામ સારું જ રહેશે. મોટું વિચારવા માટે મોદીએ એક પ્રકારે પ્રેરણા આપી, વંદે ભારતની યોજના સમયે એ ટ્રેન આત્મનિર્ભર ભારતમાંથી મેઈડ ઈન ઈન્ડિયાનાં લેબલવાળી ટ્રેન જ હોવી જોઈએ તેવો મોદીજીએ આગ્રહ પણ રાખ્યો અને એ વાતને વળગી માણ રહ્યા અને અનુસર્યુંભવિષ્યનાં ભારતનાં પાયા આજે નખાઈ રહ્યા છે, વિકસિત ભારતની આગામી ૧૦૦ દિવસની બ્લ્યુ ૪પ્રિન્ટ પણ તૈયાર થઈ ચૂકી છે વિકાસનો નવો નારો છે ૨૪ ટુ ૭ ફોર ૨૦૪૭ અને ભારત એ દિશામાં કામ કરી રહ્યું છે આજે દરરોજ ૧૫ કિલોમીટર નવી રેલવે લાઈન ભારતમાં નખાઈ રહી છે, જે અંદાજે વર્ષની ૫,૦૦૦ કિલોમીટરથી પણ વધુ થાય છે આ યોજના અંતર્ગત રાજકોટ, પડધરી, ભકિતનગર અને વાંકાનેર રેલ્વે સ્ટેશનના નવીનીકરણનું પણ કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. રાજકોટથી કાનાલુસનાં ટ્રેકનું (અનુ. આઠમા પાને)

# સેન્સરમાં ગડબડઃ શહેરમાં બે સ્થળોના તાપમાનમાં ૮ ડિગ્રીનો તફાવત!

## ગાઢ ગ્રીનરી ધરાવતા પ્રદ્યુમન પાર્કનું તાપમાન ૪૧ ડિગ્રી તો સતત ટ્રાફિકથી ધમધમતા ત્રિકોણ બાગનું તાપમાન માત્ર 33 ડિગ્રી નોંધાયુંઃ અમૂક સ્થળોએ બપોરે ૧:30 કરતા ચાર વાગ્યાનું તાપમાન ઓછું નોંધાતા ભારે આશ્ચર્ય


**અબતક, રાજકોટ**

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં મહત્તમ તાપમાન, એર કવોલીટી ઇન્ડેકસ, યુ.વી. ઇન્ડેકસ, પી.પી.બી., પી.પી.એમ. સહિતની ચોક્કસ માહિતી મળી રહે તે માટે કોર્પોરેશન દ્વારા સેન્સર મૂકવામાં આવ્યા છે. જેમાં મોટી ગડબડ હોવાનું બહાર આવી રહ્યું છે. એક જ દિવસે અને એક જ સમયે શહેરના બે અલગ-અલગ વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં આઠ ડિગ્રી



જેટલો મોટો તફાવત જોવા મળી રહ્યો છે. બીજી તરફ સામાન્ય રીતે બપોરે ૧:30 કલાકની સરખામણીએ ચાર કલાકે તાપમાન વધુ નોંધાતું હોય છે. પરંતુ કોર્પોરેશનના સેન્સરમાં અમૂક સ્થળે ચાર કલાક કરતા ૧:30નું તાપમાન વધુ નોંધાયું હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. હાલ સેન્સર અપગ્રેશન કરવાની કામગીરી ચાલું છે. જે સંતોષકારક થતી ન હોવાનું પણ રિપોર્ટ પરથી પ્રસ્થાપિત થાય છે.

સામાન્ય રીતે સતત ટ્રાફિકથી ધમધમતા સર્કલ કે રાજમાર્ગ પર તાપમાનનો પારો ઉંચો રહેતો હોય છે અને ગ્રીનરી હોય તેવા વિસ્તારમાં તાપમાન નીચું નોંધાતું હોય છે. પરંતુ કોર્પોરેશનના સેન્સરો જાણે અવળી દિશામાં કામ કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે સતત ટ્રાફિકથી ધમધમતા એવા ત્રિકોણ બાગ ખાતે બપોરે ૧ કલાક અને ૨૩ મિનિટે તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. આ જ સમયે ગાઢ ગ્રીનરી ધરાવતા અને જ્યાં ટ્રાફિક ખૂબ જ નહિંવત હોય છે તેવા પ્રદ્યુમન પાર્કનું તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું. એક જ શહેરમાં ચારથી પાંચ કિલોમીટરની અંતર ધરાવતા બે વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં આઠ ડિગ્રીનો તફાવત હવામાન શાસ્ત્રીઓને ચકરાવે ચઢાવી તે તેવો છે. આવું માત્ર એક વખત નહિં દિવસમાં બે વખત નોંધાયું છે. બપોરે ૪ કલાકે સામાન્ય રીતે (અનુ. આઠમા પાને)



### કોઠારિયા રોડ પર એર ક્વોલીટી ઈન્ડેક્સ પણ વધ્યું

શહેરના કોઠારિયા રોડ પર એર ક્વોલીટી ઈન્ડેક્સ માત્રા પણ ચિંતાજનક હદે વધી રહી છે. સામાન્ય રીતે એર ક્વોલીટી ઈન્ડેક્સ ૧૦૦ સુધી હોય તો તે જોખમી ગણાતો નથી. પરંતુ કોઠારિયા રોડ પર બપોરે ૧:૨૩ કલાકે એર ક્વોલીટી ઈન્ડેક્સ ૧૦૧ જયારે બપોરે ચાર કલાકે ૧૦૨ એ પહોંચી જવા પામ્યો હતો. આ ઉપરાંત ગ્રીનલેન્ડ ચોકડીએ પણ એર ક્વોલીટી ઈન્ડેક્સનું પ્રમાણ ૧૦૦ નોંધાયું હતું. જ્યારે આજી ડેમ ચોકડીએ ૯૦, અટિકા ફાટક ૬૪, જિલ્લા પંચાયત ચોકમાં ૬૦, મોરબી રોડ પર ૮૬, પ્રદ્યુમન પાર્કમાં સૌથી ઓછું ૨૫, રેસકોર્ષ ખાતે ૭૬, કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરીએ ૫૯, ઈસ્ટ ઝોન કચેરીએ ૯૨, સોરઠીયા વાડી સર્કલે ૭૬ અને ત્રિકોણ બાગ ખાતે ૮૦ નોંધાયું હતું.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થનમાં એનઆરઆઇની રવિવારે કાર રેલી

## અમદાવાદથી સુરત સુધી યોજાશે વિશાળ કાર રેલીઃ ૧૦૦ વધુ એનઆરઆઇ ભાગ લેશે



**અબતક, રાજકોટ**


લોકસભા ચૂંટણી અંતર્ગત વિદેશમાં રહેતા મૂળ ભારતીય નાગરીકો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સમર્થનમા કાર રેલી યોજશે. આગામી રવિવારે અમદાવાદ રિવરફ્રન્ટથી કાર રેલીનો પ્રારંભ થશે અને સુરત ખાતે રેલીનુ સમાપન થશે.

અંદાજે ૧૦૦ જેટલી કારમા એનઆરઆઈ અને એનઆરજી લોકો રેલીમા જોડાશે.

આ અંગે વધુ માહિતી આપતા દિગંત સોમપુરાએ જણાવ્યું કે, આગામી લોકસભા ચૂંટણીને લઈને ન માત્ર દેશમા પણ વિદેશમા વસતા ભારતીયોમા પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબ ફરી વડાપ્રધાન બને તેમ ઈચ્છી રહ્યા છે. આ વખતની લોકસભા ચૂંટણીમા વિદેશના નેતાઓની પણ નજર મંડરાયેલી છે. વિદેશમા રહેતા ભારતીયોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સમર્થનમા કાર રેલીનુ આયોજન કર્યુ છે. વિદેશના દેશોમા અમેરિકા,યુકે,ઓસ્ટ્રલીયામા કાર રેલી યોજાઈ હતી. આજે વિદેશમા રહેતા મૂળ ભારતીય લોકો દ્વારા આગામી ૨૮ એપ્રિલ ના રોજ અમદાવાદથી સુરત સુધી એક કાર રેલી યોજાશે. આ કાર રેલીમા ૧૦૦ જેટલી કારમા મૂળ ભારતીય કે જે વિદેશમા વસવાટ કરે છે તે લોકો જોડાશે છે.આ કાર રેલી અમદાવાદ (અનુ. આઠમા પાને)

# બ્રહ્મસમાજ પરિવારોનું કાલે સ્નેહમિલનઃ ઉમટી પડવા રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરિયાની હાંકલ

## બાલભવન ખાતે કાલે ૭ કલાકે યોજાશે બ્રહ્મ સમાજનું મહા સ્નેહમિલન



**અબતક, રાજકોટઃ** બ્રહ્મ સમાજ હમેંશા આઝાદીના સમયથી રાષ્ટ્રીયવાદી સમાજ રહ્યો છે. જયારે દેશના હિતની કોઈ વાત આવે ત્યારે બ્રહ્મસમાજ હમેંશા અગ્રેસર રહ્યો છે અત્યારે લોકસભા ચૂંટણીનું મહાપર્વ ઉજવાય રહ્યું છે ત્યારે લોકલાડીલા અને ગુજરાતના પનોતા પુત્ર એવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશનો વિકાસ કેમ થાય તેની સતત ચિંતા કરતા હોય તેમજ લોકસભામાં ત્રીજી વખત જઈ રહ્યા છે અને રાષ્ટ્રહિત જેમને હૃદયે વસેલું છે. એવા સમયે આપણે દેશના વિકાસમાં અગ્રેસર રહેવું જરૂરી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશને પ્રગતિના સર્વોચ્ચ શિખરે લઈ જતા હોય અને તે માટે સમગ્ર વિશ્વની નજર ભારત દેશ ઉપર મંડાયેલી હોય ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથ મજબુત કરવાની તાતી જરૂર છે. તે માટે સમગ્ર બ્રહ્મસમાજનું સ્નેહમિલન રાખેલ છે. જેથી રાજકોટ લોકસભા વિસ્તારમાં વસતા તમામ બ્રહ્મ સમાજના પરિવારોને કાલે શનિવારના સાંજે ૭-00 કલાકે બાલભવન, રેસકોર્સ, રાજકોટ ખાતે ઉમટી પડવા રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરિયા દ્વારા તમામ બ્રહ્મસમાજને હાર્દિક નિમંત્રણ છે.

# એક વર્ષમાં ૮૧.૫૦ લાખ શ્રધ્ધાળુઓએ દ્વારકાધીશના દર્શન કર્યા

## વર્ષ દરમિયાન અંદાજે ૨૩.૭૮ કરોડની રોકડ અર્પણ, આભૂષણો, ભેટની સંખ્યામાં વ્યાપક વધારો



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

યાત્રાધામ દ્વારકાના વિશ્વ પ્રસિધ્ધ દ્વારકાધીશ જગતમંદિરની ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં આશરે ૮૧.૫૦ લાખ જેટલા યાત્રીકોએ મુલાકાત લઈ દર્શન કર્યા હતા. તો વર્ષ દરમ્યાન અંદાજે ૨૩.૭૮ કરોડની રોકડ ભેટ સ્વરૂપે અર્પણ કરાઈ હતી. આભુષણોમાં આશરે ૧.૭૦ કિલો સોનું તથા ૫૦.૬૦ કિલો જેટલી ચાંદી ભાવિકો દ્વારા શ્રીજીના ચરણોમાં અર્પણ કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લાં દાયકામાં દ્વારકા યાત્રાધામમાં આવતા ભાવિકોની સંખ્યામાં તેમજ શિવરાજપુર બીચ તથા અન્ય ટુરીસ્ટ ડેસ્ટીનેશનના માળખાકીય વિકાસ સાથે સુવિધાસભર માહોલમાં તેમજ કુદરતી સૌંદર્યની સાથોસાથ મૌસમની મહેરબાની સમાન યાત્રાધામ દ્વારકા યાત્રીકો તથા સહેલાણીઓની પહેલી પસંદ બની ગયુ છે. જેથી ટુરીઝમના વિકાસની સાથોસાથ સમગ્ર ક્ષેત્રમાં મુલાકાતીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે.

### રિલાયન્સથી સંસદસભ્ય સુધીની સફર રાજાધિરાજને આભારી

રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગૃપ પ્રેસીડેન્ટ તથા રાજ્યસભાના સાંસદ તેમજ દેવસ્થાન સમિતિના પૂર્વ ઉપાધ્યક્ષ પરિમલભાઈ નથવાણી આજે દ્વારકાની મુલાકાતે આવેલ અને સૌપ્રથમ જગતમંદિરમાં કાળિયા ઠાકોરને શિશ જુકાવી ઠાકોરજીની પાદુકાનું પૂજન કરી ધન્યતા અનુભવેલ. આ પ્રસંગે પરીમલભાઈએ પત્રકારોને માહિતી આપતા જણાવેલ કે રીલાયન્સના ગૃપ પ્રેસીડેન્ટન્ટથી લઈને સંસદસભ્ય સુધીની સફર દ્વારકાધીશજીને આભારી છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમુદ્રમાં ડુબેલી પ્રાચીન દ્વારકાનો અભ્યાસ કર્યો અને દ્વારકાના વિકાસ પ્રત્યે મોદીજીનું જે સપનું છે તે આપણે સાથે મળીને પૂર્ણ કરવાનું છે.

આ તકે સાંસદ પરીમલભાઈએ પત્રકારો સમક્ષ વાતચીત કરતા જણાવેલ કે અગાઉ મે પંદર વર્ષ સુધી દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ તરીકે સેવાઓ આપેલ અને દ્વારકાધીશ મંદિરમાં સેવા આપવાનો અવસર મળવા બદલ તથા હાલમાં મારી જગ્યાએ મારા પુત્ર ધનરાજને આ સેવાનો મોકો મળવા બદલ પરીમલભાઈએ દ્વારકાધીશનો આભાર માન્યો હતો. વધુમાં તેમણે જણાવેલ કે રીલાયન્સના ગૃપ પ્રેસીડેન્ટન્ટથી લઈને સંસદસભ્ય સુધીની સફર દ્વારકાધીશજીને આભારી છે અને તેમના જીવનની સફળતાનો શ્રેય તેમણે રાજાધિરાજ દ્વારકાધીશજીને આપ્યો હતો.

### શારદાપીઠમાં શંકરાચાર્યજીના આશિર્વાદ લીધા



દ્વારકાધીશના દર્શન કર્યા બાદ પરીમલભાઈ નથવાણીએ દ્વારકા શારદાપીઠની મુલાકાત લઈ જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના આશિર્વાદ પ્રાપ્ત કરી વિચારગોષ્ઠી કરેલ.

# આર.કે. યુનિ.ના ગ્રંથાલય દ્વારા પુસ્તક દિનની ઉજવણી

## ડ્રોઈંગ કોમ્પિટીશનમાં વિજેતા સ્પર્ધકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા




**અબતક,રાજકોટ**

સમગ્ર વિશ્વમાં ૨૩ એપ્રીલના દિવસે વિશ્વ પુસ્તક દિવસ અને વિશ્વ કોપીરાઈટ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આર કે. યુનીવર્સીટી ગ્રંથાલયો દ્વારા પણ ૨૩ એપ્રિલ ના દિવસે અલગ અલગ ઈવેન્ટ અને કાર્યક્રમો દ્વારા વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્કુલ ઓફ એન્જીન્યરીંગ દ્વારા રીડીંગ મેરેથોન અને ઓફર હેન્ડ્સ ઓન એક્ટીવીટી - બુકમાર્ક્સ નું આયોજન કરવામાં આવ્યું હતું જયારે સ્કુલ ઓફ ફાર્મસી દ્વારા ઓનલાઈન ક્વિઝ કમ્પીટીશન અને ડીબેટ (હાર્ડકોપી અને ડીજીટલ રિસોર્સીસ) નું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સ્કુલ ઓફ ફીઝ્યોથેરાપી દ્વારા ડ્રોઈંગ કોમ્પીટીશન નું આયોજન કરવામાં આવ્યું હતું અને સ્કુલ ઓફ મેનેજમેન્ટ દ્વારા ગ્રંથાલય રીવ્યુ ટ્રી નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરેક ઈવેન્ટ માં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને દરેક ઈવેન્ટ માં વિનર થનાર વિદ્યાર્થીને પ્રાઈઝ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગ્રંથપાલ ડો. અશોક પરમાર ના માગદર્શન હેઠળ દરેક ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ દરેક ગ્રંથાલયના ગ્રંથપાલ નાજરીન



યુસુફી, નિવા ગોહિલ અને દ્રષ્ટિ રાયઠઠ્ઠા દ્વારા વિશ્વ પુસ્તક દિવસ ની ઉજવણી

(અનું. આઠમાં પાને)

# બેકીંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષામાં આર.સી.સી. બેંકના પ્રકાશ શંખાવલા સૌરાષ્ટ્રમાં અવ્વલ

**અબતક,રાજકોટ**

ગુજરાત અર્બન કો-ઓપરેટીવ બેંક ફેડરેશન અને કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી. અમદાવાદ સહઆયોજીત ગુજરાતની કો-ઓપરેટીવ બેંકના સીઈઓ, ડીજીએમ, એ.જી.એમ, સી.સી.ઓ, સહીતના એક્ઝીક્યુટીવ અને સિનીયર લેવલ સ્ટાફ મેમ્બર માટે



સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવેલ. વિવિધ વિષયો ઉપર સપ્તાહના દર શુક્રવારે ઓનલાઈન દસ રાઉન્ડ રાખવામાં આવેલ જે તા. ૧૯થી પ્રારંભ થઈ તા. ૨૨માર્ચ એ પૂર્ણ થયેલ. આશરે અઢી માસ(દશ સપ્તાહ) ચાલેલ સ્પર્ધાત્ક પરીક્ષામાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના વિવિધ માસ્ટર સરક્યુલર-ડિરેકશન, લોન્સ એન્ડ એડવાન્સીસ, રૂપી ડિપોઝીટ અને ઈન્ટરેસ્ટ રેઈટ ફ્રેમવર્ક, ઈન્વેસ્ટમેન્ટ, સીઆરઆર, એસ.એલ.આર લિકવીડીટી, શેર કેપીટલ, બેલેન્સ શીટ અને એકાઉન્ટીંગ, હયુમન રીસોર્સ, ઈન્ટરનલ કન્ટ્રોલ, કસ્ટમર સર્વિસ અને સેઈફ ડિપોઝીટ લોકર, સાયબર સિકયુરીટી ફોર બેંક, વેરીયસ ટાઈપ ઓફ રીસ્ક મેનેજમેન્ટ/મીટીગેશન તથા જનરલ બેંકીંગ, મરણોતર કલેઈમ, રીકવરી, લીગલ, બેંકીંગ રેગ્યુલેશન એકટ, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એકટ, મલ્ટી સ્ટેટ કો-ઓપરેટીવ સોસાયટી એકટ, સિકયુરીટાઈઝેશન એકટ, પીએમએલ એકટ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ જેવા કો-ઓપરેટીવ બેંકોને લાગુ કાયદાઓના વિષયોને સમાવિષ્ટ કરવામાં આવેલ. જેમાં ગુજરાતની ૨૧૪ કો-ઓપરેટીવ બેંકોના સિનીયર લેવલ

(અનું. આઠમાં પાને)

# ગ્રામ વિકાસ એજન્સી દ્વારા યોજાયો મતદાન જાગૃતિ કાર્યક્રમ

## સ્વ. સહાય જુથની બહેનો દ્વારા રંગોળી, મહેંદી દ્વારા મતાધિકારનો સંદેશ અપાયો




**અબતક, રાજકોટ**

ગ્રામીણ મતદાર મહિલાઓ આગળ આવે અને લોકશાહીના પર્વમાં સામેલ થાય તે માટે મતદાતા જાગૃતિની પહેલમાં બહેનો પણ સહભાગી બની રહી છે.

રાજકોટ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, રાજકોટ દ્વારા સ્વસહાય જૂથોના, ગ્રામ સંગઠનના, કલસ્ટર લેવલ ફેડરેશનના મહિલા સભ્યો દ્વારા આગામી લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

મહિલાઓ દ્વારા સમુહમાં રંગોળી, મહેંદી દ્વારા 'મારો મતમારો અધિકાર', 'મારો મત કિંમતી' સહિતના સંદેશા થકી ''મતદાન જાગૃતિ કાર્યક્રમ એન.આર.એલ.એમ. યોજના દ્વારા કરવામાં આવેલા હતાં .

આગામીતા. ૭મેના રોજ રાજ્યભરમાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪નું મતદાન થવા જઈ રહ્યું છે.

ત્યારે જિલ્લા પ્રશાસન દ્વારા લોકજાગૃતિ થકી બહેનો પણ મોટી સંખ્યામાં મતદાન માટે જોડાઈ સશક્ત રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન પૂરું પાડશે.

# કોટક સ્કૂલની વિદ્યાર્થીનીઓએ 'નુકકડ' નાટકના માધ્યમથી આપ્યો મતદાન જાગૃતિનો સંદેશ

**અબતક,રાજકોટ**

ગુજરાત રાજ્યમાં આગામી તા.૭મી મે-૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે દેશના મહાપર્વમાં પોતાનું યોગદાન આપવા મતદાન કરવું અનિવાર્ય છે. રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમો અને મતદાર જાગૃતિ સંદેશ માટે વિશિષ્ટ નવતર પહેલ હાથ ધરી લોકોને પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત મતદાર નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારી , રાજકોટ શહેર-૨ સુશ્રી નિશા (ઈંઅજ) ના માર્ગદર્શન હેઠળ ૬૯- રાજકોટ પશ્ચિમ વિધાનસભામાં જૂની કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ રાજકોટ ખાતે કોટક કન્યા વિનય મંદિરની વિદ્યાર્થીનીઓ દ્વારા નુક્કડ નાટકના માધ્યમથી ''મતદાર જાગૃતિ'' કાર્યક્રમ




યોજવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીનીઓએ મતદાન જાગૃતિ સંદેશ પાઠવતુ પ્રેરણાત્મક નાટક પ્રસ્તુત કરી નાગરિકોને મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. મનોરંજન સાથે તેમણે અવશ્ય મતદાન કરવા અને કરાવવા માટે તમામને હાકલ કરી હતી તથા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ નાગરિકોને મતદાન અવશ્ય કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીનીઓએ સ્વયં પણ સ્માર્ટ વોટર સેલ્ફી પોઈન્ટ પરથી સેલ્ફી લઈ અન્યોને પણ ચોક્કસ મતદાન કરવા પ્રેરણા આપી હતી તેમ અધિક કલેકટર તથા સ્વીપના નોડલ અધિકારીશ્રી જિજ્ઞાસાબેન ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# સમસ્ત મોઢ વણિક જ્ઞાતિ બંધુએ ભકિત સંધ્યા અને નાત જમણનો લ્હાવો



## પ્રથમ 300 પરિવારને એક વિશેષ ભેટ આપવામાં આવી

**અબતક, રાજકોટ**

તાજેતરમાં સમસ્ત મોઢ વણિક જ્ઞાતિ રાજકોટ દ્વારા શ્રીરામ નવમીના પારણા ઉત્સવ નીમીતે સમગ્ર મોઢ વણિક જ્ઞાતિનો નાત જમણવારનું આયોજન બાલભવન રેસકોર્ષ ખાતે આયોજન કરવામાં આવેલ. સમગ્ર મોઢ વણિક જ્ઞાતિજનોને નાત જમણવારમાં પ્રસાદ લેવા સહપરિવાર ઉત્સાહભેર જોડાયેલ.

ઉપરોકત રામ નવમી પારણા ઉત્સવ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ પદે રાજકોટ શહેર ભાજપના પ્રમુખ મોઢવણીક જ્ઞાતિ અગ્રણી મુકેશભાઈ દોશી, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ધારૈયા, રમેશભાઈ જીવાણી, કીરીટભાઈ પટેલ, અરવિંદભાઈ શાહ, શૈલેશભાઈ શાહ, બીમલભાઈ કલ્યાણી, સુનિલભાઈ મહેતા, ધર્મેન્દ્રભાઈ મહેતા, આશિષભાઈ પટેલ, દિવ્યાંગભાઈ શાહ, નિરવભાઈ સી. મણીયાર, હરેનભાઈ મહેતા, અમિતભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી ખાસ પ્રોત્સાહીત કરેલ. તે લોકોનું પુષ્પગુચ્છ અને કેશરી ખેસ અને શાલ ઓઢાડીને ઉષ્માભર્યુ સન્માન કરવામાં આવેલી. ઉપરોકત કાર્યક્રમ સફળ બનાવવામાં મોઢ

(અનું. આઠમાં પાને)

# ગાર્ડી વિદ્યાપીઠ દ્વારા સ્કીલ ડેવલોપમેન્ટ વર્કશોપમાં ૭૫થી વધુ વિદ્યાર્થીઓએ થયા સામેલ

## વર્કશોપમાં પર્સનાલીટી ડેવલોપમેન્ટ સ્કિલગેપ એનાલિસિસ, લીડર શીપ, ટીમ બિલ્ડીંગ, માર્કેટીંગ અને ઉદ્યોગ જેવા વિષયો પર કરાયા માહિતગાર






**અબતક,રાજકોટ**

ગાર્ડી વિદ્યાપીઠના એમ.બી.એ વિભાગ દર વર્ષે વિદ્યાર્થીઓના મૂલ્ય સંવર્ધન અને હિતમાં કારકિર્દીલક્ષી વર્કશોપના આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં આગામી સમયમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ માટે તા.૨૨ અને ૨૩ એપ્રિલ ના રોજ બે દિવસિય સ્કિલ ડેવલપમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નિઃશુલ્ક વર્કશોપમાં મુખ્યત્વે રાજકોટ, જામનગર, જૂનાગઢ તેમજ અન્ય જિલ્લામાંથી ૭૫ થી વધુ વિદ્યાર્થીઓએ આ ભાગ લીધો હતો.

કારકિર્દી માર્ગદર્શન અને પ્રોફેશનલ સ્કિલની વિદ્યાર્થીઓમાં વૃદ્ધિ થાય તેમ જ સર્વિસ સેક્ટરની જરૂરિયાત મુજબ સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ અભિગમ કેળવે તે માટે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં પર્સનાલિટી

(અનું. આઠમાં પાને)

# દીપ્તિનગરમાં મારામારીના ગુનામાં પિતા-પુત્ર સહિત ચારને સજા અને દંડ

## જૂના ઝઘડામાં યુવકને મારમાર્યો'તોઃ પ્રૌઢને ત્રણ વર્ષની અને પુત્ર સહિત ત્રણને ૧-વર્ષની કેદ

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા રોડ વિસ્તારમાં આવેલા દીપ્તિ નગરના બગીચામાં જૂની અદાવતમાં યુવક ઉપર હુમલો કરવાના ગુનાનો કેસ ચાલી જતા અદાલતે સૂત્રધારને ત્રણ વર્ષ અને અન્ય ત્રણ શખ્સોને એક વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા રોડ પર આનંદ નગર કોલોનીમાં રહેતા નરેન્દ્રભાઈ ભગવાનજીભાઈ ખુંવા નામનો યુવાન મિત્રો.સાથે દીપ્તિ નગરના બગીચામાં બેઠો હતો ત્યારે જૂની અદાવતમાં .તા.૧૭/૨/૧૩ ના રોજ કોઠારીયા રોડ પર આવેલા હુડકો ક્વાર્ટર માં રહેતો હિતેશ લાલજી ખેર, રાહુલ હિતેશ ખેર ,નેમિષ દેવેન્દ્ર ખેર અને વિરેન નરેન્દ્ર ઉનડકત એ ધોકા વડે માર માર્યા અંગેની ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે પિતા પુત્ર સહિત ચારેય શખ્સોની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા તપાસનીશ દ્વારા અદાલતમાં ચારસીટ રજૂ કરવામાં આવી હતિ બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી નજરે જોનાર સાહેબો તબીબ અને તપાસનીશને તપાસવામાં આવ્યા હતા. ફરિયાદીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ અને હાઈકોર્ટના ટાંકેલા ચુકાદા ને ધ્યાને લઈ આઠમાં અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.જી.શાહે આરોપી હિતેશ લાલજી ખેરને કલમ ૩૨૩ માં છ માસ અને ૧,૦૦૦ નો દંડ, કલમ૩૨૫ માં ત્રણ વર્ષની સજા અને ૫,૦૦૦ નો દંડ જ્યારે રાહુલ હિતેશ ખેર, નેમિસ દેવેન્દ્ર ખેર અને વિરેન્દ્ર નરેન્દ્ર ઉનડકરને કલમ ૩૨૫ માં એક વર્ષ ની સજા અને ૫,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ ડી.કે.શ્રીમાળી રોકાયા હતા

# મુંજકા સગીરાને હવસનો શિકાર બનાવનાર માસાને જીવે ત્યાં સુધી જેલ

## પત્નીનું મોતીયાનું ઓપરેશન કરાવ્યા આવ્યા ત્યારે ભત્રીજી ઉપર દુષ્કર્મ આચર્યુંઃ પીડિતાને ચાર લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેરના ભાગોળે આવેલા મુંજકા ગામે શ્રમિક પરિવારની સગીર વયની પુત્રી પર નજર બગાડી અને હવસનો શિકાર બનાવવાનો કેસ અદાલતમાં ચાલી જતાં ભોગ બનનારના સગા માસાને અંતિમ શ્વાસ સુધીની એટલે આજીવન કેદની સજા ફટકારતો કોર્ટએ હુકમ કર્યો છે.વધુ વિગત મુજબ શહેરના ભાગોળે આવેલા મુંજકા ગામ વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની માસુમ પુત્રીને હવસનો શિકાર બનાવ્યા અંગેની મહિલા પોલીસ મથકમાં ભાવનગર જિલ્લાના વલભીપુર ગામે રહેતો સગા માસા ધીરુ બીજલ વેગડ નામના શખ્સ સામે પીડીતાના માતાએ ગત તા. ૧૭/૦૫/૨૦૨૨ ના રોજ ફરિયાદ નોધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે પરિણીતાની વલભીપુર ગામે રહેતી બહેનને મોતિયો ઉતરાવવા માટે તેમના ઘરે મુંજકાઆવેલી અને તેમની સાથે તેમનો પતિ ધીરુભાઈ બિજલભાઈ વેગડ પણ આવેલો હતો.

પરિણીતાનો પરિવાર ઘરે ન હોય, પરણીતાની સગીર વયની પુત્રી (ઉ. વ. ૧૫ વર્ષ, ૬ માસ) ઘરે હતી ત્યારે ભાવનગર જિલ્લાના વલ્લભીપુર ગામે રહેતો સગા માસા ધીરુભાઈ બિજલભાઈ વેગડ દુષ્કર્મ આચરયા અંગેની ફરિયાદ પીડિતાના માતાએ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી હતી. પોલીસે દુષ્કર્મ અને પોક્સોની કલમ હેઠળ ગુનો નોંધી આરોપી



ધીરુભાઈ બિજલભાઈ વેગડ (રહે. વલ્લભીપુર, જી. ભાવનગર )ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. તપાસનીશ દ્વારા આરોપી વિરુદ્ધ ગુન્હાને પૂરતો પુરાવો મળી આવતા પોકસો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી હતી. પોક્સો કોર્ટ માં કેસની સુનાવણી ચાલવા પર આવતા પ્રોસીક્યુશન દ્વારા આ કેસના ફરિયાદી અને સગીર વયની ભોગબનનારની કોર્ટમાં જુબાની લેવામાં આવેલી અને જુબાનીમાં તેઓએ બનાવની સંપૂર્ણ હકીકત જણાવી અને સમર્થન આપ્યું હતું .તેમજ પ્રોસીક્યુશન દ્વારા ડોક્ટર અને તપાસ કરનાર અધિકારીની સોગંદ ઉપરની જુબાની લેવામાં આવેલી હતી. તેઓની જુબાનીમાં તેઓએ કરેલ કાર્યવાહીની સંપૂર્ણ હકીકત જણાવેલ તેમજ સરકાર તરફે સરકારી વકીલએ દલીલ કરેલી કે આરોપી સામે સમાજ વિરોધી ગંભીર ગુનો છે. અને આરોપી ભોગબનનારનો સગો માસા થાય છે. આવા આરોપીના કૃત્યો સમાજની દષ્ટિએ તેમજ કાયદાની દષ્ટિએ ખૂબ જ હીન કક્ષાનું કહેવાય. પ્રોસીક્યુશન તરફે આરોપી સામેનો કેસ પુરવાર કરેલો છે. જ્યારે આરોપી સામેનો કેસ પુરવાર થતો હોય ત્યારે આરોપીને સખતમાં સખત સજા કરવાની રજુઆત કરવામાં આવેલી હતી. સરકારી વકીલની દલીલ અને રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવા તેમજ સોંગંદ ઉપરની જુબનીઓને ધ્યાને લઈ પોકસો અદાલતના જજ જે. ડી. સુથારે આરોપી ધીરુ બિજલભાઈ વેગડને કુદરતી રીતે મૃત્યુ ન થાય એટલે કે અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજા તથા ભોગબનનારને ચાર લાખનું વળતર ચૂકવવાનો હુકમ કરેલો છે. આ કામે સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# સ્લમ ક્વાર્ટર વિસ્તારમાં મિત્રના ડખ્ખામાં સમજાવવા ગયેલાં યુવકને બે શખસોએ ઢીબી નાંખ્યો

## બેડીપરામાં જમીનનો પ્લોટ વેચવા બાબતોની માથાકૂટમાં ત્રણ શખસોનો યુવક પર હુમલો

**અબતક ,રાજકોટ**

શહેરમાં સ્લમ ક્વાર્ટર નજીક જુના ડખાનો ખાર રાખી બાઈક સાઈડમાં લેવા બાબતે મિત્રને થયેલા ઝઘડામાં સમજાવા ગયેલા યુવકને બે શખસો એ છરીના હાથા વડે માર માર્યાની ફરિયાદ એ ડિવિઝન પોલીસ મથકે નોંધાઇ છે.જ્યારે બેડીપરામાં જમીનનો પ્લોટ વેચવા બાબતેની માથાકૂટમાં ખાર રાખી ત્રણ શખસોએ યુવકની ધોલાઈ કરતા ઘવાયેલા યુવકે બી ડિવિઝન પોલીસ મથકમાં ત્રણ શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

જામનગર રોડ પર સ્લમ ક્વાર્ટર પાસે રહેતો પ્રશાંત ઉર્ફે ઘોઘો ઠાકોરભાઈ વાળોદરાએ એ.ડીવીઝન પોલીસ મથકમાં મોસીન મુનાફ જુણેજા અને તેની સાથેના અજાણ્યા શખ્સો સામે બોલાચાલી કરી ઝઘડો કરી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી માર માર્યાની ફરીયાદ નોંધાઈ છે. તેમાં તેણે જણાવ્યુ છે કે તે કાર લઈને મિત્ર આરીફ કઈડા સાથે પરાબજારમાં કેરી લેવા ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે શેરીમાં વચ્ચે પડેલા બાઈક સાઈડમાં લેવા બાબતે આરીફ અને મોસીન વચ્ચે બોલાચાલી થઈ હતી.આ ઝઘડો ઉગ્ર બનતા મોસીન અને આરીફ ઝઘડો કરવા લાગ્યા હતા. આથી પ્રશાંત મોસીનને સમજાવવા જતા જ્ઞાતી પ્રત્યે હડધૂત કરી તું આરીફ સાથે રખડે છે. તને પણ આજ મારવો છે. કહી મોસીન અને અજાણ્યા શખસો એ પ્રશાંત ને છરીના હાથા વડે માર મારતાં એ ડિવિઝન પોલીસ મથકે મોસીન જુણેજા અને અજાણ્યાં શખસો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મારામારીના બીજા બનાવમાં શહેરના બેડીપરા વિસ્તારમાં રહેતા નિલેશભાઈ ધીરુભાઈ ખીટ એ બી ડિવિઝન પોલીસ મથકે આરોપી તરીકે કાના અરજણ સિંધવ, હિરેન રાજુ સિંધવ અને કરણ શૈલેષ સિંધવ નું નામ આપ્યું છે જેમાં તેને જણાવ્યું છે કે તેમના ઘર પાસે જ મોટાબાપુ જીવણભાઈનો પ્લોટ આવેલો છે. જે પ્લોટ આરોપી પરિવાર પાણીનાં ભાવે માંગતા હોઈ ને નિલેશના બાપુને આ પ્લોટ વેચવો ના હોય છતાં તેઓ પાણીના ભાવે પ્લોટ માંગતા હોય એ બાબતે આરોપી પરિવાર સાથે માથાકૂટ ચાલતી હતી.જેનો ખાર રાખી ગત તા.૨૪ ના આરોપી કાના ભાઈના ભત્રીજાની ગાડી નિલેશ સાથે અથડાતા રહી જતા નિલેશ તેના ઘરે સમજાવવા ગયેલાં હતા જ્યાં આરોપી કાના સિંધવ ,હિરેન, શૈલેષ ભૂંડો ગાળો બોલી લોખંડના પાઈપ વડે મારમારતા ઘવાયેલા નિલેશને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જે બનાવની જાણ બી ડિવિઝન પોલીસ મથકને થતાં કાના, કરણ અને હિરેન સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સનસિટી એપાર્ટમેન્ટ નજીક મહિલા તબીબને સાસરિયાઓનો સિતમ

## પતિ,સાસુ,નણંદ-નણંદોયા વિરુદ્ધ ઘરેલુ હિંસાની ફરિયાદ નોંધાવી

**અબતક,રાજકોટ**

શહેરના સાધુવાસવાણી રોડ નજીક આવેલા નંદ વિહાર એપાર્ટમેન્ટમાં રહેતા અને તબીબ તરીકે ખાનગી મેડિકલ કોલેજમાં ફરજ બજવતા જાનકીબેન સ્મિતભાઈ નાદપરાએ પતિ-સ્મિત દિનેશભાઈ નાદપરા, સાસુ-હંસાબેન,નણંદ-નણંદોયા પ્રિયા ચિરાગ અને નણંદના સાસુ- ભારતીબેન ફરિયાદીને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

ફરિયાદીએ પોલીસને જણાવ્યું કે તે ખાનગી મેડીકલ કોલેજ ખાતે લેકચરર તરીકે પ્રાઈવેટ નોકરી કરે છે. તેના લગ્ન ૨૦૨૩માં સ્મિત સાથે થયા હતાં. પતિ શાપરમાં પ્રાઈવેટ - કંપનીમાં ડીઝાઈનર તરીકે નોકરી કરવા ઉપરાંત અમર સેલ્સ એજન્સીના નામે કાકાજી સસરા સાથે ભાગીદારીમાં ખેતીવાડીનો હાર્ડવેરનો શો મરૂમ ચલાવે છે.

લગ્ન બાદ તે સંયુકત પરિવારમાં રહેવા ગયા હતા.પતિ ફોનમાં રૂબી નામની યુવતી સાથે મેસેજમાં વાતચીત કરતો હોય, તેણે પતિ સાથે આ બાબતે ઝઘડો કર્યો હતો. પરત રાજકોટ આવી તેણે અન્ય - પરિવારજનોને આ બાબતે વાત કરતાં તેમણે અમે સ્મીતને આવું ન કરવા સમજાવ્યું હતું' ત્યારબાદ સાસરીયાનું વર્તન બદલાઈ ગયું હતું. સાસુ ઘરકામ અને રસોઈ બાબતે ઝઘડાઓ કરતા હતા.એટલું જ નહીં 'તું તારા ઘરેથી કરીયાવરમાં કશું લાવી નથી,આ ઘરમાંથી નીકળી જા' મારે પુત્રવધૂ તરીકે જોઈતી નથી. તારે કલીનીક ચલાવવું હોય અને બીજી નોકરી કરવી હોય તો તારા પિતાના ઘરે જતી રહે, ત્યાં જઈને નોકરી કરજે તેમ કહી ઝઘડો કર્યો હતો.

નણંદ ઘરે આવીને સાસુને ચઢામણી કરતા હતા. જેના કારણે સાસુ વધુ ઝઘડાઓ કરતા હતા. આબાબતે સમાધાન કરવા પાંચેક મહિના પહેલા નણંદ પ્રિયાબેનના ઘરે વડીલોની બેઠક કરી હતી. આ સમયે નણંદ અને તેના સાસુ ભારતીબેન ઉગ્ર થઈ ગયા હતા અને તેના પિતાને 'તમારી દીકરી જાનકીને ઘરનું કોઈ કામ કરતા આવડતું નથી, જાનકીને કહો કે કલીનીક અને નોકરી પર જવાનું બંધ કરી દે' તેમ કહી તેને તારે હવે ઘરની બહાર નીકળવાનું નથી, ઘરની અંદર રહીને તમામ કામકાજ અને રસોઈ કરવાની છે તેમ કહ્યું હતું.આમ ફરિયાદીએ સાસરિયાં વિરૂધ્ધ માનસિક અને શારિરીક ત્રાસ આપતા હોવાની પોલીસ ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

# ચેક રિટર્ન કેસમાં નેન્સી ગ્રુપ ઓફ કંપનીના પ્રોપરાઈટરને દોઢ વર્ષની સજા

## ફાલ્કન પમ્સ પ્રા.લી.ને. ૬૦ દિવસમાં રૂા.૨૮.૭૭ લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

શહેરના ભાગોળે વાવડી ગામે ફાલ્કન પમ્સ પ્રા.લી.માંથી નેન્સી ગૃપ ઓફ કંપનીના પ્રોપરાઈટરે ઓથોરાઈઝડ ડીલર દરરજે ખરીદ કરેલ પંપ સેટની ચુકવણી માટે આપેલો રૂ.૧૯,૧૮,૬૨૦ નો ચેક પરત ફરવાના કેસમાં કોર્ટે નેન્સી ગૃપ ઓફ કંપનીના પ્રોપરાઈટરને દોઢ વર્ષની સજા અને ફાલ્કન પમ્સ પ્રા.લી.ને ૬૦ દિવસમાં રૂ.૨૮,૭૭,૯૩૦નું વળતર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સજાનો હુકમ ફરમાવ્યો છે.આ કેસની હકીકત મુજબ રાજકોટમાં આવેલી ફાલ્કન પમ્સ પ્રા.લી. માંથી નેન્સી ગૃપ ઓફ કંપનીના પ્રોપરાઈટર મહેશકુમાર પ્રેમજીભાઈ રાજકોટીયા ઓથોરાઈઝડ ડીલર તરીકે પંપ સેટ મંગાવી વેચાણ કરતા હતા. અને વર્ષ ૨૦૧૫ માં નેન્સી ગૃપ ઓફ કંપનીના પ્રોપરાઈટર મહેશકુમાર રાજકોટીયાએ ફાલ્કન પમ્સ પ્રા. લી.માંથી મંગાવેલ પંપ સેટની રકમની ચુકવણી માટે રૂ.૧૯,૧૮,૬૨૦ નો ચેક આપ્યો હતો જે ચેક વગર વસૂલાતે પરત ફર્યો હતો આ અંગે ફાલ્કન પમ્સ પ્રા.લી એ પોતાના એડવોકેટ મારફતે નેન્સી ગ્રુપ ઓફ કંપનીના પ્રોપાઈટર મહેશકુમાર રાજકોટીયાને ચેક પરત ફર્યા અંગે પાઠવેલી નોટીસ બજી જવા છતાં મહેશકુમાર રાજકોટીયાએ રકમની ચુકવણી નહીં કરતા ફાલ્કન પમ્સ પ્રા.લીએ કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષના વકીલોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષે રોકાયેલા એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ એડિશનલ સિનિયર સિવિલ જજ એ.પી.ડેરએ ચેક પરત ફરવાના કેસમાં નેન્સી ગ્રુપ ઓફ કંપનીના પ્રોપરાઈટર મહેશકુમાર રાજકોટીયાને દોઢ વર્ષની સજા અને ફાલ્કન પમ્સ પ્રા.લી.ને ૬૦ દિવસમાં રૂ.૨૮,૭૭,૯૩૦નું વળતર ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી ફાલ્કન પમ્સ પ્રા.લી. વતી ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કુરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, વિરમ ધ્રાંગીયા, નદિમ ધંધુકિયા, વિશાલ કૌશીક અને ભુમિકા નંદાણી રોકાયા હતા.

# એકિટવામાં વિદેશી દારૂની ડિલિવરી કરવા જતા દંપતી ઝડપાયુ

## ૪૬ નંગ દારૂ અને એક્ટિવા મળી રૂ.૭૪,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક,રાજકોટ**

શહેરના લક્ષ્મીનગર શેરી નં. ૧ ને ચામુંડા માતાજીના મંદિર નજીક જાહેરમાં નં. પ્લેટ વગરનું એક્ટિવા લઈને દારૂ નું વેચાણ કરતા આરોપી દંપતીને પોલીસે ધરપકડ કરી ૪૬ બોટલો સાથે રૂ. ૭૪,૬૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.પોલીસસૂત્રોમાંથી મળેલી બાતમીના આધારે માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડ. કોન્સ્ટેબલ ડી.પી બગડા અને સ્ટાફે લક્ષ્મીનગર શેરી નં. ૧ માં જાહેરમાં દારૂનું વેચાણ કરતા આરોપી દંપતીની ધરપકડ કરી. ધરપકડ દરમિયાન શહેરના આંબેડકર નગર શેરી નંબર ૧૪ મ રહેતા હિતેશ ભુપેન્દ્ર ચાવડા અને ભાનુ ભુપેન્દ્ર ચાવડા નામનું દંપતીની પોલીસે ધરપકડ કરી ૪૬ નંગ વિદેશી દારૂની સાથે એક્ટિવા સહિત રૂ. ૭૪,૬૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથધરી તપાસનો ધમધમાટ આદર્યો છે.

# કમળાપુર ગામે જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાનાં કમળાપુર ગામે આવેલા જાદાવા રોડ પર આવેલી વીરજીભાઈ તળશીભાઈની વાડી નજીક જુગાર રમાતો હોવાની બાતમી ભાડલા પોલીસને મળતા, જુગારનો દરોડો પાડી, જુગટું રમતા કમળાપુરનાં ધોહા ગાંડાભાઈ વાઘાણી, વિરજી તળશીભાઈ સરવૈયા, દાના ગોવિંદભાઈ પરમાર, ગાંડુ નારણભાઈ રામાણી અને મનસુખ શીવાભાઈ ઝીંઝુવાડીયા નામના શખ્સોને રૂ.ચાર હજારની રોકડ સાથે ભાડલા પોલીસની ટીમે ઝડપી લીધા છે.

# પ્રૌઢને મરવા મજબૂર કરનાર બે ભાઈના હાઈકોર્ટે કર્યા જામીન મંજૂર

## પુત્રે વ્યાજે લીધેલા નાણાંની પઠાણી ઉઘરાણી કરતા પિતાએ કર્યો આપઘાત

**અબતક, રાજકોટ**

વિછીંયાના કોટડા ગામે પુત્રએ વ્યાજે લીધેલા નાણાંની ધાક ધમકીથી પઠાણી ઉઘરાણી કરી પ્રૌઢ પિતાને મરવા મજબૂર કર્યાની ફરિયાદ અંગે નોંધાયેલા ગુનામાં સંડોવાયેલા બે ભરવાડ ભાઈઓની આગોતરા જામીનઅરજી ગુજરાત હાઈકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ અંગેની હકીકત મુજબ, વીંછિયા તાલુકાના કોટડા ગામે પિતા અશોકભાઈ કરસનભાઈ ગોહિલે ઝેરી દવા પીને આત્મહત્યા કર્યાના બનાવમાં પુત્ર હિતેશભાઈ અશોકભાઈ ગોહીલએ વિંછીયા પોલીસ સ્ટેશનમાં દેવા ખાંભલા, માત્રા હાડગરડા, ગોરા હાડગરડા, ધનજીભાઈ, સુરાભાઈ વકાતર, રણછોડભાઈ રબારી, ગુણુભાઈ બધા જ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી હતી, તેમાં પુત્ર (ફરિયાદી પોતે) હિતેશે ઉપરોક્ત સાથે આરોપીઓ પાસેથી મળીને કુલ રૂા.૧.૫૮ કરોડ વ્યાજેથી લીધેલ હતા ત્યારબાદ આ લોકો મુડી તથા વ્યાજની પઠાણી ઉઘરાણી કરતા હતા. ફરિયાદી અશોક ગામ મુકીને બે માસથી જતો રહ્યો હતો, પરંતુ ઉપરોક્ત લેણદાર આરોપીઓએ ફરીયાદીના પિતા પાસે રકમની પઠાણી ઉઘરાણી ચાલુ કરી હાથ-પગ ભાંગી નાખવાની ધમકી આપતા હોય તેથી ફરીયાદી હિતેશના માતા-પિતાએ ઝેરી દવા પી લીધેલ અને સારવાર દરમ્યાન ફરીયાદીના પિતા અશોકભાઈ મૃત્યુ પામેલ તેના ખિસ્સામાંથી એક ચિઠી મળી આવેલ જેમાં ઉપરોકત આરોપીના ત્રાસના હિસાબે અંતિમ પગલું ભરેલ હોય અને વિગતવારની સુસાઈડ નોટ મળી આવેલ, જેના આધારે ઉપરોક્ત આરોપીઓ સામે ફરીયાદ નોંધાવી હોવાનું જણાવ્યું હતું. આ ફરિયાદના કામે ધરપકડથી બચવા ઉપરોક્ત સાત આરોપીઓ પૈકી ગોરા અરજણભાઈ હાડગરડા અને માત્રા અરજણભાઈ હાડગરડાએ સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી નામ મંજૂર થતા બંને આરોપી હાઈકોર્ટમાં ગયા હતા. ગુજરાત હાઈકોર્ટે આરોપીઓ વતી રોકાયેલા એડવોકેટ દ્વારા કરવામાં આવેલી રજુઆતો તેમજ વડી અદાલતના રજુ રાખેલ ચુકાદાઓને ધ્યાનમાં લઈ બંને આરોપી ભાઈઓને આગોતરા જામીન ઉપર મુકત કરતો હુકમ ફરમાવ્યો છે.આ કામમાં આરોપીઓ વતી એડવોકેટ જીજ્ઞેશ એમ. સભાડ, રણજીત બી. મકવાણા, તથા ગુજરાત હાઈકોર્ટમાં મેહુલ એસ. પાડલીયા રોકાયા હતા.


છઠ્ઠી માસિક પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલી



સ્વ.અલ્પાબેન વેલજીભાઈ શીશાંગીયા

સ્વ. તા. ૨૬-૧૦-૨૦૨૩ને ગુરૂવાર

આપની આ અણધારી વિદાય અમારા માટે એ આજીવન ખોટ છે કે જે કદાચ ક્યારેય નહીં પૂરી કરી શકાય. ભગવાન આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લી. આપની યાદમાં શોકાતુર....

વેલજીભાઈ પ્રેમજીભાઈ શીશાંગીયા

શૈલેષ વેલજીભાઈ શીશાંગીયા

શીશાંગીયા પરિવાર તેમજ સુરાણી પરિવાર (મોસાળ)ના જય શ્રી કૃષ્ણ


# બિલેશ્વર પાસે ટ્રેનની હડફેટે યુવકનું મોત

## શ્રમિકના મોતથી પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક,રાજકોટ**

હડમતીયા, બેડી નજીક બિલેશ્વર રેલવે સ્ટેશનએ ગત રાત્રિના એક યુવાનનું ટ્રેનની ઠોકરે આવી જતા કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અજાણ્યા યુવાનનું મોત થયાની જાણ થતાં કુવાડવા પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં ટ્રેનની હડફેટે મૃત્યુ પામનાર યુવાન દેવાભાઈ ધનાભાઈ રાઠોડ ( ઉ.વ. ૩૫ )હતું, જે રાજકોટમાં પારવડી ચોક પાસે એકાદ વર્ષથી રહેતો હતો. અને મૂળ રાણાવાવના અમરગઢનો વતની હતો. મૃતક બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતો. મૃતને સંતાનમાં એક પુત્રી છે. રાજકોટમાં રહી તે ડ્રાઈવિંગનું તરીકે કામ કરતો હતો. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરું છું કે મેં મારૂં નામ રોહીત ચિતરંજન વાઘા બદલી ને રોહીત ચિતરંજનભાઈ વાઘા કરેલ છે અને હવે પછી હું રોહીત ચિતરંજનભાઈ વાઘા તરીકે ઓળખાઈશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું : બ્લોક નં.૧૨, ઓમ એપાર્ટમેન્ટ, બાલમુકુંદ પ્લોટ નં.૪, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ. 360007ગુજરાત(ભારત)

**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

વોટર કુલર, પંખો અને પંપની જોગવાઈ

ટેન્ડર સૂચના નં: DRM/RJT/E-Tender/2024-2025/01(EL) Dt. 19.04.2024. ટેન્ડર નં. DRM/RJT/EL/2024-2025/01 (1) કામનું નામ: વિવિધ સ્થળોએ સોલર વોટર કુલર, એસપીએસએસ પંખો અને ઊર્જા કાર્યક્ષમ પંપની જોગવાઈ (2) અંદાજિત પડતરઃ ₹5,98,808/- (3) ઇએમડીઃ ખર્ચ ₹11,900/- (4) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમયઃ 20.05.2024 પર 15.00 કલાક સુધી. કાર્યાલયનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ 360001. વેબસાઈટ: www.ireps.gov.in RJT-009

અમને લાઈક કરો: facebook.com/WesternRly

આવતી કાલથી શુભારંભ

UNLIMITED SHOPPING – UNLIMITED FUN...

BALBHAVAN Presents VACATION Mela- 2024

તા. ૨૭ એપ્રીલ થી ૯ જુન સુધી સમયઃ સાંજે ૪ થી ૧૧

બાલભવન ગ્રાઉન્ડ, કિશાનપરા ચોક, રેસકોર્સ, રાજકોટ

૩૦૦ થી વધારે પ્રોડકટસના સ્ટોલ્સ

૨૦ થી વધારે રાઈડનો ખજાનો

મોજ-મસ્તી સાથે ખાણી, પીણીની ભવ્ય ઉજાણી

Organized by : ADHYASHAKTI GROUP

Channel-Media Partner : અબ તક CHANNEL

Supported By : GLOBAL PUBLICITY

SIMPLE

# ભાજપના સમર્થનમાં સમસ્ત વિશ્વકર્મા સમાજનું મહા સંમેલન તા.૧-૫-૨૪, બુધવાર ના રોજ કરવાનો નિર્ણય : સમગ્ર સમાજને ઉમટી પડવાની હાંકલ : નરેન્દ્રભાઇ સોલંકી



## શ્રી વિશ્વકર્મા પરિવારના કડિયા, સુતાર, લુહાર, સોની,દરજી જ્ઞાતિ તેમજ સમસ્ત પ્રજાપતિ, સતવારા વિગેરે સમાજ દ્વારા અદ્કેરા આયોજની તડામાર તૈયારીઓ ચાલુ

## હાસ્યની છોળો ઉડાડશે

કલાકાર : ધીરૂભાઇ સરવૈયા

વિશાલ વરૂ, રેખા વાળા અન્ય કલાકારો



**અબતક, રાજકોટ** નરેન્દ્ર મોદીના વડાપ્રધાન પદના શાસન કાળના યશસ્વી ૧૦ વર્ષ પૂર્ણ થયા બાદ નવી ટર્મને લઇને દેશભરમાં હાલ ચુંટણીરૂપી મહાપર્વની ઉજવણીઓ ચાલી રહી છે ત્યારે રાજકોટ શહેર માં પણ સમગ્ર વિશ્વકર્મા સમાજ દ્વારા આ રાષ્ટ્ર યજ્ઞમાં આહુતીઓ અર્પણ કરવાના હેતુથી તેમજ ભારતીય જનતા પાર્ટીના સમગ્ર ગુજરાતના તેમજ રાજકોટના સમર્થનમાં એક વિશાળ સ્નેહમીલન કાર્યક્રમનું અગામી તારીખ ૧-૫-૨૦૨૪, બુધવારના રોજ ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આ આયોજનને વધુમાં વધુ સફળ અને ભવ્ય બનાવવાના હેતુથી સમગ્ર વિશ્વકર્મા સમાજની વિવિધ જ્ઞાતિઓ દ્વારા એટલે કે શ્રી ગુ.ક્ષ. કડિયા, સુથાર, લુહાર, સોની, દરજી તેમજ સમસ્ત પ્રજાપતિ સમાજના દરેક ગોળ અને સતવારા સમાજના પ્રમુખશ્રીઓ અને આગેવાનશ્રીઓની એક ભવ્ય મીટીંગનું શ્રી જીવરાજ ફાર્મ હાઉસ, શ્રી જીવરાજ પાર્ક ખાતે તા. ૨૪-૪-૨૦૨૪, બુધવારે આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સર્વે વિશ્વકર્મા સમાજના પ્રમુખશ્રીઓ તેમજ આગેવાનશ્રીઓ દ્વારા આગામી સંમેલનને ભવ્ય તેમજ મજબુત સંગઠન બનાવવાના હેતુથી પોત પોતાના વિચારો રજુ કર્યા અને કાર્યક્રમની રૂપ રેખાને લઇને આગામી આયોજન વિશે તૈયારીઓ કરવામાં આવી હતી. જેમાં સમગ્ર સમાજના આગેવાનો તેમજ હોદેદારશ્રીઓ દ્વારા એક જ સુરે જણાવવામાં આવેલ હતુ કે સમગ્ર સમાજ એક બની અને નેક બની હજારોની સંખ્યામાં દરેક સમાજના લોકો આ કાર્યક્રમની અંદર જોડાઇ તેવુ જણાવવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં આગામી સંમેલનના આયોજન અંગે માહીતી આપતા વિશ્વકર્મા સમાજના આગેવાન અને શ્રી ગુ.ક્ષ. કડિયા જ્ઞાતિ સમસ્ત,રાજકોટ ના પ્રમુખશ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરાજબાપુ (નરેન્દ્રભાઇ સોલંકી) એ જણાવ્યુ હતુ કે આજની શાસ્વત પરિસ્થીતીઓમાં સમગ્ર સમાજના લોકો પોત પોતાની જ્ઞાતિઓના સંગઠન કરતા હોય છે અને કાર્યક્રમો પણ કરતાં હોય છે. ત્યારે સમગ્ર વિશ્વકર્મા સમાજની જ્ઞાતિઓ તેમજ બક્ષીપંચ સમાજની નાની જ્ઞાતિઓ અલગ અલગ રીતે વહેંચાયેલી છે. સમગ્ર વિશ્વકર્મા સમાજની ઉપરોકત જ્ઞાતીઓ એક થઇ નેક થઇ અને સમાજના ઉત્થાન માટે સાથે મળી અને જો કાર્યક્રમો કરવામાં આવે તો આપણા સમાજની સમગ્ર ગુજરાતની અંદર આશરે ૧૨% જેવી વસ્તીઓ થાય છે. આપણે ઘણી વખત બીજી બાકીની જ્ઞાતિઓના જાહેર જીવનની અંદર સંગઠનના દાખલાઓ દેતા હોય છે અને વાતો પણ કરીએ છીએ કે આપણા સમાજને યોગ્ય પ્રતિનીધીત્વ નથી મળતુ તો એના મુળ માં પણ આપણે સૌ જવાબદાર છીએ ગત વિધાનસભાની ચુંટણીઓ પછી હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ધ્યાને આવ્યુ કે સમગ્ર દેશની અંદર વિશ્વકર્મા સમાજની ખુબ જ મોટી જન સંખ્યાઓ છે અને આ જ્ઞાતિઓ વધારેમાં વધારે ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલી છે. ત્યારે કેન્દ્ર સરકારની પણ ફરજ બને છે કે જે રીતે બાકીની જ્ઞાતિઓને સરકારશ્રી દ્વારા લાભો આપવામાં આવે છે. તે જ રીતે સમગ્ર વિશ્વકર્મા સમાજની જ્ઞાતિઓને પણ લાભો મળવા જોઇએ જેથી માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સમગ્ર વિશ્વકર્મા સમાજના લોકોને પી.એમ. વિશ્વકર્મા યોજનાનું જાહેરાત કરવામાં આવી અને વિશ્વકર્મા યોજનાના નિચે ટુંક સમય પહેલા જ સમગ્ર સમાજના લોકોને પોત પોતાના વ્યવસાય માં ઉપયોગી થઇ શકે તે પ્રકારના ઓજારો અને લોન માટે થઇને ખુબજ મોટા પ્રમાણમાં એટલે કે લાખોની સંખ્યામાં ફોર્મ ભરવામાં આવેલ છે. ત્યારે આપણા સૌ સમાજના લોકોનું પણ દારીત્ર બને છે કે આપણે પણ સમગ્ર સમાજના લોકો દ્વારા વધારેમાં વધારે ભારતીય જનતા પાર્ટીને સહકાર આપી અને તમામ ઉમેદવારોને ભવ્યાતિ ભવ્ય રીતે વિજય બનાવીએ તેજ અપેક્ષા અને એટલા માટે તા. ૧-૫-૨૦૨૪, બુધવાર ના રોજ સાંજે ૬ કલાકે સમગ્ર વિશ્વકર્મા સમાજ દ્વારા શ્રી જીવરાજ ફાર્મ, શ્રી જીવરાજ પાર્ક, આર.પી.એસ. સ્કુલ સામે, રાજકોટ ખાતે ભવ્ય રંગારંગ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં ગુજરાતના નામાંકીત હાસ્ય કલાકાર શ્રી ધીરૂભાઇ સરવૈયા, વિશાલભાઇ વરૂ, રેખા વાળા અનેક નામાંકીત કલાકારોની સાથે કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સમસ્ત વિશ્વકર્મા સમાજના લોકોને આગેવાનો દ્વારા ઉમટી પડવા માટેની હાંકલ કરવામાં આવેલ છે.

# ૭૭ આસામીઓ પાસેથી માત્ર ૬ કિલો જ પ્લાસ્ટીક પકડાયું !



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૭૭ આસામીઓ પાસેથી ૬.૧૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૧૯૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૩ આસામીઓ પાસેથી ૨.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૭૪૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૨ આસામીઓ પાસેથી ૩.૩ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૨ આસામીઓ પાસેથી ૦.૫૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# ગુજરાતની ગૌશાળાઓ પ્રાકૃતિક ખેતીના કેન્દ્રો બનશેઃ રાજ્યપાલ

## ડીએપી અને જંતુનાશક દવાના વપરાશથી જમીનની ફળદ્રુપતા ઘટી છે

**અબતક, રાજકોટ**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના શેરપુરા ગામે શ્રી સોમારપુરીજી મહારાજ ગૌશાળાનો રજતજયંતી મહોત્સવ ઉજવાયો હતો. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઈને દેશને પોષણયુક્ત અનાજ-પાક મળે, ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળવા ખેડૂતો પશુપાલકોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે ખેતીમાં વધી રહેલ યુરિયા, ડી.એ.પી અને જંતુનાશકોના વપરાશથી જમીન તેની ફળદ્રુપતા ગુમાવી રહી છે, જમીનમાં રહેલ પોષક તત્વો ઘટી રહ્યા છે. ધરતી માતાની પોતાની તાકાત ઘટી રહી છે, તો આપણને શું તાકાત આપશે? ધરતીમાં રહેલ પોષકતત્વો નાશ પામવાથી આપણી રોગ પ્રતિકારક શક્તિ ઘટી રહી છે અને કેન્સર, ડાયાબિટીસ, હાર્ટ એટેક, કિડની સંબધિત બીમારીઓ વધી રહી છે. યુવાનો અને નાના બાળકો આજે હાર્ટ એટેકનો ભોગ બની રહ્યા છે. ત્યારે કૃષિ ઉત્પાદનોમાં પોષક તત્વો પાછાં મળે તેમજ નાગરિકોને સ્વાસ્થ્યપ્રદ જીવન મળે તે માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે.

વેદોમાં ગાયને સમસ્ત વિશ્વની માતા કહી છે, જ્યારથી સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારથી ગાય અમૃતમય દૂધ આપે છે. વૈજ્ઞાનિક સંશોધનમાં પુરવાર થયું છે કે, વિદેશી જર્સી ગાયના દૂધથી ગુસ્સો આવે છે, હાયપરટેન્શન વધે છે જ્યારે આપણી દેશી ગાયનું દૂધ બુદ્ધિ અને શરીર માટે સર્વોત્તમ છે. ગૌમૂત્ર અને ગોબર ખેતી માટે કિંમતી છે એમ જણાવી તેમણે ઘન જીવામૃતના ફાયદા, અળસીયાની ઉપયોગિતા સમજાવી હતી. આગામી સમયમાં ગુજરાતની ગૌશાળાઓ પ્રાકૃતિક કૃષિના કેન્દ્રો બનશે એમ જણાવી પશુપાલકોને ગૌ આધારિત ખેતી અપનાવવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ અપીલ કરી હતી. રાજ્યપાલના અનુરોધને પગલે શેરપુરા સહિતના આજુબાજુના સાત ગામના ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવાનો લીધો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે શ્રી રામ રતનજી મહારાજ, સમસ્ત મહાજનના પ્રમુખ ગિરીશભાઈ શાહ, ગૌશાળાના અધ્યક્ષ દશરથભાઈ દેસાઈ, ઉપાધ્યક્ષ રમેશભાઈ જોશી, પોપટલાલ સુથાર, મણિલાલ જાટ સહિત ગૌશાળાના ટ્રસ્ટીઓ, સંચાલકો, ગૌસેવકો, ગ્રામજનો અને ખેડૂતો તથા પશુપાલકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ધીરગુરુદેવના સાંનિધ્યમાં

# કલકતામાં ડો. લાખાણી પરિવારના બાલ શ્રાવકના હસ્તે અભિવાદન



**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતે પૂ. ધીરગુરુદેવ એવ પ્રવર્તિની પૂ. વનિતાબાઈ મહાસતીજીની પ્રેરણાથી અમેરિકા નિવાસી ચંદ્રિકાબેન લાખાણીની સ્મૃતિમાં ડો. પ્રભુદાસ આર. લાખાણી તરફથી શ્રી જશ-પ્રેમ - ધીર સંકુલ, વૈશાલીનગર, ગીતગુર્જરી, શ્રીમજીવી, રામકૃષ્ણનગર સંઘમાં આયંબિલ ઓળીનું આયોજન કરાયું હતું. જયશ્રીબેન શાહે સુચારુ વ્યવસ્થા સંભાળી હતી.

જયારે રાજકોટ, ગોંડલ હાઈવે પર પારડી ગામે સાતાકારી ઉપાશ્રય (ઉપર નીચે)નું નિર્માણ લાખાણી પરિવારે કરેલ છે. તાજેતરમાં ડો. લાખાણીનું મહાવીર જયંતિના કલકતામાં પૂ. ધીરગુરુદેવના સાનિધ્યે બાલશ્રાવકના હસ્તે અભિવાદન કરાયું હતું.

# શ્રીમદ્ રાજચંદ્ર મિશનના વિશ્વમાં ૨૦૬ કેન્દ્રો કાર્યરત

## પૂ. ગુરૂદેવ રાકેશજીનો રવિ-સોમ અમૃતમય સત્સંગ કાર્યક્રમ

**અબતક,રાજકોટ**

૧૫૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરસ્વામીના સનાતન માર્ગના પ્રવર્તક અને ઉદ્ધારક, દિવ્ય દ્રષ્ટા, આત્મજ્ઞાની સંત, મૂર્તિમાન અધ્યાત્મ, તીવ્ર પ્રજ્ઞાવંત શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મપ્રાપ્તિનો માર્ગ ઉદઘાટિત કર્યો. શ્રીમદ્જી તેમના અંતિમ દિવસોમાં રાજકોટ રોકાયા હતા. આથી રાજકોટ શ્રીમદજીના સમાધિસ્થળ તરીકે સુવિખ્યાત છે.

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભકત, આત્મજ્ઞાની ગુરુ, આધ્યાત્મિક આર્ષદ્રષ્ટા, માનવતાના અધિનાયક અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરુદેવી રાકેશજી રાજકોટ પધારી રહ્યા છે. પૂજ્ય ગુરુદેવીના સત્સંગનો લાભ રાજકોટવાસીઓને તા. ૨૮ એપ્રિલના હેમુ ગઢવી ઓડિટોરિયમ અને ૨૯ એપ્રિલના રાજકોટ જ્ઞાન મંદિરમાં એમ બે દિવસ મળવાનો છે.

શ્રીમદ્ રાજચંદ્રજીનો બોધ જેના અણુએ અણુમાં ધબકે છે. એવું આંતરિક રૂપાંતરણ માટે કાર્યરત એક આધ્યાત્મિક અભિયાન- શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર વિશ્વના પાંચ ખંડોમાં ૨૦૬ કેન્દ્રો દ્વારા પ્રવર્તમાન છે. પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીની અવિરત કરુણાનું સાકાર રૂપ છે, વિશ્વવ્યાપી સામાજિક અભિયાન 'શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર', જે નિષ્કામ સેવા દ્વારા અભાવગ્રસ્ત લોકોને શાતા પહોંચાડે છે. તેઓની વિશ્વભરમાં આવેલ ૯૬ યુથ ગ્રુપ દ્વારા હજારો યુવાનોને ઉચ્ચ જીવનલક્ષ તરફ દોરી રહ્યા છે અને શ્રીમદ્ રાજચંદ્ર ડિવાઈનટચના માધ્યમથી વિશ્વભરમાં ૨૫૨થી વધુ મૂલ્ય શિક્ષણકેન્દ્રો બાળકોનું ઘડતર કરી રહ્યા છે.

કૂવો તરસ્યા પાસે જાય એ રીતે પૂજ્ય ગુરુદેવની રાકેશજી ધર્મયાત્રાના માધ્યમથી વિશ્વભરમાં જિજ્ઞાસુ જીવોને દર્શન-બોધાદિનો અપૂર્વ લાભ બક્ષે છે અને તેમનાં જીવનમાં અધ્યાત્મનું બળ ભરી, તેમનું ઉચ્ચ ધ્યેય તરફ આરોહણ કરાવે છે. રાજકોટ ખાતે પૂ. ગુરૂદેવ રાકેશજીનો સત્સંગ ૨૮ એપ્રીલને રવિવારે સાંજે ૮ થી ૧૦ દરમિયાન હેમુગઢવી ઓડિયોરીયમ ખાતે તથા ૨૯ એપ્રીલને સોમવારે સાંજે ૪ થી ૫ વાગ્યા દરમિયાન શ્રીમદ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ ખાતે યોજવામાં આવશે વધુ માહિતી માટે હર્ષદ અદાણી મો.નં. ૯૮૭૯૫૧૦૩૩૩નો સંપર્ક કરવો.

## વિશ્વ નૃત્ય દિન નિમિતે

# સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે સોમવારે નટરાજધ્યાન અંતર્ગત અનેક કાર્યક્રમો

**અબતક, રાજકોટ**

ઓશો ધ્યાન મંદિર ખાતે તા. ૨૯ને સોમવાર ના રોજ વિશ્વ નૃત્ય દિન નીમીતે ઓશો સત્ય પ્રકાશ ધ્યાન મંદિરે સાંજના ૬.૩૦ થી ૮ દરમ્યાન ઓશો નટરાજ ધ્યાન, સંધ્યા ધ્યાનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઓશો નટરાજ ધ્યાન નૃત્ય એક સંપૂર્ણ ધ્યાન છે તે પાંસઠ મીનીટનું છે. તેના ત્રણ ચરણ છે.

પહેલું ચરણુ ૪૦ મીનીટ આંખો બંધ કરીને એ રીતે નાચો જે રીતે ચિકકાર ભરાઇ ગયા હો તમારા પુરા અંગને ઉભરાયને નૃત્યમાં પ્રવેશ કરવા દો નૃત્યને નિયત્રિત કરો બસ નૃત્યમાં પુરી રીતે ડુબી જાઓ,

બીજી ચરણ ૨૦ મીનીટ આંખો બંધ રાખીને જ તરત જ સુઇ જાઓ, સાક્ષી ભાવે શાંત અને નિશ્ચય રહો. ત્રીજું ચરણ પાંચ મીનીટ ઉત્સવ ના ભાવથી નાચો આનંદિત થાઓ, અને અહોભાવ વ્યકત કરો. ઉપરોકત વિશ્વ નૃત્ય દિને આયોજીત ઓશો નટરાજ ધ્યાનમાં સહભાગી થવા ઓશો સન્યાસી પ્રેમીઓને સ્વામી સત્ય પ્રકાશે હાર્દિક અનુરોધ કરેલ છે.

વિશેષ માહીતી માટે સ્વામી સત્ય પ્રકાશ મો. નં. ૯૪૨૭૨ ૫૪૨૭૬ પર સંપર્ક કરવો.

# એક નવીનત્તમ કરાઓકે 'વન મેન શો'નું રવિવારે આયોજન

**અબતક, રાજકોટ**

રાજકોટ ખાતેની કરાઓકે સંગીતની દુનિયામાં 'વન મેન આર્મી' ઓફ કરાઓકે સીંગિંગના બિરુદથી ખ્યાતિ પામેલા ડો.અસિત ભુપતરાય ભટ્ટ, આગામી તારીખ ૨૮મીએ રવિવારના રોજ રાજકોટમાં ઈવનિંગ પોસ્ટ ખાતે, જ્યુબિલી બાગ પાસે, કરાઓકે સીગિંગનો એક નવીનતમ અભિગમ ધરાવતો 'વન મેન શો' કરવા જઈ રહ્યા છે.

જેમાં તેઓ હિન્દી ફિલ્મી જગતના ૩૬ અલગ-અલગ પ્લેબેક સિંગરો જેવા કે- મુકેશજી, કિશોરદા, રફીજી, જસપાલસિંઘ, પ્રદીપજી, સાયગલજી, દલેર મહેંદી, જગજીતસિંઘ, કે.કે., ઈસ્માઈલ આઝાદ કવ્વાલ, અનવર, મન્નાડે, સુરેશ વાડેકર, મહેન્દ્ર કપૂર, તલતજી, બાબુલ સુપ્રિયો, પંકજ મલિક, એસ.ડી.બર્મન, અદનાનસામી, મનહર, હેમંતકુમાર, શૈલેન્દ્રસિંઘ, ઉદિત નારાયણ, યેસુદાસ, શાન, કુમારસાનુ, અમિતાભ બચ્ચન, સોનુ નિગમ, સુખવિંદરસિંઘ, આર.ડી.બર્મન, સપન ચક્રવર્તી, ભુપેન્દ્રસિંઘ, અરિજિતસિંઘ, અમિતકુમાર, અમિત ત્રિવેદી, કમાલખાનના ગીતો ગાવાના છે. તો આપસૌને સહકુટુંબ અને મિત્રમંડળ સહિત પધારવા ડો.અસિતભાઈ ભટ્ટનો નમ્રતાભર્યો આગ્રહ છે.

# જનકલ્યાણ ટ્રસ્ટને ૫૦૭મું ચક્ષુદાન મળ્યું

**અબતક, રાજકોટ**

સુશીલાબેન શાંતિલાલ રાણભાણનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે, તે ખુબજ અનુકરણીય ઉદાહરણ પુરૂં પાડ્યું છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૫૦૭મું ચક્ષુદાન થયેલ છે. એપ્રીલ માસમાં સાતમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન, ઉમેશ મહેતા ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યુ છે.

# સમગ્ર વિશ્વકર્મા પરિવાર દ્વારા ભા.જ.પ. સમર્થનમાં હોદેદારશ્રીઓની વિશાળ મીટીંગ યોજાઇ : નરેન્દ્ર સોલંકી



અબતક-રાજકોટ શ્રી જીવરાજપાર્ક ખાતે તારીખ ૨૪-૪-૨૦૨૪, બુધવાર સમગ્ર વિશ્વકર્મા સમાજની જ્ઞાતિઓ એટલે કે શ્રી ગુ.ક્ષ.કડિયા, સમગ્ર પ્રજાપતિ સમાજ, સમસ્ત સોની સમાજ, સમસ્ત સતવારા સમાજ સમસ્ત લુહાર સમાજ, સમસ્ત સુતાર સમાજ,સમસ્ત દરજી સમાજના આગેવાનશ્રીઓ દ્વારા તા. ૧-૫-૨૦૨૪, બુધવાર ના રોજ સમગ્ર રાજકોટમાં વસતા સમગ્ર વિશ્વકર્મા સમાજના ભાઇઓ-બહેનો માતાઓ વડીલો યુવાનો સર્વે લોકોને મહાઅધિવેશન બોલાવવા માટેની તૈયારી ના ભાગ સ્વરૂપે મીટીંગ મળેલ જેમાં સર્વાનુમતે નકકી કરવામાં આવેલ કે તા. ૧-૫-૨૦૨૪, બુધવારના રોજ સમગ્ર વિશ્વકર્મા સમાજના સમગ્ર પરિવાર સાથે શ્રી જીવરાજ પાર્ક ખાતે ઉમટી પડવાની હાકલ કરવામાં આવેલ છે.

## (પહેલા પાનાનું ચાલું) હથિયાર...

બાતમીના આધારે એટીએસના પીએસઆઈ વી આર જાડેજા અને વી એન ભરવાડની ટીમો બાતમીવાળી જગ્યાએ વોચમાં હાજર હતા. દરમિયાન બે શકમંદ ઈસમો મળી આવતા ફિલ્મી ઢબે બંને શખ્સોને કોર્ડન કરી ઝડપી લેવામાં આવ્યા હતા. શિવમ ઉર્ફે શિવા ઈંદરસીંગ ડામોર પાસે રહેલા થેલાની જડતી કરતા તેમાંથી ૫ પિસ્ટલ અને ૨૦ કાર્ટિસ મળી આવી હતી.

બંને શખ્સોની આગવી ઢબે પૂછપરછ કરતા ભાંગી પડેલા શખ્સોએ કબૂલાત આપી હતી કે, શિવમ ડામોર છેલ્લા એકાદ વર્ષથી વિવિધ ખાનગી ટ્રાવેલ્સની બસોમાં મધ્યપ્રદેશથી જામખંભાળિયા દર ત્રીજા ચોથા દિવસે આવન-જાવન કરતો હોય દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓના અલગ અલગ માણસોનો સંપર્ક થતાં હથિયાર લેવા ઈચ્છુકોને હથિયાર લાવી આપશે તેવી ખાતરી આપી મધ્યપ્રદેશથી હથિયાર લાવી કમિશનથી હથિયારનો વેપલો કરતો હતો.

છેલ્લા ત્રણેક માસથી હથિયાર સપ્લાય કરતો હોય તેવી હકીકત જણાવ્યા બાદ એટીએસની વિવિધ ટિમોએ અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લામાંથી ૨૦થી વધુ પિસ્ટલ તથા ૭૦ કાર્ટિસ સાથે અન્ય ચાર ઈસમોની ધરપકડ કરી છે.

### વ્હોટ્સએપ...

માટે વપરાશકર્તાઓની માહિતીનું મુદ્રીકરણ કરે છે. તેથી, કાયદેસર રીતે કંપની દાવો કરી શકતી નથી કે તે ગોપનીયતાનું રક્ષણ કરે છે. સરકારે કહ્યું કે વોટ્સએપ પહેલાથી જ ભારતમાં યુઝર્સને દેશની અંદર કોઈપણ વિવાદનો ઉકેલ લાવવાનો અધિકાર આપતું નથી, આ તેમના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. જો આઈટી નિયમો ૨૦૨૧ લાગુ કરવામાં નહીં આવે, તો એજન્સીઓને નકલી સંદેશાના સ્ત્રોતને શોધવામાં મુશ્કેલીનો સામનો કરવો પડશે. આવા સંદેશાઓ અન્ય પ્લેટફોર્મ પર ફેલાશે, જે સમાજમાં શાંતિ અને સંવાદિતાને ખલેલ પહોંચાડી શકે છે. ઈન્ટરનેટ ખુલ્લું, સલામત અને ભરોસાપાત્ર હોવું જોઈએ અને પ્લેટફોર્મ વપરાશકર્તાઓ માટે જવાબદાર હોવા જોઈએ. ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો છીનવી લેવાની કોઈને મંજૂરી આપી શકાય નહીં.

### કેનેડા...

અનુસાર, દેશમાં વધતી જતી બેરોજગારીની સમસ્યાએ ઘણા ભારતીય વિદ્યાર્થીઓને ડ્રગ અને આલ્કોહોલના દુરુપયોગના ખતરનાક ચક્રમાં ધકેલી દીધા છે, તેમજ તણાવનો સામનો કરવા માટે ડિપ્રેશનના સ્તરમાં વધારો અને ઉપચાર સત્રોમાં વધારો કર્યો છે. કાઉન્સેલર્સે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ વધુને વધુ મારિજુઆના અને કોકેઈન, એક્સ્ટસી જેવી ભ્રામક દવાઓ અને ફેન્ટાનીલ જેવી ઓપિયોઈડ્સ તરફ વળ્યા છે, જ્યારે મોટા પાયે શૈક્ષણિક દેવું, જીવનનિર્વાહના અતિશય ખર્ચ અને બેરોજગારીના આર્થિક પતનથી નાણાકીય તણાવના ભાર હેઠળ સંઘર્ષ કરી રહ્યા છે.

### પ્લાસ્ટીક...

જ્યારે દેશો ૨૦૨૨માં આ વર્ષના અંત સુધીમાં કાયદેસર રીતે બંધનકર્તા સંધિ પર વાટાઘાટ કરવા સંમત થયા, ત્યારે તેઓએ પ્લાસ્ટિકના ઉત્પાદન અને ઉપયોગથી લઈને કચરા સુધીના સંપૂર્ણ જીવનચક્રને સંબોધવા માટે આહ્વાન કર્યું. જો કે હવે આ અંગે પક્ષકારો વચ્ચે મતભેદ જોવા મળી રહ્યા છે. જો આપણે ૨૦૨૧ ના ડેટા પર નજર કરીએ તો, લગભગ ૯૮ ટકા સિંગલ-યુઝ પ્લાસ્ટિક અશ્મિભૂત ઇંધણમાંથી બનાવવામાં આવે છે અને પ્લાસ્ટિક ઉત્પાદનમાં રોકાયેલી ટોચની સાત કંપનીઓ અશ્મિભૂત ઈંધણના વ્યવસાયમાં છે.

પ્લાસ્ટિક પ્રદૂષણને સમાપ્ત કરવા માટે ૨ ડિસેમ્બર, ૨૦૨૨ ના રોજ ઉરુગ્વેના પુન્ટા ડેલ એસ્ટેમાં બેઠક યોજાઈ હતી. આ મુદ્દા પર વૈશ્વિક સંધિનો મુસદ્દો તૈયાર કરવા માટે જવાબદાર વાટાઘાટોકારો વચ્ચે આ પ્રકારની પ્રથમ બેઠક હતી.

૨૮ નવેમ્બર અને ૨ ડિસેમ્બર ૨૦૨૨ વચ્ચે મંત્રણાના આ પ્રથમ સત્રને તરીકે ઓળખવામાં આવે છે. ત્યારબાદ, મંત્રણાનું બીજું સત્ર પેરિસમાં ૨૯ મે થી ૨ જૂન ૨૦૨૩ દરમિયાન યોજાયું હતું, જ્યારે ત્રીજું સત્ર નૈરોબીમાં ૧૩ થી ૧૯ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન યોજાયું હતું. તેલ ઉત્પાદક દેશોના વલણને કારણે તે વાટાઘાટો પણ અટવાઈ ગઈ હતી, કારણ કે આ દેશોએ પ્લાસ્ટિકનું ઉત્પાદન ઘટાડવાને બદલે કચરાના વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

જો કે, મીટીંગે સુધારેલ શૂન્ય ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો, જે આ મુદ્દા પર વધુ ચર્ચા માટે માત્ર પ્રારંભિક બિંદુ તરીકે કામ કરે છે. હાલમાં આ સંવાદનું ચોથું સત્ર કેનેડાની રાજધાની ઓટાવામાં યોજાઈ રહ્યું છે. આ સત્રમાં ૨૩ થી ૨૯ એપ્રિલ દરમિયાન પ્લાસ્ટિકને લગતા વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે.દરિયાઈ પર્યાવરણ સહિત પ્લાસ્ટિકના વધતા પ્રદૂષણને રોકવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદેસર રીતે બંધનકર્તા સાધનો વિકસાવવા માટે પણ ચર્ચા કરવામાં આવશે. ૨૦૨૪ ના અંત સુધીમાં મંત્રણા પૂર્ણ કરવાની મહત્વાકાંક્ષાને ધ્યાનમાં રાખીને, તેનું અંતિમ સત્ર ૨૫ નવેમ્બરથી ૧ ડિસેમ્બર, ૨૦૨૪ વચ્ચે બુસાનમાં યોજાશે.

# જામકંડોરણા જુથ સેવા સ. મંડળીના બાકીદારોને ચેક રિટર્ન કેસમાં બે વર્ષની જેલ

## ખેત ધિરાણ, હાઉસીંગ અને કુવાની લોન ચુકવવા ૧૨ લાખનો ચેક આપ્યો તો

## ૧ માસમાં ચેકની રકમ ચુકવવામાં ખેડુત નિષ્ફળ જાય તો વધુ ૧૦ માસની કેદ

**અબતક,પ્રવિણ દોંગા, જામકંડોરણા**

જામકંડોરણા જુથ સેવા સહકારી મંડળીમાંથી કુવાની, કપાસ-મગફળીનું પાક ધિરાણ અને મધ્યમ મુદત માટે લીધેલી હાઉસીંગ લોનની રકમ ચુકવવા આપેલો બાર લાખનો ચેક પરત ફરવાના ગુનામાં આંચવડ ગામના ખેડુતને બે વર્ષની સાદી કેદની સજા અને ૩૦ દિવસમાં ચેકની રકમ ચુકવવા નિષ્ફળ જાય તો વધુ ૧૦ માસની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારતા હુકમથી લોન લઈ રકમ નહી ચૂકવતા બાકીદારોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

વધુ વિગત મુજબ જામકંડોરણા તાલુકાના આચવડ ગામના જયેન્દ્રસિંહ ગોવુભા ચૌહાણ નામના ખેડુતે જામકંડોરણા જુથ સેવા સહકારી મંડળીમાંથી સભાસદ દરજજે વર્ષ ૨૦૦૪/૨૦૦૫માં નવો કુવો ગાળવા માટેની લાને, વર્ષ ૨૦૦૭-૦૮માં કપાસ-મગફળીનું પાક ધિરાણ અને મધ્યમ મુદતે હાઉસીંગ લોન લીધી હતી. જે લોન અને ધિરાણની રકમ મેળવવા માટે મંડળી દ્વારા નોટીસ પાઠવતા બાકીદાર જયેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા રૂ.૧૨ લાખનો ચેક આપેલો જે ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફર્યો હતો.

જામકંડોરણા-જુથ સેવા સહકારી મંડળીના એડવોકેટ દ્વારા કાયદાકીય જોગવાય મુજબ બાકીદાર જયેન્દ્રસિંહ ચૌહાણને નોટીસ પાઠવવા છતા સમય મર્યાદામાં નોટીસ પાઠવ્યા છતા બાકી રકમ ન ચૂકવતા નેગોશીએબલ એકટ હેઠળ જામકંડોરણાની અદાલતમાં મંત્રી ગિરધરભાઈ રાદડીયાએ બાકીદાર જયેન્દ્રસિંહ ચૌહાણ સામે ફરિયાદ દાખલ કરી હતી.

જે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ મંડળીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખીત મૌખીક દલીલ, ફરિયાદી અને સાહેદોની જુબાની તેમજ વિવિધ હાઈકોર્ટના ટાકેલા ચૂકાદા ધ્યાને લઈ જજ જે.એલ. પરમારે આરોપી જયેન્દ્રસિંહ ચૌહાણને બે વષર્ષની સાદી કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે. ચેકની રકમ ૩૦ દિવસમાં ચૂકવવા નિષ્ફળ જાય તો વધુ ૧૦ માસની કેદનો હુકમ કર્યો છે. મંડળી વતી એડવોકેટ તરીકે વી.એમ. મુંજપરા રોકાયા હતા.

### ઈવીએમ...

સુનાવણી કરી અને પછી નિર્ણય સુરક્ષિત રાખ્યો.

હાલમાં વિવિપેટ વેરિફિકેશન હેઠળ લોકસભા મતવિસ્તારના દરેક વિધાનસભા મતવિસ્તારના માત્ર પાંચ મતદાન મથકોના ઈવીએમ વોટ અને વિવિપેટ સ્લિપ મેચ થાય છે. આ મહિનાની શરૂઆતમાં, સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં ફક્ત પાંચ રેન્ડમલી પસંદ કરેલ ઈવીએમને ચકાસવાને બદલે તમામ ઈવીએમ મતો અને વિવિપેટ સ્લિપ્સની ગણતરીની માંગ કરતી અરજી પર ચૂંટણી પંચને નોટિસ જારી કરી હતી. આજે આ જૂની પ્રથા યથાવત રાખવા અંગે જ સુપ્રીમ કોર્ટે નિર્ણય જાહેર કર્યો છે અને અરજીઓ ફગાવી દીધી છે.

## (ત્રીજા પાનાનું ચાલું) અશ્વિની વૈષ્ણવ...

ડબલીકરણ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. મુંબઈ - અમદાવાદ વચ્ચે લાગેલી ફેનસિંગને કારણે ઢોર- ઢાંખર રેલ્વે લાઈન પર ન આવે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ - અમદાવાદ વચ્ચે પણ આ પ્રકારે ફેંસિંગનું કામ ચાલી રહ્યું છે, જેને કારણે રાજકોટથી અમદાવાદની મુસાફરી ૨ સવા બે કલાકમાં થઈ શકશે. કારણ કે, આ રૂટ પર ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની રફતારથી ગાડીઓ દોડશે.ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે તો ગુજરાતમાં ૧.૨૨ લાખ કરોડનું રોકાણ આવી રહ્યું છે.વિશ્વની મોટાભાગની ઈલેક્ટ્રોનિક આઈટમોમાં આગામી

વિશ્વની મોટાભાગની ઈલેક્ટ્રોનિક આઈટમોમાં આગામી દિવસોમાં મેઈડ ઈન ઈન્ડિયા કે મેઈડ ઈન ગુજરાતમાં બનેલી સેમીકન્ડક્ટર ચિપ્સ લાગેલી હશે.૪૫ દિવસ મુદ્દે ખજખઊ ક્રેડીટની સમસ્યાને લઈને હું પોતે નાણાંમંત્રી નિર્મલા સીતારામનને રજૂઆતો કરીશ. બુલેટ ટ્રેનનાં પ્રકલ્પમાં રાજકોટ સ્થિત સપ્લાયારો મારો સીધો સંપર્ક કરી શકે છે. વધુ રેલ્વેટ્રેક્સ ઉમેરાવવાને કારણે ૨૦૨૫ જાન્યુઆરીથી પોઈન્ટ ટુ પોઈન્ટ નવી રેલગાડિયું અને નવા રેલરૂટ કાર્યરત કરી શકીશું. વધુમાં જણાવ્યું હતું કે, અંદાજે ૪૦૦ એવા રેલ્વે ટ્રાફિક ચોકિંગ પોઈન્ટસ આઈડેંટીફાઈ કરવામાં આવ્યા હોવાથી એ સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે.બે નવી વંદે ભારત સિરીઝની ગાડીઓ વંદે સ્લીપર અને વંદે મેટ્રો જુલાઈ ૨૦૨૪નાં ઉત્તરભારતમાં એક નવો બાયપાસ કાર્યરત કરાયો હોવાથી એ ક્ષેત્રમાં પણ રેલ્વે મુસાફરીની નવી સંભાવનાઓ ઉભી થઈ રહી છે. ઉત્તર ભારતમાં એક નવો બાયપાસ કાર્યરત કરાયો હોવાથી એ ક્ષેત્રમાં પણ રેલ્વે મુસાફરીની નવી સંભાવનાઓ ઉભી થઈ રહી છે.રાજકોટને મેન્યુફેક્ચારિંગ પાર્ક આપવાની સંભાવનાઓ પર રાજકોટથી જનારા ડેલિગેશન સાથે ચર્ચા અને પરામર્શ કરીશું.

### તાપમાન...

દિવસનું સૌથી વધુ તાપમાન નોંધાતું હોય છે. પરંતુ કોર્પોરેશનના સેન્સર ઉંધી દિશામાં ચાલ્યા હોય તેમ ૧:૩૦ કલાકની સરખામણીએ ચાર વાગ્યે તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો હતો. ગઈકાલે ચાર વાગ્યા ત્રિકોણ બાગનું તાપમાન ૩૨.૯૯ ડિગ્રી રહ્યું હતું. જ્યારે પ્રદ્યુમન પાર્કનું તાપમાન ૪૦.૫ ડિગ્રી રહેવા પામ્યું હતું. સેન્સર કંઈ રીતે કામ કરે છે તેની કલ્પના કરવી મુશ્કેલ બની ગઈ છે. કારણ કે કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરીએ ચાર વાગ્યાનું તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગાઢ ગ્રીનરી ધરાવતા રેસકોર્ષનું તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત આજી ડેમ ચોકડીનું તાપમાન ૪૦.૫૧ ડિગ્રી, અટિકા ફાટકનું તાપમાન ૪૦.૫૨ ડિગ્રી, ગ્રીનલેન્ડ ચોકડીનું તાપમાન ૪૦.૫૯ ડિગ્રી, જિલ્લા પંચાયત ચોકનું તાપમાન ૩૫.૭૮ ડિગ્રી, કોઠારિયા રોડનો તાપમાન ૪૦.૫૧ ડિગ્રી, મોરબી રોડ પરનું તાપમાન ૪૦.૫૯ ડિગ્રી, કોર્પોરેશનની ઈસ્ટ ઝોન કચેરીનું તાપમાન ૩૯.૮૬ ડિગ્રી અને સોરઠીયા વાડી સર્કલનું તાપમાન ૩૩.૩૧ ડિગ્રી નોંધાયું હતું.

### કાર રેલી...

રિવરફ્રન્ટ ખાતેથી પ્રારંભ થઈ સુરત ખાતે સમાપન થશે.પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલજી તમામ એનઆરઆઈ અને એનઆરજી નુ સ્વાગત કરી મુલાકાત કરશે. વિદેશમા રહેતા ભારતીયો ભારત આવીને પ્રચાર કરે તે સૌ પ્રથમ વખત આયોજન થયુ છે.

આ પ્રેસ કોન્ફરન્સમા સહ કન્વીનર ઝુબિનભાઈ આશરા, સહ પ્રવકતા શ્રદ્ધાબેન રાજપૂત, દિપકભાઈ જોષી અને જયેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

## (ચોથા પાનાનું ચાલુ) આર.કે. યુની.

કરવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. તેમજ દરેક સ્કુલના ડીરેક્ટર સ્કુલ ઓફ એન્જીન્યરીંગ ના ડો. નીરવ ભટ્ટ, સ્કુલ ઓફ ફાર્મસીના ડો. પ્રવીણ તીરગર, સ્કુલ ઓફ ફીઝ્યોથેરાપી ના ડો. અમિત શર્મા અને સ્કુલ ઓફ મેનેજમેન્ટ ના ડો. આરતી જોષી દરેક નો ખુબ સાથ સહકાર મળ્યો હતો.

આર કે. યુનીવર્સીટીના એક્સઝુકેટીવ વાઈસ પ્રેસીડન્ટ ડેનીશ પટેલ સર દ્વારા ગ્રંથાલયના આ કાર્યને બિરદાવવામાં આવ્યું હતું.

### બેકીંગ ક્ષેત્રની સ્પર્ધાત્મક

અધિકારીઓને આમંત્રીત કરવામાં આવેલ.

જેમાં ધિ રાજકોટ કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી. ના ડેપ્યુટી જનરલ મેનેજર પ્રકાશ શંખાવલા દસ રાઉન્ડ પૈકી ત્રણ રાઉન્ડમાં પ્રથમ પાંચમાં સમાવિષ્ટ થયેલ અને દસ રાઉન્ડના એકત્રીત માર્કસ જોતા તેઓનો પાંચમો નંબર આવેલ. સદર રાઉન્ડ પૈકી પ્રથમ પચાસ આવનાર પાર્ટીશિપેન્ટને તા.૧૩ ને શનિવારના રોજ કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લી-અમદાવાદ મુકામે ફાઈનલ ઓફલાઈન પરીક્ષા માટે પસંદગી કરવામાં આવેલ. જેમાં પ્રકાશ શંખાવલાનો ફાઈનલ રાઉન્ડમાં સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમાંક અને કેન્દ્રમાં ત્રીજો ક્રમાંક મેળવી બેંકનુ ગૌરવ વધારેલ છે.

ટોપ રેંકીંગ ઉપર સફળતા મેળવનાર પ્રકાશ શંખાવલા જણાવે છે કે, કોઈ વ્યક્તિને પ્લેટફોર્મ મળવુ, કામગીરી કરવાની તક મળવી, પથ દર્શક અને માર્ગદર્શક મળવા એ જ બહુ મોટી વાત કહી શકાય અને આ તમામ બાબતો મને પૂજય જયંતિભાઈ કુંડલીયા, વંદનીય બિનાબેન કુંડલીયા અને મારા ગુરૂ અને પથદર્શક અને મારા ઘડતરમાં જેનુ ખુબ મોટુ યોગદાન રહ્યુ છે તેવા આર.સી.સી. બેંકના સીઈઓ એન્ડ જનરલ મેનેજર ડો. પુરુષોત્તમ પીપરીયા પાસે થી મળેલ છે.

### ગાર્ડી વિદ્યાપીઠ

ડેવલોપમેન્ટ, સ્કિલ ગેપ એનાલિસિસ, લીડરશીપ, ટીમ બિલ્ડીંગ, માર્કેટિંગ અને ઉદ્યોગ સાહસિકતા તેમજ ફાઈનાન્સિયલ પ્લાનિંગ જેવા વિષયો પર વર્કશોપ મોડ્યુલ ડિઝાઈન કરવામાં આવ્યું હતું.

આ અંગે વધુ માહિતી આપતા એમ.બી.એ. વિભાગના હેડ પ્રોફેસર નિલેશ અંકલેશ્વરિયા એ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની સફળ કારકિર્દી માટે અભ્યાસના વિષયો સાથે સોફ્ટ સ્કિલની આવડત પણ હોવી જરૂરી છે. આજે જ્યારે ભારતીય અર્થવ્યવસ્થામાં સર્વિસ સેક્ટર માટે નવા આયામો ખુલતા જાય છે, ત્યારે વિદ્યાર્થીઓએ પણ ઔદ્યોગિક જરૂરિયાતને અનુલક્ષીને પોતાનામાં સોફ્ટ સ્કિલ ડેવલોપ કરવી અનિવાર્ય બની જાય છે. આ વર્કશોપમાં ભાગ લેનાર વિદ્યાર્થી રોનિત મકવાણા એ વર્કશોપના પોતાના અનુભવ વિશે જણાવ્યું હતું કે પ્રોફેશનલ અભ્યાસક્રમમાં અથવા ખાનગી કંપનીઓના સફળ કર્મચારી બનવા માટે શું સજ્જતા કેળવવી પડે તે બાબત અમને આ વર્કશોપના માધ્યમથી શીખવા મળી હતી. આ સ્કિલ ડેવલપમેન્ટ વર્કશોપના સફળ આયોજન માટે ગાર્ડી વિદ્યાપીઠના ચેરમેન ડી. વી. મહેતા, મેનેજિંગ ડિરેક્ટર જયભાઈ મહેતા અને એમ.બી.એ. તેમજ ઈજનેર વિભાગના પ્રિન્સિપાલ ડો. વિમલ પટેલ એ જહેમત ઉઠાવનાર એમ.બી.એ. વિભાગના તમામ પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા.

### સમસ્ત મોઢ વણિક

વણિક જ્ઞાતિ અગ્રણી અનુપમ દોશી, રાજકોટ મોઢ વણિક મહાજન ટ્રસ્ટના પ્રમુખ ભાગ્યેશભાઈ વોરા, મોઢ વણિક મિત્ર મંડળના પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણી, મોઢ વણિક સમાજના પ્રમુખ ધર્મેશભાઈ શેઠ, મોઢા વણિક યુવા ગ્રુપના પ્રમુખ કિરેનભાઈ છાપીયા મોઢ માતંગી પાટોત્સવના પ્રમુખ શ્રેયાંશભાઈ મહેતા, મોઢ યુથ ઓગેનાઈઝેશનના સંસ્થાપક પ્રશાંતભાઈ ગાંગડીયા, મહીલા સત્સંગ મંડળના પ્રમુખ ગીતાબેન અશ્વિનભાઈ પટેલ, મહિલા મંડળના પ્રમુખ પ્રતિમાબેન પારેખ કાર્યરત છે. પ્રચાર-પ્રસાર સેવા અશ્વિનભાઈ પટેલએ પુરી પાડેલ છે. ઉત્સાહી કાર્યકરમાં કેતનભાઈ મેસ્વાણી, કેતનભાઈ પારેખ, સુનીલભાઈ વોરા, અનુલભાઈ વોરા, એ જહેમત ઉઠાવેલ આ કાર્યક્રમમાં પધારનાર પ્રથમ ૩૦૦ પરિવારને પરિવાર દીઠ એક વિશેષ ભેટ આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ પારેખ, પ્રનંદભાઈ કલ્યાણીએ કરેલ. આભાર વિધી અનુપમભાઈ દોશીએ કરેલ. સર્વજ્ઞાતિજનોને ભગવાનને ધરાવેલ પ્રસાદના પડીયામાં નીલેશભાઈ શાહ પરિવાર તરફથી આપવામાં આવેલ. તેમ કેતનભાઈ મેસ્વાણી તથા અશ્વિનભાઈ પટેલની યાદીમાં જણાવાયું છે.

## (અગિયારમા પાનાનું ચાલું) મારવાડી...

સેનિટેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્લાઈમેટ એક્શન સહિતના વિવિધ ક્ષેત્રોના ગંભીર પડકારોને ઉકેલવા માટેના ઉપાયોની વૈવિધ્યપૂર્ણ શ્રેણી પૂરી પાડે છે.

આવા કેટલાક નોંધપાત્ર નવીનીકરણોમાં આયુર્વેદના સિદ્ધાંતોનું પાલન કરનારી અને ઈમેજ પ્રોસેસિંગ પર આધારિત ડીસીઝ ડીટેક્શન સિસ્ટમ, મૂત્રમાર્ગના ચેપની સારવાર કરવા માટે અને વાયુ પ્રદૂષણને દૂર કરવા માટે કૃષિ અવશેષોનો ઉપયોગ કરનારુ પોર્ટેબલ યુરિનેશન ડીવાઈઝ તથા દર્દીની સારવાર કરતી વખતે નિયંત્રિત વાતાવરણને જાળવી રાખવા માટેના હોસ્પિટલ બેડ શીલ્ડનો સમાવેશ થાય છે.

વધુમાં મારવાડી યુનિવર્સિટીએ સ્ટ્રોક રીહેબિલિટેશન માટે ઈલેક્ટ્રિકલ સ્ટિમ્યુલેટર, પાણીના શુદ્ધિકરણ માટે નેનો-સેલ્યુલોઝ ફાઈબર્સ અને ખેતીની ઉપજમાં નોંધપાત્ર વધારો કરવા માટે સ્માર્ટ એગ્રીકલ્ચર સિસ્ટમ જેવી ક્રાંતિકારી ટેક્નોલોજીઓ પણ વિકસાવી છે.

રસપ્રદ વાત તો એ છે કે, કેટલાક ઔદ્યોગિક ક્ષેત્રોમાં સંકળાયેલા વિદ્યાર્થીઓના માતા-પિતા પણ પ્રોબલેમ સ્ટેમેન્ટની સાથે મદદરૂપ થવા માટે આગળ આવ્યાં હતાં, જે સમસ્યાઓનું વિદ્યાર્થીઓએ તેમના નવીનીકરણો મારફતે ઉકેલ શોધી કાઢ્યો હતો.મારવાડી યુનિવર્સિટીએ આ નવીન ઉકેલો અને આઈપીઆરને રસ ધરાવતા ઉદ્યોગો, સંસ્થાઓ તેમજ સમાજને ટ્રાન્સફર કરવાની કામગીરી શરૂ કરી છે. આઈપીઆરના સ્વરૂપમાં રહેલી આ પ્રકારની કેટલીક ટેકનોલોજીઓને રસ ધરાવતા ઉદ્યોગોને તેમજ સંસ્થાઓને પણ ટ્રાન્સફર કરવામાં આવી છે, જેના પરિણામે ઈનોવેટર્સને આવક પણ મળવા લાગી છે. યુનિવર્સિટીએ રાજ્ય સરકારના સ્ટુડેન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પ્રોગ્રામ (એસએસઆઈપી)ની સાથે ભેગા મળીને પેટેન્ટ્સને ફાઈલ કરવા માટે રૂ. ૧૮ લાખ ખર્ચ્યા હતા. મોટાભાગના પેટેન્ટ્સ ફેક્લ્ટી ઑફ એન્જિનીયરિંગ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

### જીએસટી...

ઘણી તકલીફનો સામનો પણ કરવો પડ્યો છે.

બીજી તરફ જે નોટિસોની બજવણી થઈ તેનો જવાબ આપવા માટે માત્ર ૧૦ થી ૧૨ દિવસનો જ સમય આપવામાં આવ્યો છે જે ખરા અર્થમાં પૂરતો નથી. કારણકે જે પ્રિ-સોકોઝ નોટિસનો મારો ચલાવવામાં આવ્યો છે તે અરજીઓ અને નોટિસો ૪૫ પાના જેટલી જોવા મળી છે. જેનો અભ્યાસ કરી તેનું અવલોકન કર્યા બાદ જ જવાબ તૈયાર થશે પરંતુ સ્ટેટ જીએસટી દ્વારા જે સમય આપવામાં આવ્યો તે ખૂબ જ ઓછો હોવાનું માલુમ પડતા ક્યાંકને ક્યાંક ફફડાટ પણ મચી ગયો છે. જીએસટી વિભાગનું માનવું છે કે હાલ છે લીટીગેશનના કિસ્સાઓ સતત વધી રહ્યા છે તે ન વધે તેના માટે પ્રિ શોકોઝ નોટિસ આપવી જરૂરી છે. જેમાં વ્યાપારીઓને પૂરતો સમય પણ મળી જાય તેમની વાત મુકવાનો અને માંગવામાં આવેલા ડેટાનો.

## (બારમાં પાનાનું ચાલુ) કરૂણા ફાઉન્ડેશન....

છે. આપણી અંદર એક બાળક, એક યુવાન અને એક વૃદ્ધ સતત હાજર હોય છે જે સમય અને સંજોગો પ્રમાણે પોતાનો પ્રભાવ બતાવે છે.

તેમણે અલગ અલગ બૌદ્ધિક રમતો રમાડીને અશક્યને શક્ય કેમ બનાવવું ? હકારાત્મક વિચારસરણી કેમ રાખવી ? એક સામાન્ય માણસમાંથી ટોપ પર કેમ પહોચવું સહિતની બાબતો વિષે સવિસ્તાર માહિતી આપી હતી.

આ સેમિનાર બાદ મિત્તલ ખેતાણીએ આખા સેમિનારનો સાર રજુ કર્યો હતો તો ટ્રેનરનો પરિચય આપી આભારવિધિ કૌશિકભાઈ મહેતાએ કરી હતી. સૌ સ્ટાફ મિત્રોએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કર્યો હતો. સેમિનારનાં અંતે જય મુરલીધર ફાર્મના વીરાભાઈ હુંબલ, ચંદુભાઈ હુંબલ પરિવાર તરફથી મિલેટસ ડીનરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## (છેલ્લા પાનાનું ચાલુ) ભાજપની કવાયત....

આવતા હોય છે. સુરતના પાટીદાર મતદારો ભલે સૌરાષ્ટ્રની બેઠકોના મતદાર ન હોય પરંતુ સુરતથી લેવાતા તમામ નિર્ણયની અસર મતદાન પર ચોકકસ થતી હોય છે.

ક્ષત્રિય સમાજ હવે આંદોલનના બીજા તબક્કાને દિન-પતિદિન વધુ વેગવાન બનાવી રહ્યા છે. તો સામા પક્ષે ભાજપ દ્વારા પણ આંદોલન કે રોષ પર વધુ ફોકસ ન કરવા કાર્યકરોને જણાવી દેવામાં આવ્યું છે. ભાજપના પરંપરાગત મતોના પોકેટ પર વધુ દયાન કેન્દ્રીત કરવા સુચના આપવામાં આવી છે. આવા પોકેટમાં મતદાનની ટકાવારી વધુ રહે તેવા પ્રયાસો કરવા કાર્યકરોને પરસેવા પાડયા તાકીદ કરવામાં આવી છે.

અમુક ટકા મતોની નુકશાની થશે જ એવું ફાઈનલ ગણી ભાજપ દ્વારા હાલ ચુંટણી પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. આંદોલન હાલ થોડુ નબળુ પડી ગયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. પરંતુ ક્ષત્રીય સમાજ ખુબ જ આયોજન બધ્ધ રીતે આંદોલનને વેગવાન બનાવી રહ્યું છે. તેઓ માટે હવે વટ નો સવાલ બની ગયું છે. ભાજપે હવે એવું મન બનાવી લીધું છે કે ડેમેજ કન્ટ્રોલ કે મનામણાનો વિષય હવે પુરો કરી સંપૂર્ણ દ્યાન ચુંટણી પર ફોકસ કરવાનું નક્કી કર્યુ છે. ક્ષત્રીય સમાજના મતોની નુકશાની કયાંથી સરભર કરવી તેની વ્યહુરચના ગોઠવવામાં આવી રહી છે. જો રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ચુંટણી સભાનું આયોજન કરવામાં આવે તો એવો મેસેજ જાય કે રૂપાલા વિવાદના કારણે ભાજપ માટે અડિખમ ગઢ મનાતી રાજકોટ બેઠક પર પણ જોખમ ઉભુ થતા વડાપ્રધાને રાજકોટમાં ચુંટણી સભા યોજવી પડી આ કારણ કે દ્યાનમાં રાખી સુરેન્દ્રનગરમાં યોજનારી પીએમની જાહેરસભામાં રાજકોટને જોડી દેવામાં આવ્યું છે. એક માત્ર પરષોતમભાઈ રૂપાલા હવે ચુંટણી પ્રચાર દરમિયાન સભાઓમાં ક્ષત્રીય સમાજને મોટું મન રાખી માફી આપી દેવા અનુરોધ કરવામાં આવે છે. ગઈકાલે પાટીલે પણ ક્ષત્રીય સમાજને બધુ ભૂલી જવા અનુરોધ કર્યો હતો. દરમિયાન આજથી હવે માફા-માફીનું આ ચેપ્ટર પુરુ કરી દેવામાં આવ્યું છે. હવે પરંપરાગત મતદારો મતદાનથી વંચિત ન રહે તેવી રણનીતી ઘડવામાં આવી રહી છે. ચુંટણી લડવા ઉમેદવારો અને સ્ટાર પ્રચારકો કે પ્રદેશ કક્ષાના નેતાઓને પણ તોળી-તોળીને નિવેદન આપવા સલાહ આપવામાં આવી છે.

### આઈપીએસ.....

ભારતી પંડ્યા, ઉષા રાડા અને ચૈતન્ય માલિકને વેઈટિંગ ફોર પોસ્ટિંગમાંથી ચાર્જ સોંપવામાં આવ્યો છે. એટલે કે, હવે તેમને નવી નિમણૂંક મળી ગઈ છે. આ ઉપરાંત અમદાવાદ શહેરમાં ચૂંટણી હોવાના કારણે જે પોસ્ટ ખાલી હતી તે હવે ભરી દેવામાં આવી છે. જેના કારણે અમદાવાદ શહેરને મહત્વની પોસ્ટ ગણાતા વિસ્તારમાં અધિકારીઓની નિમણૂંક થઈ ગઈ છે.

### દાવત સોડા...

નમૂનો લઈ પરિક્ષણ અર્થે લેબમાં મોકલવામાં આવ્યો છે. ક્રિસ્ટલ મોલથી આકાશવાણી ચોક સુધીના વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ચેકીંગ દરમિયાન જલારામ ખમણ, બાલાજી ઘુઘરા, ગાંધી સોડા શોપ અને શુભ બ્રેકફાસ્ટને ફૂડ લાયસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી હતી.

# શાપર પુલ પાસે બંધ ડમ્પર પાછળ અન્ય ડમ્પર ઘુસી જતાં ચાલકનું મોત

## રીબડા માટી ભરવા જતાં મૂળ પંચમહાલના ડ્રાયવરને ગંભીર ઈજા પહોંચતા સારવાર મળે તે પૂર્વે મોત નિપજ્યું

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળના પુલ નજીક ગોદાવરી ગેટ પાસે બંધ ડમ્પર પાછળ અન્ય એક ડમ્પર ઘુસી જતાં ચાલાકને માથાના તેમજ પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું હતું. મૂળ પંચમહાલ જિલ્લાનો ડમ્પરચાલક રીબડા ગામે માટી ભરવા જઈ રહ્યો હતો દરમિયાન બનેલી ઘટનામાં મોત નીપજ્યું હતું. શાપર વેરાવળ પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ મૂળ પંચમહાલ જિલ્લાના વતની અને હાલ કોઠારીયા રોડ પર આવેલી ક્રિષ્ના એન્ટરપ્રાઈઝમાં ડમ્પરના ડ્રાયવર તરીકે નોકરી કરતા ૪૧ વર્ષીય રમેશભાઈ પટેલીયા ગત રોજ બપોરના ત્રણેક વાગ્યાં આસપાસ જીજે-૦૩-બીઝેડ-૭૬૦૮ નંબરનું ડમ્પર લઈને રીબડા માટી ભરવા જઈ રહ્યા હતા. દરમિયાન શાપરનો પુલ ઉતરતા ગોદાવરી ગેટ પાસે નેશનલ હાઈવે ૮ પર અગાઉથી જીજે-૧૨-બીવાય-૯૩૫૪ નંબરનું ડમ્પર પડેલ હતું. જે ડમ્પરની પાછળ મૃતકનું ડમ્પર ઘુસી જતાં ચાલકને માથાના અને પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું હતું.

ઘટનાને પગલે ક્રેઈનની મદદથી રમેશભાઈને બહાર કાઢી શાપર સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. મૃતકનો પરીવાર મૂળ વતનમાં રહે છે અને મૃતકને સંતાનમાં એક દીકરી અને એક દીકરો છે. હાલ શાપર પોલીસે જીજે-૧૨-બીવાય-૯૩૫૪ ડમ્પરના ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી તજવીજ હાથ ધરી છે.

# શાપરઃ બુટલેગર પાસા હેઠળ જેલ હવાલે

## ભાણવડના પાસ્તડી ગામના શખ્સને અમદાવાદ જેલમાં ધકેલવામાં આવ્યો

**અબતક, રાજકોટ**

કોટડા સાંગાણી તાલુકાના શાપર વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં વિદેશ દારૂનો વેપલો કરતા મૂળ ભાણવડના પાસ્તડી ગામના શખ્સની શાપર પોલીસે પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલવામાં આવ્યો છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી દારૂબંધીનો કડક અમલ કરવા અને દારૂનો વેપલો કરતા ધંધાર્થી વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની સૂચનાને આધારે શાપર પોલીસ મથકના સ્ટાફે વિદેશી દારૂના ગુનામાં સંડોવાયેલા હાલ શાપર માં રહેતો અને મૂળ ભાણવડના પસ્તડી ગામનો રોહિત રમેશ કાપડી વિરુદ્ધ પાસાની કરેલી દરખાસ્ત ને જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ દરખાસ્તની મંજૂરી ની મહોર મારતાં જે વોરંટ ની શાપર પોલીસ મથકના પીએસઆઈ આર.કે.ગોહિલ તથા જી.બી.જાડેજાએ બજવણી કરીરોહિત કાપડીને પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ખસેડવામાં આવ્યો છે.

### કમોસમી વરસાદ...

તાલુકાના વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા છે. ગણદેવી તાલુકાના બીલીમોરા સહિત વિસ્તાર કાળા ડીબાંગ વાદળોથી ઘેરાયા છે. વરસાદી માહોલને કારણે લોકોને બફારાથી રાહત પરંતુ ગણદેવી સહિતનાં વિસ્તારોમાં કેરી તેમજ ચીકુના પાકને નુકસાનની ભીતિ છે.

### રાજકોટ રેન્જ.....

આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે અને અને આ કામગીરી આગામી લોકસભા ચંટણી સુધી ચાલુ રહેનારી છે તેવું રેન્જ આઈજી અશોક યાદવે જણાવ્યું છે.

# દાઉદી વ્હોરા સમાજના વડા માઝુનનું નિધનઃ વ્હોરા સમાજમાં શોક

**અબતક,હિતેશ ગોસાઈ, જસદણ**



મુંબઈ ખાતે ગત રાત્રિના વિશ્વભરના દાઉદી વ્હોરા સમાજના માઝુન સૈયદી અલી અસગરભાઈ ભાઈ સાહેબ કલીમુદ્દીનનું ૯૧ વર્ષની વયે નિધન થતાં વિશ્વભરમાં પથરાયેલા તેમનાં લાખો અનુયાયીઓમાં શોકની કાલિમા છવાઈ ગઈ હતી ૪ એપ્રિલ ૧૯૩૩ ના રોજ જન્મેલા અલી અસગરભાઈ ભાઈ સાહેબનું વૃદ્ધાવસ્થાના કારણે નિધન થતાં આ બાબતની જાણ તેમનાં દુનિયાભરમાં પથરાયેલા અનુયાયીઓને ગત રાત્રિના ૧૧ વાગ્યાની આસપાસ થતાં રાતભર માઝુન સાહેબને સોશ્યલ નેટવર્ક પર અંજલિ પાઠવી શોક વ્યક્ત કર્યો હતો દરમિયાન દાઉદી વ્હોરા સમાજના સર્વોચ્ચ ધર્મગુરુ નામદાર ડો સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન (ત.ઉ.શ) ગત રાત્રિના મધ્યપ્રદેશના પ્રવાસમાં રેલ્વેમાં મુસાફરી કરતાં હોય તેમણે પોતાનો પ્રવાસ ગુજરાતના વાપીથી ટુંકાવી સવારે મુંબઈ પરત ફરી માઝુન સાહેબના જનાજાની નમાઝ પઢાવી હતી અને તેમને ચર્નીરોડ પરના કબ્રસ્તાનમાં મદફન કર્યાં સુધી સાથે રહી દુઆ કરી હતી માઝુન સાહેબે આજીવન સેવાવ્રત પાળી જીવનના અંત સુધી ભલાઈના કાર્યો સાથે અલ્લાહની ઈબાદત કરી હતી એમની સુવાસ દેશ દેશાવરમાં એટલી પ્રસરી હતી કે આજે સવારે તેમની અંતિમયાત્રામાં ઠેક ઠેકાણેથી વ્હોરા બિરાદરો ઊમટી પડી તેમને આંસુની અંજલિ આપી હતી પારકી છઠ્ઠીના જાગતલ એવાં માઝુન સાહેબે યુવાનીથી જીવનના અંત સુધી હજજારો નેકીના કાર્યો કરી સમાજને એક અલગ જ દિશા આપી હતી તેથી આજે મુંબઈ ખાતે તેમની અંતિમયાત્રામાં હજજારો અનુયાયીઓ જોડાય માઝુન સાહેબને ભાવવિભોર બની ગર્વભેર યાદ કર્યા હતા માઝુન સાહેબના નિધનથી જગતભરના વ્હોરા સમાજમાં હાલ શોકની લાગણી પ્રસરી છે.

# દુઃખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**અમરેલીઃ** અશોકભાઈ કાનજીભાઈ સોનિગ્રા (ઉ.વ.૪૫)નું તા.૨૪ના રોજ અવસાન થાય છે. સદ્દગતનું બેસણું તા.૨૬ને શુક્રવારના રોજ સવારે ૮:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ગોખરવાળા, અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. યાજ્ઞિક સોનિગ્રા મો.નં.૯૬૩૮૧ ૬૩૨૪૩

**રાજકોટ :** જસદણ નિવાસી હાલ રાજકોટ મોઢ માંઢલીયા નવિનભાઈ ઝવેરચંદ ગાંગડીયા (ઉ.વ.૭૪) તે નરેશભાઈ, પ્રવિણભાઈ, કિશોરભાઈ, અશોકભાઈ, નરેન્દ્રભાઈ, પ્રકાશભાઈ, સંગીતાબેન પારેખ (મુંબઈ)ના ભાઈ તેમજ કમલેશ, હિરેન, જસ્મીન, પરીન પારેખના પિતા તથા વરૂણના દાદા, સ્મીતના નાનાનું તા.૨૫ના રોજ અવસાન થયેલ છે. બેસણું કાલે સવારે ૮-૩૦ થી ૧૦ કલાકે, મોઢવણીક વિદ્યાર્થી ભવન, ૫-રજપુતપરા રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ.નયનાબેન (ઉ.વ.૬૯) તે છગનભાઈ ધડુકના ધર્મપત્ની, પ્રશાંતભાઈ તથા ભાવેશભાઈના માતુશ્રી, ધ્રુતિબેન તથા હિરલબેનના સાસુમા, નેહ તથા હિયાના દાદીમાનું તા.૨૫ના રોજ અવસાન થયું છે. સદ્દગતનું બેસણું તા.૨૭ને શનિવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે સિધ્ધનાથ મહાદેવ મંદિર, પંચાયત ચોક, યુનિવર્સિટી રોડ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.



Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

તંત્રી લેખ

# લોકશાહી માટે મતદાનના તમામ તબક્કા મહત્વપૂર્ણ

વિશ્વના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્રનું બહુમાન ધરાવતા ભારત દેશમાં મતદાનના મહાપર્વનો પ્રારંભ થઈ ચુક્યો છે. આજે બીજા તબક્કાના મતદાનમાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. દેશવાસીઓ હોંશભેર મતદાન કરી રહ્યા છે. લોકશાહીને વધુ મજબૂત બનાવવા માટે મતદાનના તમામ તબક્કા ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ૫૪૩ લોકસભા બેઠક માટે અલગ-અલગ સાત તબક્કામાં મતદાન યોજાવાનું છે અને ચાર જૂનના રોજ મત ગણતરી હાથ ધરવાની છે. આજે બીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ સાતમી મેના રોજ બીજા તબક્કાનું મતદાન થશે. લોકશાહીમાં દેશની જનતાનો અવાજ સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મતદાતાને લોકશાહીમાં રાજા માનવામાં આવે છે. એક-એક મતની કિંમત રહેલી છે. દેશના વિકાસ માટે મતદાન કરવું તે દરેક નાગરિકની પ્રાથમિક ફરજ રહેલી છે અને આ ફરજનું અચૂક પાલન કરવું જોઈએ. મતદાન ન કરનાર વ્યક્તિને કોઈપણ પ્રશ્ને સરકારને વખોડવાનો હક્ક રહેતો નથી. એક-એક મતથી મજબૂત રાષ્ટ્રનું નિર્માણ થતું હોય છે. પ્રથમ બાદ બીજા તબક્કામાં પણ જે રીતે દેશવાસીઓએ ઉમળકાભેર અને હોંશેહોંશે મતદાન કર્યું તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. તમામ સાતેય તબક્કાનું મતદાન ભારતના ભાગ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે. મત કોને આપો છો તે મહત્વનું નથી પણ એક જવાબદાર વ્યક્તિ તરીકે મતદાન કરવું તે મહત્વનું છે.

# નિધિ સ્કુલ દ્વારા રવિવારે સર્વરોગ નિદાન કેમ્પ તથા નારી રત્નોનું સન્માન

## હોમિયોપેથી મેડિકલ કોલેજ, સાંઈનાથ હોસ્પિટલના તબીબો નિઃશુલ્ક સેવા આપશે. કાર્યક્રમની વિગત આપવા યશપાલસિંહ ચુડાસમા સહિત શિક્ષકોએ લીધી અબતકની મુલાકાત


તસ્વીરઃ કરન વાડોલીયા

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નં. ૧ માં આવેલ નિધિ સ્કૂલ અને સી. જે. ગ્રુપ દ્વારા રાજકોટ હોમિયોપેથી મેડિકલ કોલેજ અને સાંઈનાથ હોમિયોપેથી હોસ્પિટલ ના સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન તા. ૨૮ રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન ''નિધિ સ્કૂલ'', ભારતી નગર શેરી નં. ૨, રામાપીર ચોકડી પાસે, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે,

આ નિશુલ્ક નિદાન કેમ્પમાં હોમિયોપેથીક સારવાર માટે ડો. હિતાર્થ મહેતા, ડો. માધવી વાગડિયા, ડો. રોમલ પદસુંબીયા, ડો. અલ્ફેઝ કુરેશી તેમજ દાંતના નિષ્ણાંત નીતાબેન ટાંક, ફિઝિયોથેરાપીમાં વૈશાલી મકવાણા, તેમજ લેબોરેટરીની સુવિધામાં દયાબેન હિરપરા સેવા આપશે, આ કેમ્પમાં પેટના દર્દો, સ્ત્રી રોગો, સંધિવા, સાયટીકા, ચામડીના રોગો, કિડનીના રોગો, આંખના રોગો, વગેરે દર્દોનું નિઃશુલ્ક નિદાન કરવામાં ખાવશે. તેમજ નિઃશુલ્ક દવા આપવામાં આવશે, તો આ હોમિયોપેથિક નિઃશુલ્ક નિદાન કેમ્પનો લાભ લેવા સર્વે નગરજનોને અપીલ છે, તેમજ વોર્ડ નં.૧ માં રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે,સેવાકીય ક્ષેત્રે વગેરેના નારી રત્નો નું સન્માન પણ કરવામાં આવશે. આ નારી રત્નોમાં દુર્ગાબા જાડેજા, સેજલબેન ચૌધરી, જલ્પાબેન દતાણી, હર્ષાબા જાડેજા, મયુરીબા પરમાર, જ્યોતિબેન હિંગુ, કોમલબેન પરમાર, વગેરેના સન્માન કરવામાં આવશે, આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હિરેનભાઈ ખીમાણીયા, ડો. અલ્પેશભાઈ મોરઝરીયા તેમજ વોર્ડના અગ્રણીઓ કાથડ ભાઈ ડાંગર, જયદીપસિંહ જાડેજા, કાનાભાઈ ખાણધર, લલીતભાઈ વાડોલીયા ઉપસ્થિત રહેશે, કાર્યક્રમની વિગત આપવા નિધિ સ્કુલના યશપાલસિંહ ચુડાસમા, હર્ષદ રાઠોડ, તેમજ સી.જે. ગ્રુપના ચિરાગભાઈ ધામેચા, નિરવ વ્યાસ, ભૂમિ વાઘેલા, અંજના ચિતલીયાએ અબતકની મુલાકાત લીધી હતી.

# જોષી અને કાછડિયા પરિવારનો કુળદેવીનો ગુરૂવારે મહાયજ્ઞ

**અબતક, રાજકોટ**

કાલાવડના પીપર ગામે બીજી મેને ગુરુવારના રોજ ઈસામલિયા જોષી તથા કાછડીયા પરિવારના કુળદેવીનો મહાયજ્ઞ યોજાશે.

માતાજીના આ મહાયજ્ઞ ઈસામલિયા જોષી તથા કાછડીયા પરિવાર સહ પરિવાર પધારી કુળદેવી માતાજી તેમજ યજ્ઞ નારાયણના દર્શનનો લાભ લેવા આયોજકો એ નિમંત્રણ પાઠવી અનુરોધ કરેલ છે. યજ્ઞનો સમય સવારનો ૭ થી બપોરે ૧૨.૩૦ કલાકનો રાખેલ છે. વધુ માહીતી માટે પંકજભાઈ જોશી મો. ન. ૯૫૨૯૯ ૬૬૦૬૪, ગૌરાગભાઈ જોષી મો. નં. ૯૩૭૧૭ ૦૯૯૬૬ અને મનીષભાઈ રાંક (પીપર) મો. નં. ૭૫૬૭૪ ૮૪૬૭૩ પર સંપર્ક કરવા યાદીમાં જણાવેલ છે.

# સમસ્ત પરમાર પરિવાર દ્વારા આજે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

સમસ્ત પરમાર પરિવાર દ્વારા સર્વ પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કર્યુ છે. પરિવારના હરીસિંગભાઈ માધુભાઈ પરમાર દ્વારા આજથી તા.ર મે સુધી ન્યુ નહેરુનગર (પ્રાયવેટ) ૧/ર ની વચ્ચેની શેરી નાના મવા મેઈન રોડ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. કથા વ્યાસાસને અમરેલીવાળા સુપ્રસિધ્ધ કથાકાર મનીષભાઈ જોષી (હરીહર ) બિરાજી સંગીતમય શૈલીમાં કથા શ્રવણ કરાવશે. કથા દરમ્યાન રાત્રીના સંતવાણી ભજનોના કાર્યક્રમ થશે. ભાવિકોને કથા શ્રવણનો લાભ લેવા હરિસીંગભાઈ (હકાભાઈ) પરમાર તથા પરમાર પરિવાર તરફથી નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વર્લ્ડ કલાસ થિંક-ટેક શરૂ કરશે

## ચિંતન રિસર્ચ ફાઉન્ડેશન આબોહવા પરિવર્તન, ઉર્જા સંક્રમણના ત્રણ સ્તભો, ભૌગોલિક, અર્થતંત્ર અને વેપાર પર ધ્યાન કેન્દ્રીત કરશે

**અબતક,રાજકોટ**

વિખ્યાત ભારતીય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વર્લ્ડ ક્લાસ થિંક-ટેન્ક સ્થાપવાના અંતિમ તબક્કામાં છે. નવી દિલ્હીમાં હેડક્વાર્ટર ધરાવતી આ નવીન સંસ્થાનો ઉદ્દેશ્ય માત્ર ભારત જ નહીં, પરંતુ ગ્લોબલ સાઉથ માટે સંશોધન કરવાનો છે. થિંક ટેન્કને અદાણી ગ્રુપથી સ્વતંત્ર રાખવામાં આવશે, તેનું પોતાનું ગવર્નન્સ સ્ટ્રક્ચર અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સ રહેશે. જો કે હજી સુધી તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

કંપનીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે થિંક-ટેન્કનું નામ ચિંતન રિસર્ચ ફાઉન્ડેશન નક્કી કરવામાં આવ્યું છે. અદાણી જૂથ પાસેથી નવનિર્મિત સંસ્થાને રૂ.૧૦૦ કરોડનું ભંડોળ મળશે, જો કે ભવિષ્યમાં તે રકમમાં વધારો થઈ શકે છે. પ્રારંભિક ભંડોળ મેળવ્યા બાદ તેની પાસે આવકનો આગવો પ્રવાહ ઉભો થશે જેનાથી તે આત્મનિર્ભરતા માટે સક્ષમ બનશે.

ચિંતન રિસર્ચ ફાઉન્ડેશનનો ઉદ્દેશ માત્ર સંશોધન જ નહીં, આબોહવા પરિવર્તન અને ઉર્જા સંક્રમણના ત્રણ સ્તંભો, ભૌગોલિક રાજનીતિ અને વ્યૂહાત્મક બાબતો, અને અર્થતંત્ર અને વેપાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. વળી તે સીઓપી૨૯ , યુનાઈટેડ નેશન્સ અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન જેવા વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારતના હિતોની તરફેણ પણ કરશે.

જો બધુ બરાબર રહ્યું તો, ચિંતન ફાઉન્ડેશનનું લોકાર્પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. સંસ્થા બહારના ભંડોળને આકર્ષવા અને તેની સાથે વિસ્તરણ કરવાનું પણ વિચારી રહી છે. અદાણી સાથે સૂચિત સ્વતંત્ર સંશોધન સંસ્થા માટે બોર્ડ જૂથની નિમણૂંક હાથવગી રાખવામાં આવી છે. લંડન, વોશિંગ્ટન, મુંબઈ અને બેંગલુરુ જેવા ભારતીય રાજયોની રાજધાનીઓમાં પણ તેની ઓફિસો પથરાયેલી હશે.

અદાણી એ દેશમાં આગળ વધનાર નવીનતમ ભારતીય કોર્પોરેટ લીડર છે. સ્વદેશ નિર્મિત અદ્યતન થિંક-ટેન્ક વિકાસશીલ રાષ્ટ્રોને નવું પ્લેટફોર્મ પૂરુ પાડશે. ગત વર્ષે જી૨૦ સમિટની યજમાની દરમિયાન આફ્રિકન યુનિયનને જી૨૦ના પૂર્ણકાલીન સભ્ય રાષ્ટ્ર તરીકે સમાવવા ભારતની સફળતાપૂર્વકની ભૂમિકાને મિડિયાએ વિશ્વગુરુ ભારત તરીકે રજૂ કરી હતી.

હિંડનબર્ગ રિસર્ચના કથાકથિત આરોપો બાદ અદાણીએ આંતરરાષ્ટ્રીય છબીને ફરીથી બનાવવા કમર કસી છે. યુ.એસ.ના શોર્ટ સેલરે આરોપ મૂક્યો હતો કે તેનું જૂથ વ્યાપક કોર્પોરેટ છેતરપિંડી અને શેરના ભાવની હેરાફેરીમાં રોકાયેલું છે. યુએસ ફેડરલ પ્રોસિક્યુટર્સ અદાણી જૂથના સ્થાપકની પણ સંભવિત લાંચના ઉલ્લંઘન માટે તપાસ કરી રહ્યા છે. જો કે અદાણી જૂથે વારંવાર કોઈપણ જાતની ગેરરીતિ આચર્યાનો ઈનકાર કર્યો છે.

# ડ વોર્ડના વોંકળાને કરાયા ચોખ્ખા ચણાંક



**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત વોર્ડ નં.૧, ૩, ૪, ૭, ૧૦ અને ૧૫માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી.

પૂર્વ ઝોનના વોર્ડ નં.૪ વોર્ડ ઓફિસની બાજુમાં અને સગર શેરી, બેડીપરા વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫ જિલ્લાના નાલે વોકળામાં સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી.

મધ્ય ઝોનના વોર્ડ નં.૩ હંસરાજ નગર બસ સ્ટોપ સામે જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈ વોર્ડ નં.૩ ગાયકવાડી સુલભ પાછળ વોકળા સફાઈ, વોર્ડ નં.૭ જનકલ્યાણ હોલ સામે વોકળા સફાઈ, વોર્ડ નં.૭ મનહર પ્લોટ ૭ વોકળાનો ગાળ કચરો કાઢવામાં આવેલ હતી.

પશ્ચિમવોર્ડ નં.૧૦ રૂડાનગર વોકળા મેન્યુલ તથા ઉંઈઈ ડમ્પર દ્વારા સફાઈ, વોર્ડ નં.૧ જામનગર રોડ, ઘંટેશ્વર સૈનિક સ્કૂલ સરદારજી સાફા વાળાની સામે ઉંઈઈ ડમ્પર દ્વારા વોકળા સફાઈ કરવામાં આવી હતી.

### વિશ્વ નૃત્ય દિવસ નિમિતે

# રવિવારે પરમ કથક કેન્દ્ર દ્વારા શાસ્ત્રીય નૃત્ય કથક પ્રસ્તુતિ

## સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના નૃત્ય નિર્દેશક ગૌરવ પુરસ્કૃત પલ્લવી વ્યાસ સંભાળશેઃ હેમુ ગઢવી હોલ ખાતે અનેરૂ આયોજન



**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી વિશ્વ નૃત્ય દિવસ નિમિતે, રાજકોટ શહેરના પરમ કથક કેન્દ્ર દ્વારા પરંપરાગત શુદ્ધ શાસ્ત્રીય નૃત્ય કથક પ્રસ્તુતિ 'અભિવ્યક્તિ'નું આયોજન તા.૨૮ને રવિવારે સવારે ૧૦:૩૦ કલાકે શહેરના હેમુગઢવી હોલ ખાતે કરવામાં આવેલ છે.

કાર્યક્રમ અંતર્ગત પરમ કથક કેન્દ્ર સંસ્થાના શિષ્યો દ્વારા દેવાલય નૃત્યો પ્રસ્તુત કરાશે. જેમાં હાર્મોનિયમ ઉપર ઋષિકેષ પંડ્યા, તબલા ઉપર કૃણાલ વ્યાસ, પખાવજ ઉપર યશ પંડ્યા, સારંગી ઉપર અર્પિત માંડવિયા અને સિતાર ઉપર ગૌરવ નાગોર સંગત કરશે.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનોમાં નાટયવિદ ગૌરવ પુરસ્કૃત નયન ભટ્ટ તથા મૃણાલિની ભટ્ટ, તપસ્વી સ્કૂલના સંસ્થાપક અને કેળવણીકાર અમિષ દેસાઈ, નાટ્યવિદ તેમજ કલા ગૌરવ પુરસ્કારથી સન્માનિત નિર્લોક પરમાર, બાલભવનના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ કિરીટ વ્યાસ, આકાશવાણી રાજકોટના ડો.ભાવના શિંગાળા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ, વિવિધલક્ષી સહકારી મંડળી-અમૂલના આનંદભાઈ જોષી વિશેષ ઉપસ્થિત રહેશે.

સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના, નૃત્ય નિર્દેશન તેમજ સંચાલન ગૌરવ પુરસ્કૃત પલ્લવી વ્યાસની છે. આ કાર્યક્રમના કથકપ્રેમીઓએ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. કાર્યક્રમમાં વિનામૂલ્યે પ્રવેશ અપાશે.

# બીસીએ પેપર લીંકકાંડમાં તાકીદે પોલીસ ફરીયાદ કરોઃ એનએસયુઆઇ - સીવાય એસએસની માંગ

## સૌરાષ્ટ્ર યુનિ.ના પેપર લીંક તેમજ જસદણમાં ચાલુ પરીક્ષામાં ખુલ્લે આમ ચોરી બાબતે વિદ્યાર્થી સંગઠનોનો હલ્લા બોલ


તસ્વીરઃ દીપેશ ગરોધરા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિ. અંતર્ગત હાલ લેવામાં આવતી વિવિધ વિદ્યાશાખાની પરીક્ષા પૈકી બી.સી.એ. સેમ.૪ ની પરીક્ષાનાં સમય અગાઉ જ વોટસએપ મારફતે ૨૫ માર્કના પ્રશ્નો વિદ્યાર્થીઓના વોટસએપ ગ્રુપમાં વાયરલ થતાં, આ સમગ્ર ઘટના પેપર લીકની હોવાનું માલુમ પડે છે. ત્યારે આ ઘટનાને આજે ૬ દિવસ ઉપર થયા હોવા છતાં, સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા હજુ સુધી કોઈ ઠોસ પગલા લેવામાં આવેલ નથી. આમ સૌરાષ્ટ્ર યુનિ.ના સત્તાધીશોની રહેમ નજર અને ઢીલના કારણે ગઈકાલે જસદણની એક કોલેજમાં પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ ખુલ્લેઆમ ચોરી કરતા તેવો વિડીયો સામે આવ્યો. આમ, ગંભીર બાબતોને લઈને એનએસયુઆઈ, સીવાયએસએસ દ્વારા યુનિવર્સિટી ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આમ, સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં વારંવાર થતા આવા છબરડાને લીધે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા પ્રસરી છે. તે ઉપરાંત યુનિવસિટીની શાખને પણ નુકશાન થાય છે ત્યારે છાત્ર સંઘ એનએસયુઆઈ અને સીવાયએસએસ ના આગેવાનો દ્વારા સંયુકત માંગ કરવામાં આવી કે, બી.સી.એ. પેપર લીક કાંડમાં તાત્કાલીક પોલીસ ફરીયાદ કરવામાં આવે અને જે તે કોલેજનું નામ ખુલ્લે તેનું પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# રાજ પ્રા. શાળા દ્વારા યોજાયો વાર્ષિકોત્સવ

## બાળકોએ રાસ, ડાન્સ, નાટક સહીતની કૃતિ રજુ કરી




**અબતક, રાજકોટ**

રાજકોટમાં દર વર્ષેની જેમ આ વર્ષેપણ રાજ પ્રા. શાળા વિદ્યાલય તેમજ પ્લે હાઉસના વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ વાર્ષિકોત્સવ નીમીતે શાળામાં રાસ, ગરબા, ડાન્સ, નાટક જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ તેમજ શાળાના ૩૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ ફ્રિમાં લકકી ડ્રોનું આયોજન કરે તેમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ જાહેર કરેલ તેમજ રાખડી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા માં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરેલ. આ કાર્યક્રમનો આરંભ શાળાના સંચાલક રાજેનભાઈ કે.સિંઘવ ના હસ્તે દિપ પ્રગટાવીને કરવામાં આવેલ હતું. કાર્યક્રમને નિહાળવા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. તેમજ કાર્યક્રમ પૂર્ણ થતા શાળા તરફથી નાસ્તો, ગોલા પાર્ટી તેમજ સમુહ ભોજનની મજા માણેલ હતી.

# રવિવારે દીક્ષાર્થી યશ્વીદીદીનો મહાતપોત્સવ દીક્ષા મહોત્સવ

## મહાભિનિષ્ક્રમ શોભાયાત્રા તથા દીક્ષાર્થીનો સન્માન સમારોહ યોજાશે



**અબતક,રાજકોટ**

દેશ-વિદેશના લાખો ભાવિકો જે મહોત્સવની મહિનાઓથી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છે એવા મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવનું આયોજન રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ૨૮ એપ્રિલ, ૨૦૨૪ રવિવારના દિવસે સવારના ૮:૩૦ કલાકે વિલેપાર્લે સ્થિત માલીનીબેન કિશોરભાઈ સંઘવી શાંતિપ્રભા હોલ, ઋતંભરા કેમ્પસ, જે.વી.પી.ડી. સ્કીમ ખાતે કરવામાં આવ્યું છે.શ્રી વિલેપાર્લે વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના ઉપક્રમે છેલ્લા ત્રણ દિવસથી ઉજવાઈ રહેલાં મહાતપોત્સવ અને દીક્ષા મહોત્સવના ભવ્યાતિભવ્ય અવસરના અંતિમ ચરણ સ્વરૂપ મહોત્સવના ચતુર્થ દિવસે કાલે સવારના ૭:૩૦ કલાકે દીક્ષાર્થી યશ્વીદીદી મહેન્દ્રભાઈ નંદુની મંડપ મુહૂર્ત વિધિ બાદ ૮:૦૦ કલાકે દીક્ષાર્થીની માળારોપણ વિધિ યોજાશે. ત્યારબાદ ૯:૦૦ કલાકે ''મહાતપસ્વીને લાખો પ્રણામ'' કાર્યક્રમની સાથે અખંડ ૧૦૦૮ આયંબિલ તપ આરાધિકા પૂ.પરમ સૌમ્યાજી મહાસતીજીને ગુરુ મુખે કળશ પ્રત્યાખ્યાન અર્પણ કરવામાં આવશે. તેની સાથે સાથે આ અવસરે સંસારને આખરી સલામ સ્વરૂપ દીક્ષાર્થીનો સન્માન સમારોહ યોજાશે. ત્યારબાદ ''બીકોઝ ઓફ યુ'' એક અદભુત દશ્યાંકનની પ્રસ્તુતિ કરવામાં આવશે.

બપોરના ૩.૩૦ કલાકે દીક્ષાર્થીની કોળિયા વિધિ યોજાશે.વિશેષમાં, ૨૮ એપ્રિલ, ૨૦૨૪ રવિવારના મહોત્સવના અંતિમ દિવસે સવારના ૭:૦૦ કલાકે વાડીલાલ મોહનલાલ શાહ હસ્તે શીલાબેન સી. વી. શાહના નિવાસસ્થાન માતૃછાયા, રોડ નં ૬, જે. વી. પી. ડી. સ્કીમ, ૨૧ ફ્રેન્ડ્સ સોસાયટી, બેન્ક ઓફ મહારાસ્ટ્રની સામે, વિલે પાર્લે ખાતેથી દીક્ષાર્થીની સંસારમાં ફરીને કદી પાછા ન ફરવાની ''મહાભિનિષ્ક્રમણ યાત્રા'' નું આયોજન કરવામાં આવશે.મહાતપસ્વી પૂ. પરમ સૌમ્યાજી મહાસતીજી એવમ દીક્ષાર્થીનો જય જયકાર ગજાવતી, આ મહાભિનિષ્ક્રમણ શોભાયાત્રા ગાજતી ગુંજતી ઋતંભરા કેમ્પસ ખાતે પધારશે જ્યાં મહાતપસ્વી પૂજ્ય મહાસતીજીને હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં પારણા કરાવવા સ્વરૂપ મહાતપોત્સવ તેમજ દીક્ષાર્થીને દીક્ષાના દાન આપવા સ્વરૂપ દીક્ષા મહોત્સવ યોજાશે.પરમ સદભાગ્યે આવા કલ્યાણકારી મહોત્સવમાં જોડાવવાનો જ્યારે અવસર આવ્યો છે ત્યારે દરેક ધર્મપ્રેમી ભાવિકોને પધારીને ધન્ય બનવા શ્રી વિલેપાર્લે સંઘ તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# નેશનલ રેફરી ફિટનેસ ટેસ્ટમાં ગુજરાતનો ડંકોઃ પાંચ સ્પર્ધકો વિજેતા

**અબતક, રાજકોટ**

ગ્વાલિયર ખાતે ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશન દ્વારા રેફરી તથા આસિસ્ટન્ટ રેફરી માટેનો લેવલ-૫ નેશનલ રેફરી માટેની ફીટનેસ ટેસ્ટ રાખવામાં આવેલ જેમાં ગુજરાતમાંથી પાંચ રેફરી ભાઈઓ તથા બહેનો ઉર્ત્તિણ થયેલ છે.

(૧) મેલ્વીન રોડ્રીક્સ, રાજકોટ - રેફરી,(૨) અભિનવ ચૌધરી, બરોડા - રેફરી,(૩) વિશાલ વાજા, ભાવનગર - આસિસ્ટન્ટ રેફરી,(૪) ધ્રુવીત ગુપ્તા, પાલનપુર - આસિસ્ટન્ટ રેફરી અને (૫) પ્રિયંકા ભીલ, અમદાવાદ - આસિસ્ટન્ટ રેફરી

રાજકોટના મેલ્વીન રોડ્રીક્સને એસોસિએશનના પ્રમુખ ગુણુભાઈ ડેલાવાળા, ડી. વી. મહેતા, મુકેશ બુંદેલા, બી. કે. જાડેજા, રોહિત બુંદેલા, જીવણસિંહ બારડ, અમીત શિયાળીયા, અજય ભટ્ટ, અમૃતલાલ બહુરાશી, રાજેશ ચૌહાણ, જયેશ કનોજીયા, મનદીપસિંહ બારડ, ઉપેન્દ્રસિંહ ઝાલા, દિપક યશવંતે, રોહીત પંડીત, શિવરાજસિંહ ચાવડા, ધર્મેશ વગેરે સભ્યોએ અભિનંદન પાઠવેલ છે. ઉર્ત્તિણ થયેલ રેફરી તથા આસિસ્ટન્ટ રેફરી હવે પછી ઓલ ઈન્ડિયા ફુટબોલ ફેડરેશનની દરેક ટુર્નામેન્ટમાં નેશનલ લેવલે સેવા બજાવશે.

# બોયઝ અન્ડર ૧૭ બાસ્કેટ બોલની ટીમ હરિયાણામાં કરશે પ્રતિનિધિત્વ



**અબતક, રાજકોટ :** ગુજરાત સરકાર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સંચાલીત જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા બોયઝ અન્ડર ૧૭ બાસ્કેટ બોલ ટીમકી જે આવનારા દિવસોમાં ગુરુ ગ્રામ હરિયાણા ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. શુભેચ્છાઓ પાઠવી હતી.

# વોર્ડ નં.૧૩નાં ડ્રેનેજ સફાઈ ફરિયાદ નિકાલના ફોન નંબર ફર્યા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૩માં અલકા સોસાયટી મેઈન પર, પતંજલિ સ્કૂલ પાસે આવેલ ડ્રેનેજ સફાઈ ફરિયાદ નિકાલ માટેના ફોન નંબરમાં ફેરફાર થયેલ છે. જેમાં જુના ફોન નંબર ૮૪૦૧૪૧૫૦૮૫ ને બદલે હવેથી નવા ફોન નંબર ૮૪૮૫૯૧૫૩૦૧ માં ફરિયાદ લખાવવા નાગરિકોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# મૃત્યુ પામેલા પતિની સંપત્તિ ઉપર પત્નીનો "સંપૂર્ણ" અધિકાર નથી: દિલ્હી હાઈકોર્ટ

## પત્ની પોતાના જીવનકાળ દરમિયાન મિલકતનો ભોગવટો મેળવવાને હકદાર પણ દાવાના કિસ્સામાં સંપત્તિ વેંચી શકે નહિ




**અબતક, રાજકોટ**

દિલ્હી હાઈકોર્ટે તાજેતરમાં મૃત પતિની મિલ્કત પર પત્નીનો સંપૂર્ણ અધિકાર નથી તેવો ચુકાદો આપ્યો છે. અદાલતે નોંધ્યું છે કે, કોઈ પણ આવક વગરની હિંદુ મહિલાને તેના જીવનકાળ દરમિયાન મૃત પતિની સ્વ-સંપાદિત મિલકત પર અધિકાર છે. જો કે, જયારે બાળકો સહિત અન્ય કાનૂની વારસદારો દ્વારા દાવાઓ કરવામાં આવે ત્યારે પત્ની પાસે મિલકત વેચવા અથવા ટ્રાન્સફર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેતો નથી.

કોર્ટ એક મામલાની સુનાવણી કરી રહી હતી જ્યાં પતિ (પત્ની પહેલા મૃત્યુ પામ્યા હતા)એ તેની પત્નીને તેના મૃત્યુ સુધી મિલકતનો કબ્જો ભોગવટો માણવાનો અધિકાર આપવાનું વિગતવાર વિલ કર્યું હતું અને આગળ જણાવ્યું હતું કે સંપત્તિ કેવી રીતે વિતરિત થશે.

હિન્દુ મહિલાઓના કિસ્સામાં જેમની પાસે તેમની પોતાની આવક ન પણ હોય તેમના પતિઓ દ્વારા તેમને આપવામાં આવેલી જીવન સંપત્તિ મેળવવી તેમના જીવનકાળ દરમિયાન તેમની નાણાકીય સુરક્ષા માટે એક આવશ્યક સુરક્ષા છે. પતિના અવસાન પછી મહિલા તેના બાળકો પર નિર્ભર ન રહે તે સુનિશ્ચિત કરવા માટે આવી સુરક્ષા જરૂરી છે. આવા સંજોગોમાં પત્નીને તેના જીવનકાળ દરમિયાન મિલકત ભોગવવાનો સંપૂર્ણ અધિકાર છે. તેણી જીવનભર આ મિલકતમાંથી આવકનો આનંદ પણ માણી શકે છે. જો કે, એવું ન માની શકાય કે પત્નીને તેના પતિના મૃત્યુ પછી મિલકત પર સંપૂર્ણ અધિકાર આપતા જાળવણી તરીકે આખી મિલકતને જાળવણી તરીકે સમજવામાં આવે તેવું જસ્ટિસ પ્રતિબા એમ સિંહે નોંધ્યુ છે.

કોર્ટ મિલકતના વિવાદથી ઉદ્દભવતા કેસની સુનાવણી કરી રહી હતી જ્યાં સિવિલ કોર્ટે નિષ્કર્ષ આપ્યો કે પતિ દ્વારા તેમના મૃત્યુ પહેલાં એક વિલ હોવાથી પત્ની ત્યાં ૨૩ વર્ષથી રહેતી હોવાથી તેની મિલકતની સંપૂર્ણ માલિક બની ગઈ હતી. પરંતુ મૃતકના છ બાળકો અને એક પૌત્રી દ્વારા મિલકત પરના અનેક દાવાઓ સાથે ચુકાદાને પડકારવામાં આવ્યો હતો. એક પક્ષે મૃતક દ્વારા વસિયતમાં દર્શાવ્યા મુજબ મિલકત પર અધિકારો માંગ્યા હતા જયારે બીજી બાજુએ દલીલ કરી હતી કે માતાની સંપૂર્ણ માલિકી હોવાથી મિલકતનું નવેસરથી વિભાજન તેમાંથી થવું જોઈએ.

વિલ સ્પષ્ટપણે જણાવે છે કે પત્નીને વિષયની મિલકત વેચવાનો અલગ કરવાનો અથવા ટ્રાન્સફર કરવાનો કોઈ અધિકાર નથી. આ સ્થિતિને જોતાં તેના પતિના મૃત્યુ પછી તે વિષયની મિલકતની સંપૂર્ણ માલિક બની ગઈ હતી અને તે મિલકત વેચી કે અલગ કરી શકતી હતી તેવું ભારપૂર્વક જણાવવા માટે વિલમાં દર્શાવવામાં આવેલા સ્પષ્ટ ઉદ્દેશ્યનો તેમજ મૃતકની માતાના ઈરાદા સાથે સ્પષ્ટપણે વ્યક્ત કરાયેલા ઈરાદાનો વિરોધ કરશે. તેણીનું વર્તન કે તેણીએ તેના જીવનકાળ દરમિયાન વિલનો અમલ કર્યો નથી અથવા મિલકત વેચી નથી, તેવું કોર્ટે અવલોકન કર્યું હતું.

અદાલતે રેખાંકિત કર્યું હતું કે પત્ની પાસે તેના પતિના મૃત્યુ પહેલા મિલકતમાં કોઈ પણ હક ન હતો અને તે ફક્ત વિલ હેઠળ હસ્તગત કર્યા હતા.

## આત્મનિર્ભર ભારત: હવે આઈફોનની નિકાસમાં ટાટા મહત્વનો ભાગ ભજવશે

# ટાટા હવે આઈફોન કવરના મેન્યુફેકચરિંગ માટે ઘરઆંગણે જ હાઈટેક મશીન બનાવશે

## અત્યાર સુધી આ મશીન ચીનથી મંગાવવામાં આવતું હતું, ટાટા આ મશીન જાતે બનાવી તેની નિકાસ પણ કરશે

**અબતક, નવી દિલ્હી**

આત્મનિર્ભર ભારત હવે જેટ ગતિએ આગળ વધી રહ્યું છે. ત્યારે આઈફોનની નિકાસમાં ટાટા મહત્વનો ભાગ ભજવવા સજ્જ બન્યું છે. ટાટા હવે આઈફોન કવરના મેન્યુફેક્ચરિંગ માટે ઘરઆંગણે જ હાઈટેક મશીન બનાવશે. અત્યાર સુધી આ મશીન ચીનથી મંગાવવામાં આવતું હતું. ટાટા આ મશીન જાતે બનાવી તેની નિકાસ પણ કરશે.




ટાટા ઈલેક્ટ્રોનિક્સ હવે ખૂબ જ અત્યાધુનિક મશીનો વિકસાવવા પર આંતરિક રીતે કામ કરી રહી છે જેનો ઉપયોગ આઈફોન કવરના ઉત્પાદનમાં થશે. કંપનીએ આ માટે ક્ષમતા વિકસાવવા માટે બે ભારતીય ઉત્પાદકો સાથે જોડાણ કર્યું છે અને ભવિષ્યમાં આ જટિલ મશીનોની નિકાસ કરવાની પણ યોજના ધરાવે છે. અત્યાર સુધી ટાટા ચીનથી આ મશીન આયાત કરતું હતું.

આ મશીનોનો ઉપયોગ એપલ જેવી વૈશ્વિક કંપનીઓ માટે કામ કરતા કોન્ટ્રાક્ટ ઉત્પાદકોની ઉત્પાદન લાઇનમાં થઈ શકે છે. આ પગલાથી ૨૦૨૫ સુધીમાં સરકારના ૩૦૦ બિલિયન ડોલરના ઈલેક્ટ્રોનિક્સ નિકાસ લક્ષ્યાંકને નોંધપાત્ર પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

"ટાટા ગ્રૂપ તેની હોસુર ફેસિલિટી પર તબક્કાવાર રીતે આ મશીનોનું પરીક્ષણ કરી રહ્યું છે," જેનાથી વાકેફ એક વ્યક્તિએ કહ્યું, "સ્થાનિક ક્ષમતામાં વધારો કરવાનો એક ઉદ્દેશ્ય છે, કારણ કે કંપની ફક્ત એન્ક્લોઝર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરતી નથી. તેના બદલે, તે દેશમાં ઈકોસિસ્ટમ વિકસાવવા માંગે છે. "આ મશીનો એક ઘટક અથવા બિડાણ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા ઘણા ઈનપુટ્સમાંથી એક છે જે કંપની ચોક્કસ ભાગો પર તેની વિશિષ્ટ નિર્ભરતાને ઘટાડવા માટે વિચારી રહી છે."

એચસીએલના સહ-સ્થાપક અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, "દરેક વ્યક્તિને કવર જોઈએ છે." "જો ટાટા જૂથ આયાત અવેજી કરવા સક્ષમ છે અને તેઓ ભારતમાં આ મશીનો બનાવવા માટે સક્ષમ છે, તો તે એક ઉદ્યોગ બનાવશે કારણ કે કવરનું માર્કેટ ખૂબ મોટું છે. કોઈપણ જે ભારતમાં ફોન અથવા ટેબ્લેટ બનાવવા માંગે છે તે જરૂરી છે. કવર પણ બનાવે." "અને જો તેઓ એપલના કડક ધોરણોનું પાલન કરવામાં સક્ષમ હોય, તો તે પોતાની રીતે ઉચ્ચ ગુણવત્તાવાળી મશીન હશે."

ભારતમાં ઘણા ક્ષેત્રોમાં કમ્પ્યુટર ન્યુમેરિકલ કંટ્રોલ મશીનોનો વ્યાપકપણે ઉપયોગ થાય છે, પરંતુ જયારે ચોકસાઈવાળા ઘટકો માટે સીએનસી મશીનોનો ઉપયોગ કરવાની વાત આવે છે, ત્યારે સ્થાનિક ઉત્પાદકો પાસે હાલમાં તે ક્ષમતા નથી, એમ વ્યક્તિએ જણાવ્યું હતું. "તે દરેકની પ્રાથમિકતાઓમાંની એક છે - સરકાર, ટાટા ગ્રૂપ જેવા ઉત્પાદકો અને કંપનીઓ પોતે સપ્લાય ચેઈનમાં વિવિધતા લાવવા અને જોખમ ઘટાડવા," આ વ્યક્તિએ કહ્યું.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ટાટા જૂથ પાસે તેની હોસુર સુવિધા પર લગભગ ૪૦ લાઇન છે. અધિકારીએ જણાવ્યું કે ટાટા ગ્રુપે પુણેની એક કંપની અને બેંગલુરુમાં બીજી કંપની સાથે કરાર કર્યા છે. જોકે નિકાસની યોજનાઓ ટાટા ગ્રૂપના એજન્ડામાં છે, પરંતુ તેને ગ્રાઉન્ડ રિયાલિટી બનવામાં થોડો સમય લાગી શકે છે, એમ એક સૂત્રએ જણાવ્યું હતું.

"ઉદ્યોગ માટે મુખ્ય કેપિટલ ગુડ્સનો વિકાસ અત્યંત મહત્વપૂર્ણ છે." ઈન્ડસ્ટ્રી બોડી ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિકસ એસોસિએશનના પ્રમુખ પંકજ મોહિન્દ્રુએ જણાવ્યું હતું. "અમે ભારતને ઈલેક્ટ્રોનિક્સના કેપિટલ ગુડ્સ માટે મુખ્ય એસેમ્બલી અને કમ્પોનન્ટ હબ તરીકે વિકસાવવા પર કામ કરી રહ્યા છીએ."

# ભાવનગરના શખ્સે બોગસ બીલિંગ દ્વારા ૬૦ કરોડનો "ચૂનો ચોપડયો"


## આઈડી અને પાસવર્ડ બદલીને કૌભાંડ આચરવામાં આવ્યું હતું

**અબતક, અમદાવાદ**

જે સમયથી જીએસટી કાયદો અમલમાં આવ્યો તે સાથે જ અને તેઓ થતી જોવા મળી છે અને અનેકવિધ પ્રકારના કૌભાંડો પણ આચરવામાં આવ્યા છે ત્યારે રાજયમાં જીએસટી કૌભાંડ આચરવાનો નવો કીમ્યો સામે આવ્યો જેમાં કોઈ એક વ્યકિતના જીએસટીના આઈડી પાસવર્ડ બદલી બોગસ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા. આ પ્રકારની ઘટના અમદાવાદ ખાતે જોવા મળી જેમાં પેઢીના અકાઉન્ટે પેઢી માલિકના આઈડી પાસવર્ડ બદલી ભાવનગરના સક્ષને તેની વિગત આપી હતી અને તે વ્યક્તિએ સાઈટ કરોડનું બોગસ રિટર્ન ભરી કોભાંડ આચાર્ય હતું.

સીટી ક્રાઈમ બ્રાન્ચે ગુરુવારે ભાવનગરના ઈસ્માઈલ ખોખર અને સરખેજના રહેવાસી અમીરખાન પઠાણની જીએસટી રિટર્ન ફાઈલ કરવામાં રૂ. ૬૦ કરોડની છેતરપિંડી કરવાના આરોપસર ધરપકડ કરી હતી. ગોટાના રહેવાસી ૨૨ વર્ષીય દક્ષ પટેલે બુધવારે ડીસીબી (ડિટેકટીંગ ક્રાઈમ બ્રાન્ચ) સાથેની તેની એફઆઈઆરમાં જણાવ્યું હતું કે તેણે સપ્ટેમ્બર ૨૦૨૩માં પઠાણને એકાઉન્ટન્ટ તરીકે રાખ્યો હતો અને તેને તેના માનવ સંસાધન વ્યવસાય માટે રિટર્ન ભરવાનું કહ્યું હતું આઈડી અને પાસવર્ડ.

પઠાણે કથિત રીતે આઈડી અને પાસવર્ડ રીસેટ કરીને તેને પોતાના નંબર સાથે લિંક કર્યો હતો. બાદમાં તેણે આઈડી ખોખરને વેચી દીધી હતી, જે અગાઉ અન્ય




જીએસટી ફ્રોડ કેસમાં પકડાયો હતો. પટેલના આઈડીનો ઉપયોગ કરીને ખોખર અને તેના સાથીઓએ નકલી બિલિંગ અને કરચોરી આચરી હતી. તેના પર કાર્યવાહી કરતા રાજયના જીએસટી વિભાગે નવેમ્બર ૨૦૨૩માં પટેલને ૬૦ કરોડ રૂપિયાનો દંડ ભરવાની નોટિસ મોકલી હતી.

## ટી-૨૦માં દડા ઓછા અને રન વધુની બોલબાલા

# ટી-૨૦ વર્લ્ડકપમાં "સેઈફ" રમનારા કરતા સાહસિક રમત રમતા ખેલાડીઓને પહેલી પસંદગી મળશે

## ટી-૨૦ વિશ્ર્વકપ માટે ભારતીય ટીમનો આધારસ્તંભ છે વિરાટ કોહલી જેને સ્ટ્રાઈક રેટ સુધારવી પડશે



**અબતક, નવીદિલ્હી**

ક્રિકેટનું શોર્ટ ફોર્મેટ ટી ૨૦ અનેકવિધ રીતે મહત્વનું બની ગયું છે. આ એકમાત્ર ફોર્મેટમાં દડા ઓછા અને રન વધુની બોલબાલા છે. ત્યારે ટી૨૦ વર્લ્ડ કપમાં સેફ ગેમ રમનાર કરતાં સાહસિક રમત રમતા ખેલાડીઓને પહેલી પસંદગી મળશે કારણ કે આવતા સપ્તાહમાં જ ટી૨૦ વિશ્વ કપ માટે ભારતીય ટીમની પસંદગી થશે ત્યારે ભારતીય ટીમમાં ઘણા એવા ખેલાડીઓ છે કે જે સેવ ગેમ રમતા હોય છે નહીં કે સાહસિક ગેમ જેમ કે શ્રેયસ ઐયર, કે.એલ રાહુલ, વિરાટ કોહલી સહિત અનેક. ગઈકાલના હૈદરાબાદ સામેના બેંગ્લોરના મેચમાં વિરાટ કોહલીએ જે અર્ધસદી ફટકારી તેમાં જે રન બનાવવામાં આવ્યા તેની સામે સૌથી વધુ દળ આપણને રમાયા જે વિરાટ કોહલી ની ક્ષમતા નથી અને તેને લઈ સુનિલ ગાવસ કરે પણ ટિપ્પણી કરી હતી.

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા સહિત વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ વિકેટ ગુમાવવા ની બીક વગર તેઓ જંગી સ્કોર બનાવી રહ્યા છે. ટી ૨૦ મેચોની વાત કરવામાં આવે તો જે ખેલાડી ૧૦ બોલમાં ૩૦ રન ફટકારે તેનું મહત્વ ખૂબ વધુ છે. ત્યારે આવતા સપ્તાહમાં ભારતીય ટીમની જે પસંદગી થવાની છે તેમાં વિરાટ કોહલીએ પોતાની સ્ટ્રાઇક રેટ સુધારવી ખૂબ જરૂરી છે નહીંતર ટીમ ઉપર તેનું ભારણ વધશે. સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ગુરુવારે આરસીબીની ૩૫ રને જીત થઈ હતી, આ સિઝનમાં તેમની બીજી જીત, તેમની છ મેચની હારનો સિલસિલો સમાપ્ત થયો અને તેમની પ્લેઓફની આશા જીવંત રાખી. પૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કરે રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચ દરમિયાન વિરાટ કોહલીના સ્ટ્રાઈક રેટની ટીકા કરી હતી.

### અંતે સતત છ મેચ હાર્યા બાદ બેંગલોરનો હૈદરાબાદ સામે ૩૫ રને વિજય

વિરાટ કોહલી અને રજત પાટીદારની અડધી સદીની મદદથી રોયલ ચેલેન્જર્સ બેંગલોરે આઈપીએલ ૨૦૨૪માં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ૩૫ રને વિજય મેળવ્યો છે. બેંગલોરે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા. જવાબમાં હૈદરાબાદ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૭૧ રન જ બનાવી શક્યું હતું. આ સીઝનમાં ત્રણ સૌથી ઊંચા સ્કોર (૨૮૭/૩, ૨૭૭/૩, ૨૬૬/૭) હૈદરાબાદના નામે છે, પરંતુ ગુરુવારે બેન્ગલૂરુ સામે એણે પોણાબસો રન પણ ન બનાવ્યા અને ૩૫ રનથી પરાજય જોવો પડ્યો. એ પહેલાં, બેન્ગલૂરુએ હાઈ-સ્કોર માટે માહેર હૈદરાબાદની ટીમને પ્રથમ બેટિંગનો હવે બીજી વાર મોકો ન આપવાના આશયથી ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી અને સાત વિકેટે ૨૦૬ રન બનાવ્યા હતા.


# ચંદ્ર પર થયેલા વૈજ્ઞાનિક સંશોધનો માટે ચાઈનાએ "એટલાસ" બહાર પાડ્યું

## ચંદ્રના વધુ સચોટ અને કાર્યક્ષમ અભ્યાસ અને સંશોધનની સુવિધા પૂરી પાડશે

**અબતક, નવીદિલ્હી**

ચીને ચંદ્રની શોધખોળ અને વૈજ્ઞાનિક સંશોધનમાં મહત્ત્વની સિદ્ધિ મેળવી છે, કારણ કે તેણે ચંદ્રનું વિશ્વનું પ્રથમ સંપૂર્ણ હાઈ-ડેફિનેશન જીઓલોજિકલ એટલાસ બહાર પાડ્યું છે. ચાઈનીઝ અને અંગ્રેજી બંનેમાં ઉપલબ્ધ, આ સર્વવ્યાપી એટલાસમાં ચંદ્ર ગ્લોબના ભૂસ્તરશાસ્ત્રીય એટલાસ અને ચંદ્રના ભૂસ્તરશાસ્ત્રીય એટલાસના નકશા ચતુષ્કોણનો સમાવેશ થાય છે. આ એટલાસેસનું પ્રકાશન ભવિષ્યના ચંદ્ર સંશોધન અને સંશોધન માટે મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે.

૧:૨.૫ મિલિયનના સ્કેલ પર સેટ કરેલ એટલાસ આગામી ચંદ્ર મિશન અને સંશોધન પ્રયાસો માટે મહત્વપૂર્ણ વ્યાપક અને અદ્યતન નકશા ડેટા પ્રદાન કરે છે. આ પહેલ માત્ર



ચંદ્ર ભૂસ્તરશાસ્ત્રના મેપિંગમાંના અંતરને દૂર કરે છે, પરંતુ ચંદ્ર વૈજ્ઞાનિક શોધોમાં આંતરરાષ્ટ્રીય સહકાર માટે એક નવો માપદંડ પણ સેટ કરે છે. ચંદ્ર સંશોધનમાં સતત પ્રગતિ સાથે, આ એટલાસ વૈશ્વિક સ્તરે વૈજ્ઞાનિકો માટે અનિવાર્ય સાબિત થશે, ચંદ્રના વધુ સચોટ અને કાર્યક્ષમ અભ્યાસ અને સંશોધનની સુવિધા આપશે.

ચંદ્રના આ ભૂસ્તરશાસ્ત્રીય એટલાસનું મહત્વ ચંદ્રની ઉત્ક્રાંતિનો અભ્યાસ કરવાની, ભવિષ્યના ચંદ્ર સંશોધન સ્ટેશનો માટે સ્થળ પસંદ કરવા અને ચંદ્ર સંસાધનોનો ઉપયોગ કરવાની ક્ષમતામાં રહેલું છે. તે આપણા સૌરમંડળમાં પૃથ્વી અને અન્ય અવકાશી પદાર્થો વિશેની આપણી સમજને પણ વધારી શકે છે. ચાઈનીઝ એકેડેમી ઓફ સાયન્સીસના જાણીતા ચંદ્ર વૈજ્ઞાનિક અને શિક્ષણશાસ્ત્રી ઓયુઆંગ ઝિયુઆને ભારપૂર્વક જણાવ્યું કે આ હેતુઓ માટે એટલાસનું ખૂબ મહત્વ છે.

### રિ-ડેવલોપમેન્ટ પ્રોજેકટ અંતર્ગત

# મુસાફરોને ઘ્યાને લઈ રૂખડીયા કોલોની તરફ નવો રસ્તો બનાવશે રેલવે

## રૂ. ૫૦ કરોડના ખર્ચે રૂખડીયા કોલોની તરફ સ્ટેશન બીલ્ડીંગ બનાવાશે, ફુટ ઓવર બ્રિજ, કવર શેડ, એડીશનલ પ્લેટ ફોર્મ, અન્ડર બ્રિજ બનાવવા રેલવેની કવાયત



**અબતક, રાજકોટ**

ભારતીય રેલવે મુસાફરોને ઉત્તમ સુવિધા પુરી પાડવા માટે જાણીતું છે. સૌથી વધુ લોકો લાંબા રૂટ માટે ટ્રેનમાં મુસાફરી કરવાનું પસંદ કરતા હોય છે. ત્યારે ભારતીય રેલવે દ્વારા અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત વિવિધ સ્ટેશનોનું રિ-ડેવલોપમેન્ટ કરવામાં આવી રહ્યું છે.

ત્યારે રાજકોટ રેલવે સ્ટેશન ખાતે હાલ પ્લેટફોર્મ નંબર ૪ અને ૫ પર ફુલ કવર શેડ, મોડયુલર ટોઈલેટ તથા મુસાફરોના અવર-જવર માટે લીફ્ટ બનાવાશે. વોટર હાઈડ્રેન્ડ ની સુવિધા ઉપલબ્ધ કરાવાશે. તથા પ્લેટફોર્મ નં. ૪ અને ૫ પર લાઈટ પંખા પાથ વેની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

મળતી માહીતી મુજબ પ્લેટ ફોર્મ નંબર ૪ અને ૫ પર રૂ. ૨.૬૩ કરોડના ખર્ચે કવર શેડ, ૫૦.૨૫ લાખના ખર્ચે મોડયુલર ટોઈલેટ, ૧.૪૯ કરોડના ખર્ચે વોટર હાઈડ્રેન તથા રૂ. ૩૯ લાખના ખર્ચે મુસાફરોના અવર જવર માટે લીફ્ટ બનાવાશે. તથા પ્લેટ ફોર્મ પર પાથ વે લાઈટ, પંખાની સુવિધા જુન માસના અંતિમ સપ્તાહમાં પૂર્ણ થવાની સંભાવના છે. આ તમામ કામગીરી માટે રૂ. ૪.૮૯ કરોડનો ખર્ચ થશે.

## પ્લેટફોર્મ નં.૪ અને ૫ પર કવર શેડ, મોડયુલર ટોઈલેટ, લીફ્ટ, પાથ વે સહિતની કામગીરી જુનમાં પૂર્ણ થશે



રાજકોટ રેલવે સ્ટેશનના રિ-ડેવલોપમેન્ટ પ્રોજેકટ અંતર્ગત સ્ટેશનનું નવીનીકરણ કરવામાં આવનાર છે. રાજકોટ રેલવે સ્ટેશન પર વધુ ટ્રેનોની અવર જવર મુસાફરોની અવર-જવરને ધ્યાને લઈને રૂખડીયા કોલોની તરફ નવો રસ્તો બનાવાશે. ત્યાં નવું સ્ટેશન બિલ્ડીંગ બનાવાશે. તથા ૧૨ મીટરનું ફુટ ઓવર બ્રીજ, લીફ્ટ તથા સ્ટેશનની બન્ને બાજુ સરકયુલેટીંગ એરીયાને વિકાસવાશે, નવા કવર શેડ તથા નવા એડીશ્નલ પ્લેટફોર્મ તથા રૂખડીયા કોલોનીના ફાટક પાસે અંડર બ્રીજ બનાવાશે. અંદાજે ૫૦ કરોડના ખર્ચે સ્ટેશનનું રિ-ડેવલોપમેન્ટ કરવામાં આવશે.

મળતી માહીતી મુજબ રાજકોટ રેલવે સ્ટેશન પર યાત્રીકોની ભારે ભીડ જોવા મળતી હોય છે. ત્યારે ટ્રેનમાં મુસાફરી કરનારા યાત્રીકો માટે અનેક વિધ સુવિધા પુરી પાડવા રેલવે દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

મુસાફરોની સરળતા માટે રૂખડીયા કોલોની તરફ નવો રસ્તો બનાવાશે. તથા ત્યાં સ્ટેશન બીલ્ડીંગ બનાવાશે. બન્ને તરફ સકકયુલેટીંગ એરીયાને વિકાસાવાશે.

તથા એડીશનલ પ્લેટ ફોર્મ, કવર શેડ, લાઈટ, પંખા, તથા રૂખડીયા કોલોની ફાટક પાસે અંડર બ્રીજ બનાવાશે. તેવું રેલવેના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# દરેક બુથ પર વિશેષ સુવિધા સેન્ટરનું કરાશે નિર્માણ: કલેકટર પ્રભવ જોશી

## સંવેદનશીલ મથકો પર સુરક્ષા દળોની ટુકડીઓ થશે તહેનાત: માઈક્રોપ્લાનિંગ પર ભાર મૂકાશે

**અબતક,રાજકોટ**

કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને લોકસભા ચૂંટણી અનુસંધાને પોસ્ટલ બેલેટ તેમજ ૭મી મેના રોજ યોજાનાર મતદાનના આયોજન અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં સંસદીય વિસ્તારની સર્વે વિધાનસભા બેઠકના એ.આર.ઓ. વર્ચ્યુઅલી જોડાયા હતા. જેમાં મતદાર યાદી, સ્ટાફની તાલીમ, વિવિધ પ્રકારના બૂથો જેવા કે સખી, દિવ્યાંગ, મોડલ અને યુવા સંચાલિત બુથોની વ્યવસ્થા, બુથ પરના સ્ટાફ અને મતદારોને આવશ્યક સુવિધાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.





કલેકટરએ ગેરહાજર, શિફ્ટ થયેલા મતદારોની યાદી ઉપરાંત પોસ્ટલ બેલેટ મતદાન, ઈ.વી.એમ. ડિપ્લોયમેન્ટ, વાહનોની જરૂરિયાત, વોટર્સ ટર્ન આઉટ એપ્લિકેશન પર ડેટા એન્ટ્રી અને ખાસ મતદાન મથકો પર લોકોને ગરમીથી બચાવવા માટે મંડપ, ફાયર સેફ્ટીના સાધનો વગેરેની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. મતદાન મથકો પર ભીડ ન થાય તેમજ મતદારોને આવશ્યક માર્ગદર્શન મળી રહે તે માટે ફેસિલીટેશન સેન્ટરનું નિર્માણ કરવા તેમજ સંભવતઃ પ્રતિ વ્યક્તિ ૨૦ સેકન્ડમાં મતદાન કરી બહાર આવી શકે તેવી વ્યવસ્થાનું નિર્માણ કરવા એ.આર.ઓ.ને સૂચના આપી હતી. રાજકોટ જિલ્લામાં એક બિલ્ડિંગમાં એકથી વધુ બુથ હોય કે બિનજરૂરી ભીડ થતી હોય તેને ટાળવા માટે



એન.સી.સીના કેડેટ સ્વયંસેવકો તરીકે આપશે તેમ કલેક્ટરએ ઉમેર્યું હતું.

મતદાન મથકો ખાતે સી.એ.પી.એફ ટુકડી, માઈક્રો ઓબ્ઝર્વર અથવા તો વેબકાસ્ટિંગ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવશે.

જેમાંના અતિ સંવેદનશીલ બુથ પર સમગ્ર મતદાન સી.આર..પી.એફ ટુકડીની હાજરીમાં થશે. હાલમાં બી.એલ.ઓ દ્વારા મતદાર કાપલી અને આમંત્રણ પત્રિકા વિતરણ કરવામાં આવી રહ્યું છે જે કામગીરીની સમીક્ષા પણ આ બેઠકમાં કરવામાં આવી હતી.

આ બેઠકમાં અધિક જિલ્લા કલેકટર ચેતન ગાંધી, ડી.આર.ડી.એ નિયામક એ.કે.વસ્તાણી, સી. વિજીલના નોડલ એચ. કે. સ્વામી, પ્રાંત અધિકારીઓ ચાંદની પરમાર, નિશા ચૌધરી, જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, સ્વીપ નોડલ અધિકારી જિજ્ઞાસાબેન ગઢવી, નોડલ અધિકારીઓ કેતન ખપેડ,એ.એસ.મંડોત, તપન પાઠક, એચ.વી.દિહોરા,વિમલ ચક્રવર્તી, કણઝારીયા, મામલતદાર કાકડીયા, ચૌહાણ તેમજ દવે ઉપસ્થિત રહ્યા હતા.

### આજે વર્લ્ડ ઈન્ટેલેકચુઅલ પ્રોપર્ટી ડે

# વિદ્યાર્થીઓમાં નવીનીકરણને પોષવા મારવાડી યુનિવર્સિટીએ ૧૦૦ પેટેન્ટ્સ ફાઈલ કરી

## યુનિ.એ રાજય સરકારના સ્ટુડેન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોગ્રામની સાથે પેટન્ટ્સ ફાઈલ કરવા રૂ.૧૮ લાખ ખર્ચ્યા: મોટાભાગની પેટેન્ટ્સ ફેકલ્ટી ઓફ ઈજનેરી દ્વારા શરૂ કરાઈ

**અબતક,રાજકોટ**

તસ્વીર: શૈલેષ વાડોલીયા

મારવાડી યુનિવર્સિટીએ તેના સેન્ટર ફોર ઈનોવેશન, ઈન્ક્યુબેશન એન્ડ રીસર્ચ (MUIIR) મારફતે ભારતના ઈન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી લેન્ડસ્કેપમાં નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કરીને વર્લ્ડ આઈપી ડે ૨૦૨૪ની ઉજવણી કરી હતી. આ દિવસની ઉજવણી કરવા માટે ૧૦૦ પેટેન્ટ્સ ફાઈલ કરીને મારવાડી યુનિવર્સિટીએ નવીની કરણને પ્રોત્સાહન આપવાની તેની કટિબદ્ધતાનું પાલન કર્યું છે. તેને લઈ આજે રાજકોટની આર.પી.જે. હોટેલ ખાતે પત્રકાર પરિષદનુ આયોજન કરવામાં આવ્યું હતુ.

વર્લ્ડ ઈન્ટેલેકયુઅલ પ્રોપર્ટી ડે દર વર્ષે ૨૬ એપ્રિલના રોજ ઉજવવામાં આવે છે. પેટન્ટ્સ, કોપીરાઈટ, ટ્રેડમાર્કર્સ અને ડીઝાઈન્સ અંગે તથા તે લોકોના રોજબરોજના જીવન પર કેવી રીતે પ્રભાવ પાડે છે તેના અંગે જાગૃતિ પેદા કરવા માટે તથા સર્જનાત્મકતા અને સમગ્ર વિશ્વના સર્જકો અને ઈનોવેટર્સ દ્વારા આપવામાં આવેલા યોગદાનોને સન્માનિત કરવા માટે વર્ષ ૨૦૦૦માં વર્લ્ડ ઈન્ટેલેક્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઈઝેશન (WIPO) દ્વારા આ ઈવેન્ટની સ્થાપના કરવામાં આવી હતી.

-WIPOના સ્ટેટિસ્ટિક્સ મુજબ વર્ષ ૨૦૨૨માં સમગ્ર વિશ્વમાં ૩૪.૫૭ લાખ પેટન્ટ્સ ફાઈલ કરવામાં આવી હતી. ઈન્ડિયા પેટન્ટ ઑફિસ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં લગભગ



૮૦,૨૧૧ પેટેન્ટ્સ ફાઈલ કરવામાં આવી હતી. તે ભારતમાં નવીનીકરણો અને આઈડીયાને માન્યતા આપવાની અને તેને પેટેન્ટ કરાવવાની તાત્કાલિક જરૂરિયાત પર પ્રકાશ પાડે છે.

વિદ્યાર્થીઓમાં નવીનીકરણને પોષવા અને પ્રોત્સાહન આપવા માટે IPR પ્રોટેક્શનના મહત્ત્વને માન્યતા આપવા માટે મારવાડી યુનિવર્સિટીએ કેટલાક સક્રિય પગલાં લીધાં છે, જેથી કરીને આ ઈવેન્ટ મારફતે પેટેન્ટ્સના ફાઈલિંગ અને મંજૂરી આપવાની પ્રક્રિયા અંગે જાગૃતિ ફેલાવી શકાય તથા તેને સુવિધાજનક બનાવી શકાય.

વર્લ્ડ આઈપી ડે ૨૦૨૪ના રોજ ૧૦૦ પેટેન્ટ્સ ફાઈલ કરાવવી એ ફક્ત એક પ્રતીકાત્મક કાર્ય નહોતું પરંતુ તે તો યુનાઈટેડ નેશન્સ દ્વારા સ્થાપવામાં આવેલા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (એસડીજી)ને અનુરૂપ રહીને નવીનીકરણને આગળ વધારવાની મારવાડી યુનિવર્સિટીની કટિબદ્ધતાનું મૂર્ત પ્રદર્શન હતું. આ પેટેન્ટ્સ હેલ્થકેર,

(અનુ. આઠમા પાને)

### પેટેન્ટ્સ ફાઈલ કરવા અંગે માર્ગદર્શન ઈચ્છતા વ્યકિતને સહાયરૂપ થવા મારવાડી યુનિ. અડગ: ધ્રુવ મારવાડી

મારવાડી યુનિવર્સિટીના ટ્રસ્ટી ધ્રુવ મારવાડીએ જણાવ્યું હતું કે, 'મારવાડી યુનિવર્સિટી ખાતે અમે નવીનીકરણ અને ઈન્ટેલેક્યુઅલ પ્રોપર્ટીના સંરક્ષણ માટેની એક સહાયક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છીએ. સંશોધન અને નવીનીકરણમાં શ્રેષ્ઠતા હાંસલ કરવાના યુનિવર્સિટીના અથાક પ્રયત્નો પેટેન્ટ્સ મેળવવાના અને સામાજિક પ્રભાવ પાડવાના અમારા પ્રયાસોમાં જોઈ શકાય છે. વર્લ્ડ આઈપી ડેની ઉજવણી જેવી પહેલ મારફતે અમારો ઉદ્દેશ્ય ઈનોવેટર્સની એક નવી પેઢીને પ્રેરિત કરવાનો છે, જેઓ આપણાં સમાજમાં એક હકારાત્મક પરિવર્તન લાવી શકે.' છેલ્લાં બે વર્ષમાં યુનિવર્સિટીના MUIIR સેન્ટરે ૨૧૦થી વધારે આઈપીઆર ફાઈલ કર્યા છે, જેમાં આઈપી ઑફિસ તરફથી ગ્રાન્ટ મેળવવામાં સફળતાનો દર ૭૫% જેટલો ખૂબ જ સારો રહ્યો છે. યુનિવર્સિટીની આ પહેલ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને ઈન્ડસ્ટ્રી પાર્ટનરોમાં ઈનોવેશન અને આંત્રપ્રેન્યોરશિપના કલ્ચરને પ્રોત્સાહન આપવાની કટિબદ્ધતાને દર્શાવે છે. મારવાડી યુનિવર્સિટી ઉદ્યોગો, સંગઠનો, સંસ્થાઓ અને એસોસિયેશનોને આઈપીઆરને ફાઈલ કરવાની તથા દેશના વિકાસમાં યોગદાન આપવાની પ્રક્રિયાને વેગ આપવા માટે સહયોગ સાધવા આમંત્રિત કરે છે. યુનિવર્સિટી ઈનોવેટર્સને તેનો સપોર્ટ પૂરો પાડવા તથા તેના MUIIR સેન્ટર મારફતે પેટેન્ટ ફાઈલ કરવા અંગે માર્ગદર્શન ઈચ્છતા કોઈ પણ વ્યક્તિને સહાયરૂપ થવા માટે અડગ છે. વધુ માહિતી માટે કૃપા કરીને ૬૩૫૯૭૦૧૯૦૨ પર હર્ષલ મિસ્ત્રીનો સંપર્ક કરો


# રાજકોટમાં ૧૦૦૦થી વધુ જીએસટીની પ્રિ-શોકોઝ નોટિસનો મારો

## ૨૦૧૮-૧૯ની નોટિસોમાં અનેક ક્ષતિઓ : બિગ ડેટા સોફ્ટવેર ડેટાનું અવલોકન કર્યા વગર જ નોટીશો પાઠવી દીધી

## નોટિસનો જવાબ માત્ર ૧૦ થી ૧૨ દિવસોમાં જ આપવા કરાઈ તાકીદ

**અબતક, રાજકોટ**

સ્ટેટ જીએસટી ડિપાર્ટમેન્ટે બીગ ડેટા સોફ્ટવેર દ્વારા ઓટોમેટીક જનરેટ થયેલ ઢગલાબંધ નોટીશો વ્યાપારીઓને બજવી દીધી છે. આ નોટિસ સોફ્ટવેર દ્વારા ઓટોમેટીક






જનરેટ થતા તેની યોગ્ય ચકાસણી જવાબદાર અધિકારીઓ વગર બજાવવામાં આવી છે જેથી અનેક ક્ષતિઓ પણ નોટિસમાં જોવા મળી છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ની જે નોટિસ બચાવવામાં આવી હતી તે નોટિસમાં સ્કુટીની, ઓડિટ તથા પેક ઈનવોઈસ માટે જે નોટિસની બજવણી કરી હતી તે પરી વર્ષ ૨૦૧૮ ૧૯ માટે પણ મોકલવામાં આવી છે. ઘણા કિસ્સામાં જે ચુકવણું બાકી હોય તેને સિસ્ટમની ભૂલના પગલે ફરી વ્યાપારીઓને મળી છે અને આને લઈ વ્યાપારીઓ સાતોસાથ ટેક્સ ક્ન્સલ્ટન્ટને

(અનુ. આઠમા પાને)

### ૨૫ થી લઈ ૪૫ પાના જેટલી મોટી નોટિસ આવી છે બજાવવામાં: સી.એ.શરદ અનડા

છેલ્લા લાંબા સમયથી જીએસટી અંગે પ્રેક્ટિસ કરનાર સીએ. શરદ અનડાએ જણાવ્યું હતું કે હાલ જે નોટિસો સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા મોકલવામાં આવી છે તે વર્ષ ૨૦૧૯-૨૦ ની છે. એટલું જ નહીં તેઓ ઉમેર્યું હતું કે આ નોટિસોનો જવાબ માટે જે સમય આપવામાં આવ્યો છે તે ખૂબ ઓછો છે. એટલું જ નહીં આ વખતે જે પ્રી શોકોઝ નોટિસનો મારો ચલાવવામાં આવ્યો છે તે ૨૫ થી લઈ ૪૫ પાના જેટલી મોટી નોટીશો છે જેનું અવલોકન કરતા જ ઘણો સમય લાગી જાય છે. પરંતુ સ્ટેજ જીએસટી દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલ ઘણા ખરા અંશે જ ઉપયોગી નિવડશે . પરંતુ જો નોટિસો બજાવવામાં આવી તેમાં અધિકારીઓએ તેનું અવલોકન કર્યું હોત તો ઘણો સમય બચી શકત અને હાલ જે પ્રશ્નો ઊભા થયા છે તેના થાત.




### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બેઈઝ નોટિસો હોવાથી ઊભા થયા અનેક પ્રશ્નો: સી.એ. રોહનભાઈ વઘાસીયા

રાજકોટના પ્રતિષ્ઠિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રોહનભાઈ વઘાસીયાએ જણાવ્યું હતું કે હાલ જે નોટિસો બજાવવામાં આવી છે તે પ્રિસોપોઝ નોટિસ છે અને આ નોટિસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બેઈઝ આપવામાં આવી છે જેના કારણે ઘણા પ્રશ્નો પણ ઊભા થયા છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ સ્ટ્રેટ જીએસટી દ્વારા શું પગલાં લેવામાં આવશે કે વ્યાપારીઓને કઈ રીતે ઉપયોગી નીવડશે તે તો આવનારો સમય જ જણાવશે. જીએસટી ના નિયમ અનુસાર વિભાગે ડાયરેકટ શો કોઝ નોટિસ નહિ, પ્રિ સોકોઝ નોટિસ આપવાની રહે છે ત્યારે આ પ્રથમ વખત જીએસટી વિભાગ એ લીટીગેશન અટકાવવા માટે પ્રિ શોકોઝ નોટિસ મોકલી છે.



### જે ચુકવણું થયેલું હોય તેવા કિસ્સામાં પણ ફરી રકમની ભરપાઈ કરવા જણાવ્યું : સત્યેનભાઈ દવે

જીએસટી એડવોકેટ સત્યન દવે જીએસટી નોટિસ અંગે જણાવ્યું હતું કે આખા રાજકોટમાં ૧,૦૦૦ થી વધુ નોટીશો બજાવવામાં આવી છે અને આ અંગે વ્યાપારીઓમાં પણ ઘણો રોશ જોવા મળ્યો છે. એટલું જ નહીં વ્યાપારીઓનું માનવું છે કે ઘણી ખરી એવી નોટિસોની બજવણી થઈ છે જેનું ચુકવણું ઘણા વર્ષ પહેલાં કરી દીધેલું હોય પરંતુ ડેટા મિસ મેચ થયો હોવાના કારણે ફરી તેમને આ નોટિસનો જવાબ આપવો પડશે. વધુમાં તેઓ ઉમેર્યું હતું કે હાલ જે નોટિસો બજાવવામાં આવી છે તેનાથી વ્યાપારીઓની સાથોસાથ તેના સંલગ્ન કન્સલ્ટન્ટ ને પણ ઘણી તકલીફ વેઠવી પડે છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ જે નિર્ધારિત કરેલા દિવસો છે તેમાં તમામ વિગતો એકત્રિત કરી એક ડીટેલ રિપોર્ટ આપવાનો રહેશે જે બાદ જો જવાબ યોગ્ય લાગશે તો શોકોઝ નોટિસની બજવણી નહીં થાય.



## આજે વિશ્વ બૌધિક સંપદા દિન

# મનમાં ઉદભવતા વિચારો વ્યાપારીક દ્રષ્ટીએ મૂલ્યવાન બને ત્યારે બૌધ્ધિક સંપદા આકાર લે

## બૌધ્ધિક સંપદાન, મુખ્યપ્રકારોમાં પેટન્ટ કોપીરાઈટ, ટ્રેડમાર્ક, ઈન્ડસ્ટ્રીયલ ડીઝાઈન જિઓગ્રાફીકસ ઈન્ડીકેશન્સ ટ્રેડ સીક્રિટસ સમાવેશ કરવામાં આવે

અબતક,રાજકોટ

આજ ની તારીખના ઈતિહાસની વાત કરીએ તો ૨૬ એપ્રિલ ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં વિશ્વ બૌદ્ધિક સંપદા દિન (World Intellectual Property Day) તરીકે ઉજવવામાં આવે છે. આજનો દિવસ વિશ્વભરના અનેક કલાકારો, સંશોધકો, તેમજ સંસ્થાઓ દ્વારા સામાજિક વિકાસ માટે કરવામાં આવેલા અભૂતપૂર્વ પ્રદાનોની ઉજવણી કરવાનો દિવસ છે. વિશ્વ બૌદ્ધિક સંપદા દિન નિમિતે સૌરાષ્ટ્ર-કચ્છમાં કંપની સેક્રેટરી અને ટ્રેડમાર્ક ના નિષ્ણાત તરીકેની પ્રેક્ટિસ કરતા દર્શિત આહ્યા દ્વારા બૌદ્ધિક સંપદા વિષય પર પોતાના અનુભવ અને વિચારો રજુ કરવામાં આવ્યા હતા. દર્શિત આહ્યા દ્વારા ઈન્ટેલેક્ચૂઅલ પ્રોપર્ટી રાઈટ્સ (બૌદ્ધિક સંપદા) શું છે, હાલના સમયમાં તેમનું ધંધામાં શું મહત્વ છે, બૌદ્ધિક સંપદાના પ્રકારો ક્યાં ક્યાં છે, બૌદ્ધિક સંપદાના સંરક્ષણ માટે ક્યાં ક્યાં કાયદાઓ અમલમાં છે અને આ કાયદાઓનો ઉપયોગ કરી કઈ રીતે બૌદ્ધિક સંપદાઓનું જતન અને સંવર્ધન કરી શકાય? જેવા પૂછવામાં આવેલા પ્રશ્નોના સચોટ જવાબ આપવામાં આવ્યા હતા.

દર્શિત આહ્યા બૌદ્ધિક સંપદાનો અર્થ સમજાવતા જણાવે છે કે, માનવ મનમાં ઉદ્ભવતા નવા વિચારો જ્યારે જ્ઞાન સર્જનમાં રૂપાંતરિત થાય છે અને વ્યાપારીક દ્રષ્ટિ એ મુલ્યવાન બને ત્યારે તે બૌદ્ધિક સંપદાનો આકાર લે છે. કોઈ વ્યક્તિ કે સંસ્થા - સંગઠન દ્વારા કરવામાં આવેલા કોઈપણ સર્જન, સંગીત, સાહિત્યિક કૃતિ, કલા, શોધ, નામ અથવા ડિઝાઈન વગેરેને તે વ્યક્તિ અથવા સંસ્થાની 'બૌદ્ધિક સંપદા' કહેવામાં આવે છે. આ રચનાઓ - સંશોધન પર જે-તે વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા મેળવેલા અધિકારોને 'બૌદ્ધિક સંપદા અધિકાર' કહેવામાં આવે છે. બૌદ્ધિક સંપદાના મુખ્ય પ્રકારોમાં પેટન્ટ, કોપીરાઈટ, ટ્રેડમાર્ક, ઈન્ડસ્ટ્રીયલ ડીઝાઈન, જિઓગ્રાફિકલ ઈન્ડીકેશન્સ, ટ્રેડ સીક્રિટસ, વિગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

| બૌદ્ધિક સંપદા | અરજીઓ (વર્ષ ૨૦૧૪) | અરજીઓ (વર્ષ ૨૦૨૩) | વધારો |
|---|---|---|---|
| પેટન્ટ | ૧૦૯૪૧ | ૪૩૩૦૧ | ૨૯૬% |
| ટ્રેડમાર્ક | ૨૦૦૦૦૫ | ૪૬૬૫૮૦ | ૧૩૩% |
| ડીઝાઇન | ૮૫૩૩ | ૨૨૬૯૮ | ૧૬૬% |
| GI | ૭૫ | ૨૧૧ | ૧૮૧% |

વેપાર કે સેવાના બ્રાન્ડનું નામ/ટ્રેડના નામને ટ્રેડમાર્ક તરીકે રજીસ્ટ્રેશન કરાવી શકાય, ટેકનોલોજીના અથવા મશીનના કોઈ પણ ઈનોવેશનને પેટન્ટ તરીકે રજીસ્ટ્રેશન કરાવી શકે, કોઈ મ્યુઝીક, બુક કે કન્ટેન્ટને કોપીરાઈટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી શકાય, કોઈપણ વસ્તુની નવી ડિઝાઈનને ડીઝાઇન તરીકે પણ રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. આવા ઈન્ટેલેક્ચૂઅલ પ્રોપર્ટીના રજીસ્ટ્રેશન દ્વારા રક્ષણ મેળવી શકાય છે.



બૌદ્ધિક સંપદાનું મહત્વ એક દાખલો આપીને દર્શિત આહ્યા સમજાવે છે કે, કોઈ એક વસ્તુ કે સેવાની વાસ્તવિક કિંમત રૂ. ૧૦૦૦ (ઉત્પાદનમાં વપરાતા તમામ કાચા માલની કિંમતને જોડીને) છે તેની સાથે બૌદ્ધિક સંપદાનુ મુલ્ય જોડાવાથી રૂ. ૯૦૦૦-૧૦૦૦૦ થઈ જાય છે. આ માર્જિનનું કારણ વસ્તુ સાથ સંકળાયેલ બૌદ્ધિક સંપદાનુ મુલ્ય છે જેનો લાભ વસ્તુ કે સેવાના ઉત્પાદનકર્તા તેમજ તેની સાથે જોડાયેલા દરેક પક્ષકારને મળે છે. ભારતમાં અમુક કંપનીઓ સુપરનોર્મલ નફો કરે છે જ્યારે અમુક ભારતીય કંપનીઓ સામાન્ય નફો કરે છે. નફામાં રહેલ આ તફાવતનું એક મહત્વનું કારણ બૌદ્ધિક સંપદા છે.

દર્શિત આહ્યા દ્વારા વધુ માં જણાવવામાં આવ્યું હતું કે, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ એ બૌદ્ધિક સંપદા દ્વારા ટેકનોલોજી ક્ષેત્રે લાવેલ નવીનીકરણ તેમજ સર્જનાત્મકતાની ઉજવણી કરવાનો દિવસ છે. ભારતમાં, બૌદ્ધિક સંપદા (Intellectual Property) ફાઈલિંગમાં થયેલ નોંધપાત્ર વધારો એ ભારતની નવીકરણ આધારિત વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

ભારતમાં છેલ્લા દાયકામાં બૌદ્ધિક સંપદાઓ જેવીકે પેટન્ટ, ટ્રેડમાર્ક, ડિઝાઈન, જિઓગ્રાફિકલ ઈન્ડીકેશન્સ (GI)ના ફાઈલિંગ્સ માં થયેલી વૃદ્ધિ નીચેના આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.

IP (Intellectual Property) નિષ્ણાંત દર્શિત આહ્યા એ વધુમાં જણાવ્યુ છે કે, કોઈપણ બૌદ્ધિક સંપદાનું સર્જન અને સંરક્ષણ એક જ સિક્કાની બે બાજુઓ છે. બૌદ્ધિક સંપદાનું રક્ષણ કરવું સર્જન કરવા જેટલું જ મહત્વનું છે. સર્જકો અને સંશોધકોએ તેમની બૌદ્ધિક સંપદાના રક્ષણ માટે સક્રિય રહેવું જોઈએ. ભારતમાં બૌદ્ધિક સંપદા અને તેના સંરક્ષણ પ્રત્યેની લોકોની વધતી જતી જાગૃતિ ભારતનું ભવિષ્ય આ ક્ષેત્રે ખુબજ ઉજ્જવળ બનાવે છે. બૌદ્ધિક સંપદા દરેક રાષ્ટ્રના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ માટે પ્રબળ બળ બની ગયું છે.ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી પણ બૌદ્ધિક સંપદાના સમર્થનમાં જણાવે કે, ઈન્ટેલિજન્સ, આઈડિયા અને ઈનોવેશન આજે ભારતીય યુવાનોની ઓળખ છે. તેઓની બૌદ્ધિક સંપદામાં થતો સતત વધારો એ સમગ્ર દેશને સશક્ત બનવાશે.

ઉલ્લેખનીય છે કે, D N Ahya Co. દ્વારા ગુજરાતના ઘણા સ્ટાર્ટઅપ્સ અને કોર્પોરેટ્સને બૌદ્ધિક સંપદાને લગતી સેવાઓ આપવામાં આવે છે. તેમની ટીમમાં ચાર્મી તળપદા, હાર્દિકા મકવાણા, જાનકી ધામેચા, પાયલ તન્ના, હિરેન ડ્ઢાણીયા જોડાયેલા છે. IP (Intellectual Property) ને લગતા કોઈપણ પ્રશ્નો કે મુંજવણ માટે D N Ahya Co. ના મોબાઈલ નંબર ૯૦૩૩૬૩૩૨૩૧ પર સંપર્ક કરી શકો.

## સા..રે..ગ..મ..પ..ધ..ની..શા..

# સંગીત વિચાર શકિત, એકાગ્રતા, માનસિક શાંતિ તથા ડિપ્રેશનમાં લાભદાયક

## સંગીતએ જીવનનું મહત્વનું અંગ છેઃ ઘર, ઓફીસ, મુસાફરી વખતે સંગીત લોકોનું મનપસંદ મનોરંજન

અબતક, ક્રિષ્ના ત્રિવેદી , રાજકોટ

સંગીત સાંભળવાથી મનને શાંત કરવામાં મદદ મળે છે. ટેન્શન ઓછું થાય છે. અને બિમારી રોકવામાં મદદ થાય છે. સંગીતએ મનનાં ટેન્શન અને મનને શાંત કરવામાં ઉપચારનું કાર્ય કરે છે. ડિપ્રેશન માટે સંગીત અકસીર ઈલાજ છે. ડિપ્રેશન ઘટાડવા માટે સંગીત સાંભળવું ખુબ ફાયદાકારક થાય છે. સંગીત કોઈપણ સમયે સાંભળી શકાય છે. ઘર, ઓફીસર, મુસાફરી વખતે સંગીતએ મનોરંજન અને શાંતિ આપવાનું કાર્ય કરે છે.

સંગીતનું જીવનમાં ખુબ મહત્વ છે. કહેવાય છે કે અકબરના દરબારના તાનસેન તેના સંગીતના સ્વરની શકિતથી દિવો પ્રજલીત થતો અને વરસાદ પણ વરસતો હતો. સાયકોલોજી સર્વે અનુસાર ભારતીય સંગીતમાં એવી શકિત છે જે વ્યકિતને માનસિક ચિંતાઓથી મુકત કરે છે. સંગીતનો માનવ મન સાથે આધ્યાત્મિક સંબંધ છે. સંગીતનો પ્રભાવએ છે કે મોટાભાગના લોકો કુદરતી રીતે સંગીતમાં રસ ધરાવતા હોય છે.

પછી તે શાસ્ત્રીય સંગીત, લોક સંગીત, હવળા સંગીત, પશ્ચિમી સંગીત હોય કે, અત્યાધુનિક સંગીત માટે કેટલાક હસ્તગત ગુણોની જરુર છે. પરંતુ વિચાર શકિત, એકાગ્રતા, નવીનતા, લાગણી, સંગીત સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

વિવિધ રોગોની સારવારમાં સંગીતએ મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ અસરકારક બને છે. મ્યુઝીક થેરાપી સાયકોલોજી હેઠળ આવે છે. બ્લડ પ્રેશર, માનસિક હતાશા, તણાવ, અસામાન્ય વર્તન, માથાનો દુઃખાવો વગેરે રોગોમાં સંગીત દવાનું કામ કરે છે. સંગીત સામાજીક, આધ્યાત્મિક અને નૈતિક વિકાસમાં મદદ કરે છે.

**સંગીતની પસંદગી**

મ્યુઝિકલ માટે દરેક વ્યકિતની પસંદગી અલગ અલગ હોય છે. કોઈકને રેપ મ્યુઝિક હોય કે કવ્વાલી, ગઝલ, કોઈક જુના ગીતો, તો કોઈને આધ્યાત્મિક ગીતો લોકો પોતાની પસંદગી અનુસાર આનંદ લેતા હોય છે. દરેક વ્યકિતને પોતાનું પસંદગીના ગીતો સાંભળવાથી મનને શાંતિ મળે છે. લોકો પસંદગીનું ગીત સાંભળી તો ક્રોધમાં પણ ઘટાડો થાય છે. ક્રોધ શાંત પડે છે.

તણાવ આપતા હ્રદયને નુકશાન કરે છે. આપણી જીવનશૈલીએ પ્રકારની છે કે તણાવ અને મુશ્કેલી ભર્યું જીવન બની ગયા છે તેવા સમયે સંગીત તણાવને દુર રાખે છે. અને હકારાત્મક વિચાર લાગવામાં મદદ કરી છે. સંગીત શરીરમાં જોશ ઉત્પન્ન કરે છે. કામનો બોજ ખરાબ રીતે તોડી નાંખી છે. સંગીત ચિકિત્સાએ કામના બોજ હેઠળ દબાયેલા લોકો માટે રાહતનું કામ કરે છે.

### સંગીત સાંભળવાના ફાયદા

★ મધુર સંગીત સાંભળો સાથે સંગીતનો અવાજ ધીમો રાખીએ

★ જો તણાવવાળુ કામ કરી રહ્યા છો તો બીટસ વાળુ સંગીત સારું રહે જે કામના તણાવને ઘટાડે છે.

★ જો ઉંઘ ન આવતી હોય ઉંઘ આવવામાં તકલીફ પડે તો મધુર ગીત સાંભળો, જેનાથી શહીરમાં રહેલા હાઇટ્રોફન નામના કેમીકલ સંગીતના માદયમથી દુર થાય અને ઉંઘ આવી જાય અને હકારાત્મક વિચાર આવવા લાગે

★ કોમ્પ્યુટર સામે બેસીને આખો દિવસ કામ કરવાથી પીઠ, ગરદન, ખંભાની માંસપેશીઓ જકડાઇ જાય છે, મનપસંદ સંગીત માંસપેશીઓને રાહત આપવાનું કામ કરે છે.

# એન.સી.સી. ગ્રુપ હેડ કવાર્ટરની મુલાકાત લેતા ડી.જી. ગુરબીલપાલસિંહ

## 'એકતા અને શિસ્ત'ને કેન્દ્રમાં રાખીને સામાજીક પ્રગતી સાધવા કરી અપીલ





અબતક,રાજકોટ

રાજકોટમાં નેશનલ કેડેટ કોર્પના ગ્રૂપ હેડક્વાર્ટર ખાતે એન.સી.સી.ના ડાયરેકટર જનરલ ગુરબીરપાલ સિંઘે મુલાકાત લીધી હતી. તેઓએ સૌરાષ્ટ્ર પરદેશમાં એન.સી.સી. દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ દરિયાકિનારનો બોર્ડર વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારો અને કચ્છમાં એન.સી.સીની વિવિધ પહેલો અને સિદ્ધિઓની પ્રસંશા કરી હતી.

આ તકે તેઓએ વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ કાર્ય કરનાર અને સિદ્ધી મેળવનાર તેજસ્વી એન.સી.સી. કેડેટ્સ, ઓફિસરો અને સ્ટાફને વિવિધ પ્રશસ્તિ પત્રો, મેડાલિયન, અને પુસ્તકોની ભેટ આપી સન્માનિત કર્યા હતાં. તેઓએ એન.સી.સી.ના સૂત્ર 'એકતા અને શિસ્ત'ને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રીય એકતા અને સામાજિક પ્રગતિ માટે અદમ્ય ઉત્સાહ અને સમર્પણથી કાર્ય કરતાં રહેવા અપીલ કરી હતી.

# કરૂણા ફાઉન્ડેશન દ્વારા યોજાયો સોફ્ટ સ્કીલ ટ્રેનીંગ સેમિનાર

## ટ્રેનર ભરતભાઈ દુદાકીયાએ ઈગો સ્ટ્રેટસ વિશે આપી માહિતી



અબતક, રાજકોટ

કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન - રાજકોટના ઉપક્રમે સ્ટાફ મેમ્બર્સ અને રસ ધરાવનારા લોકો માટે ઓનલાઈન તથા સોફ્ટ સ્કીલ ટ્રેનિંગ સેમિનાર, જય મુરલીધર ફાર્મ, ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે વીરાભાઈ હુંબલના સહકારથી યોજાઈ ગયો. જેમાં માસ્ટર ટ્રેનર ભરતભાઈ દુદકિયાએ સોફ્ટ સ્કીલ વિષયક ટ્રેનિંગ આપી હતી.

નેશનલ ટ્રેનર ભરતભાઈ દુદકિયાએ સોફ્ટ સ્કીલની એક બ્રાન્ચ 'ઈગો સ્ટેટ્સ' બાબતે પ્રેઝન્ટેશનના માધ્યમથી વિસ્તારપૂર્વક સમજ આપી હતી. તેમણે સમજાવ્યું કે કોઈ પણ વ્યક્તિમાં ત્રણ વ્યક્તિ જીવિત હોય

(અનુ. આઠમા પાને)

# ઘરમાં મંદિર પૂર્વ કે ઉત્તર દિશામાં રાખવાથી સકારાત્મક ઊર્જાનો થશે સંચાર

## દૈવી શક્તિ ઉત્તર–પૂર્વથી પ્રવેશે છે અને દક્ષિણ–પશ્ચિમથી બહાર નિકળે છે

અબતક-રાજકોટ

ઘરમાં મંદિરનું સ્થાન અથવા પૂજા સ્થાન કઈ દિશામાં હોવું જોઈએ? સામાન્ય રીતે મોટાભાગના લોકો આ વિશે સ્પષ્ટ ન હોવાથી ખોટી દિશામાં પૂજા સ્થાન રાખે છે. જે યોગ્ય નથી, ખોટી દિશામાં મંદિર રાખવાથી નકારાત્મક પ્રભાવ પડે છે. વાસ્તુશાસ્ત્ર મુજબ ઘરમાં ભૂલેચૂકે પણ આ દિશામાં ન રાખો મંદિર, નહિતો નકારાત્મક ઊર્જાનો થશે સંચાર

ઘરમાં મંદિર પૂર્વ કે ઉત્તર દિશામાં ઈશાન ખૂણા (ઉત્તર-પૂર્વ)માં બનાવવું જોઈએ. વાસ્તુ માને છે કે દૈવી શકિત ઉત્તર-પૂર્વથી પ્રવેશે છે અને દક્ષિણ-પશ્ચિમથી બહાર નીકળે છે. જો આ શક્ય ન હોય તો તેને પશ્ચિમ દિશામાં બનાવી શકાય છે, પરંતુ દક્ષિણ દિશામાં મંદિર બનાવવાનું ટાળવું જોઈએ.

આપણા શાસ્ત્રોમાં ઉલ્લેખ છે કે, કોઈ પણ જગ્યાએ પૂજા કરવા જેવા શુભ કાર્ય કરતી વખતે, ખાસ કરીને તમારા પૂજા ઘરમાં, જ્યારે તમે પૂજા કરો છો, ત્યારે તમારું મુખ પૂર્વ દિશામાં હોવું જોઈએ. અને પૂજા ગૃહમાં મંદિરનું મુખ પશ્ચિમ દિશા તરફ હોવું જોઈએ,

વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ તો તમને ખ્યાલ આવશે કે, વૈજ્ઞાનિકોએ પણ પૃથ્વીની ચુંબકીય શક્તિનો સ્વીકાર કર્યો છે અને દરેક કાર્ય માટે યોગ્ય દિશાનું મહત્વ સ્વીકાર્યું છે.તેથી જ્યારે જ્યારે પણ તમે તમારા પૂજા ઘરમાં કોઈ મંદિરની સ્થાપના કરો તો તે મંદિરનું મુખ પશ્ચિમ તરફ હોવું જોઈએ.નવાઈની વાત તો એ છે કે આપણા દેશમાં મહાન ઋષિમુનિઓએ પોતાની તપસ્યા દ્વારા પ્રાપ્ત જ્ઞાન દ્વારા હજારો વર્ષ પહેલા પૃથ્વીની ચુંબકીય શકિતના આધારે શાસ્ત્રોમાં લખીને આ હકીકત જણાવી હતી. અત્યારે સમય ની સાથે જગ્યા નો પણ અભાવ થતો ગયો છે ત્યારે નાના નાના ફ્લેટમાં ઈશાન ખૂણામાં અને પૂર્વ દિશા ની મધ્યમાં પણ મંદિર રાખી શકીએ છીએ

જ્યારે વૈજ્ઞાનિકોએ શોધ કરી હતી. ઘણા યુગો પછી પૃથ્વીની ચુંબકીય શકિત વિશે. અમે આ શાસ્ત્રીય જ્ઞાન તમારી સમક્ષ મૂકી રહ્યા છીએ. તેને યોગ્ય રીતે અનુસરણ કરીને કુદરતી દૈવી શકિત નો લાભ મેળવી શકાય છે.ઘરમાં પૂજા સ્થાન કે મંદિર કઈ દિશામાં હોવું જોઈએ

ભારતીય વાસ્તુશાસ્ત્ર અનુસાર, સીઢીઓની નીચે, રસોડામાં બાથરૂમની બાજુમાં ક્યારેય પૂજા સ્થાન ન હોવું જોઈએ.વાસ્તુશાસ્ત્ર અનુસાર ઘરમાં માત્ર એક જ પૂજા રૂમ હોવો જોઈએ અને તેને ક્યારેય સ્ટોર રૂમ તરીકે ઉપયોગ ન કરો અથવા પૂજા રૂમમાં સૂવું પણ ન જોઈએ. જો આપની ઘરમાં જગ્યાનો અભાવ હોય તો તમારા ઘરમાં એક એવું અલાયદુ સ્થાન બનાવો અને તેને પડદો કરી દો.આ ઉપરાંત, આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે પૂજાના મંદિરમાં ભગવાનની મૂર્તિઓને ક્યારેય એકબીજાની સામે ન રાખવી જોઈએ, એવું માનવામાં આવે છે કે તેનાથી ઘરમાં અને પૂજા કરતી વખતે નકારાત્મકતા આવે છે.

જો તમે દક્ષિણ તરફ મુખ કરીને પૂજા કરશો તો શું થશે?-ઘણા સંશોધનો અને અભ્યાસો પછી, શાસ્ત્રોમાં ઉલ્લેખિત હકીકત એ છે કે, દક્ષિણ તરફ મુખ કરીને બેસવાથી મન સ્થિર નથી રહેતું અને આવી સ્થિતિમાં તમે પૂજા અને ધ્યાન યોગ્ય રીતે કરી શકતા નથી.



એટલા માટે ધ્યાન રાખો કે પૂજા કરતી વખતે તમારું મુખ દક્ષિણ દિશા તરફ ન હોવું જોઈએ.

પૂજા કઈ દિશામાં કરવી શ્રેષ્ઠ રહેશે?

પૂર્વ દિશામાં સૂર્યોદય થતો હોવાથી પૂજા માટે પૂર્વ દિશા શ્રેષ્ઠ માનવામાં આવે છે. શાસ્ત્રોમાં સૂર્યની સામે મુખ રાખીને પૂજા કરવી શ્રેષ્ઠ કહેવાય છે, એટલે કે પૂજા કરતી વખતે તમારું મુખ પૂર્વ તરફ હોવું જોઈએ અને તેથી જ દેવી-દેવતાઓની મૂર્તિઓ પશ્ચિમ તરફ રાખવી જોઈએ.

# બહેન સાથે કામ બાબતે રકઝક થતાં યુવતીએ ઝેર પીધું

## રેલનગરની પરણીતાએ ફિનાઈલ ગટગટાવ્યું

**અબતક,રાજકોટ**

શહેરના મેટોડા જીઆઈડીસી ગેઈટ નં. ૨ નજીક રહેતી યુવતીએ નાની બહેન સાથે કામ બાબતે રકઝક થતાં ઝેર ગટગટાવ્યું. જ્યારે રેલનગરમાં પરણીતાએ અગમ્ય કારણસર ફિનાઈલ પીધી.શહેરના મેટોડા જીઆઈડીસી ગેઈટ-૨ નજીક શ્રીનાથજી પાર્કમાં રહેતો શબનમ કુમારી અરુણપ્રસાદ સોની (ઉ.વ.૧૮) નામની યુવતિએ આજે સવારે ઝેરી દવા પી લેતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરી હતી. શબનમ કુમારીના પિતા અરુણપ્રસાદ શાપરમાં કંપનીમાં કામ કરે છે. અને પોતે ૧૦મુ ભણે છે, ત્રણ બહેનમાં મોટી છે, ઘરકામ બાબતે નાની બહેન વર્ષા સાથે ચડભડ થતા વાતનું લાગી આવવાથી પગલું ભરી લીધું હતું. વધુ તપાસ મેટોડા પોલીસે હાથ ધરી છે. જ્યારે રેલનગરમાં મહારાણા પ્રતાપ ટાઉનશીપમાં રહેતા શીતલબેન દિનેશભાઈ વસોયા (ઉ.વ.૩૨) નામના મહિલાએ રાત્રે નવેક વાગ્યે ફિનાઈલ પી લેતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરિણીતાના લગ્ન થયા ને ૧૨ વર્ષ જેટલો સમય થયો છે અને સંતાનમાં એક દીકરો દીકરી છે. બનાવ અંગે પ્ર.નગર પોલીસે નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### શિસ્ત સમિતિની બેઠકમાં વિસ્તૃત ચર્ચાના અંતે

# નિલેશ કુંભાણીને છ વર્ષ માટે કોંગ્રેસે કર્યા સસ્પેન્ડ

**અબતક રાજકોટ**

ભાજપ ની જોળીમાં સુરત લોકસભા બેઠક બિનહરીફ આપી દેનાર નિલેશ કુંભાણીને કોંગ્રેસે છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા છે.

કોંગ્રેસ પક્ષે સંસદની નીલેશભાઈને સુરતથી ટિકિટ આપી હતી. સૌરાષ્ટ્રના અનેક પાટીદારો તથા અન્ય સૌરાષ્ટ્રના લોકો કે જેઓ સુરત સ્થિત થયા છે તેમના પ્રતિનિધિ તરીકે તેઓ અવાજ ઉઠાવો તેવી ગણતરી પક્ષની હતી. ફોર્મને રદ થવાની બાબતમાં તમારી સંપૂર્ણપણે નિષ્કાળજી અથવા ભારતીય જનતા પાર્ટી સાથે તમારું મેળાપીપણું હોવાની પરિસ્થિતિ સ્પષ્ટ દેખાઈ આવી હતી. આમ છતાં, કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ આવીને પૂરી સ્પષ્ટતા કરી શકો અને તમારો પક્ષ રજૂ કરી શકો તે માટે શિસ્ત સમિતિએ તમને સમય આપ્યો હતો. તમો નાટ્યાત્મક રીતે ગાયબ છો અને તમે કોઈપણ જાતનો તમારા પક્ષે ખુલાસો કરેલ નથી, જેથી પક્ષે છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે.



તેઓનું ફોર્મ રદ થવું એ અત્યંત કમનસીબ ઘટના છે. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીએ તમામ તંત્રનો દુરૂપયોગ કરીને અન્ય પક્ષના ઉમેદવારને લોભ, લાલચ, ભય અને ત્રાસ આપીને બધા જ ફોર્મ પરત ખેંચાવી લઈને લોકશાહીની હત્યા કરી છે. મતદાતાને ચૂંટણી સમયે મત આપવાનો એક પવિત્ર અધિકાર છે. સુરતમાં બનેલ ઘટનાથી લોકોના મત આપવાના અધિકાર ઉપર ભારતીય જનતા પાર્ટી દ્વારા તરાપ મારવામાં આવી છે અને લોકશાહીના ઈતિહાસમાં આ ઘટના કલંકિત રીતે કાળા અક્ષરમાં લખાશે. ૧૮ વર્ષની ઉંમરનો થયેલ યુવા મતદાર પ્રથમ વખત લોકશાહીના મહાપર્વ ચૂંટણીમાં મતદાન કરવા થનગની રહ્યો હતો તેને પણ હતાશા પ્રાપ્ત થઈ છે. આ પ્રકારની પરિસ્થિતિ એ અત્યંત શરમજનક ઘટના છે. આપ જાણતા હશો કે આપશ્રી સામે પણ સુરતના લોકો તેમજ કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને સોશિયલ મીડિયાથી લઈને તમામ સ્થળોએ તમારી સામે ભયંકર રોષ લોકો ઠાલવી રહ્યા છે.

આથી, આપને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો શિસ્ત સમિતિએ નિર્ણય લીધેલો છે.

# સરગમ ચિલ્ડ્રન કલબનાં સભ્યો માટે વોટર પાર્ક-ફનવર્લ્ડનો પ્રવાસ

## બાળકો માટે હેમુગઢવી હોલ ખાતે ફિલ્મ શો યોજાશે

**અબતક,રાજકોટ**

સરગમ ચિલ્ડ્રન કલબના સભ્યો માટે પીકનીક ક્રિષ્ના વોટર પાર્ક, ફિલ્મ શો અને ફનવર્લ્ડ જેવા આકર્ષક કાર્યક્રમો જાહેર કરવામાં આવ્યા છે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, ચિલ્ડ્રન કલબના નવા વર્ષના સભ્યો માટે ક્રિષ્ના વોટર પાર્કની પીકનીક અને ફિલ્મ શો, ફનવર્લ્ડ નું આયોજન કરવામાં આવ્યું છે.

ચિલ્ડ્રન કલબના સભ્ય માટે સંખ્યા નંબર ૧ થી ૧૦૦૦ માટે તા. ૨૯ને સોમવારે સવારે ૮/૦૦ થી ૧૧/૦૦ દરમિયાન ક્રિષ્ના વોટર પાર્કની પીકનીક યોજવામાં આવી છે. જયારે સભ્ય નંબર ૧૦૦૧થી ૨૧૦૦ માટે આ પીકનીક તા. ૩૦ ને મંગળવારે સવારે ૮/૦૦ થી ૧૧/૦૦ દરમિયાન યોજવામાં આવી છે. આ પીકનીકમાં જોડાવા ઈચ્છતા સભ્યોએ તા. ૨૭/૦૪/૨૪ સુધીમાં જાગનાથ મંદિર ચોક માં સરગમ કલબની ઓફીસ પર તેના રૂપિયા ૧૫૦ નિયત ફી ભરીને પ્રવેશકાર્ડ મેળવી લેવાનું રહેશે. બસ હેમુગઢવી ઉપરથી ઉપડશે.

ચિલ્ડ્રન કલબના સભ્યો માટે ફનવર્લ્ડ પીકનીકનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પીકનીક સભ્ય નંબર ૧ થી ૧૦૦૦ માટે તા. ૨ ને ગુરુવારે યોજાશે જયારે સભ્ય નંબર ૧૦૦૧થી ૨૧૦૦ માટે તા. ૩ ને શુક્રવારે યોજાશે. તમામને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.વાલીઓએ બાળકોને સવારે ૭/૪૫ વાગ્યે ફનવર્લ્ડ મૂકી જવાનાં રહેશે અને ૧૧/૦૦ વાગ્યે તેડવા આવી જવા જણાવાયુ છે.

ચિલ્ડ્રન કલબના સભ્યો ( સભ્ય નંબર ૧ થી ૧૦૦૦ )માટે તા. ૪ ને શનિવારે સવારે ૯ થી ૧૧-૪૫ દરમિયાન અને સભ્ય નંબર ૧૦૦૧ થી ૨૦૦૦ માટે તા. ૫ ને રવિવારે બપોરે ૩/૩૦ થી ૬/૦૦ દરમિયાન હેમુગઢવી હોલ ખાતે નવી ફિલ્મનો શો રાખવામાં આવ્યો છે.

# યુજીસીની મલ્ટીડિસીપ્લીનરી રિસર્ચની જોગવાઈ મુજબ સૌ.યુનિ.માં પીએચ.ડી. પ્રવેશ આપો: ડો.પરેશ રબારી

## સૌ.યુનિ.માં પીએચ.ડી. રિસર્ચ માટેના નવા નિયમો બનાવવાની માંગ સાથે યુવા અગ્રણી ડો.પરેશ રબારીએ કુલપતિને લેખિત રજૂઆત કરી

**અબતક, રાજકોટ**

એનઈપી-૨૦૨૦ નેશનલ એજ્યુકેશન પોલીસીનો અમલ આખા દેશમાં થયેલ છે. જેમાં તેનો મુખ્ય હાર્દ મલ્ટીડિસીપ્લીનરી રિસર્ચ છે. વિશ્વના વિકસિત દેશોમાં આ રીતે રિસર્ચ પ્રણાણી હોવાથી ખૂબ આગળ છે. જે અનુસંધાને એનઈપી-૨૦૨૦માં ભાગ-બે માં પ્રકરણ-૧૧માં પેજ નં-૩૬ પર મલ્ટીડિપ્લીનરી રિસર્ચ કરાવવા માટે યુનિવર્સિટીઓને કહેલું છે. સરળ ભાષામાં કહીએ તો કોઈ ડોક્ટર મેડીકલ ફિલ્ડમાં માસ્ટર ડિગ્રી ધરાવતા હોય પણ તેઓ સંસ્કૃત વિષયમાં રસ ધરાવતા હોય તો આ નિયમો મુજબ સંસ્કૃતમાં પણ પીએચ.ડી કરી શકશે. કોઈ એન્જિનિયરીંગમાં માસ્ટર કરેલું હોય પણ તેઓ ઈતિહાસમાં રસ ધરાવતા હોય તો તેઓ ઈતિહાસ વિષયમાં પીએચ.ડી. સંશોધન કરી શકે. આમાં વિશ્વના અનેક દેશોની માફક આપણા દેશમાં પણ રિસર્ચનું પ્રમાણ વધે તે ઉદ્દેશ્ય છે. અત્યારે હાલમાં યુજીસી દ્વારા નેટની પરિક્ષા અંગે નોટિફિકેશન બહાર પાડ્યું તેમાં પણ યુજીસી અને એનઈપી પેટર્ન મુજબ ગમે તે વિષયમાં નેટની પરિક્ષા આપી અને સંશોધન કરી શકશે તેવી જોગવાઈ કરેલી છે. દેશની તમામ આઈઆઈએમ, આઈઆઈટી સહિતની સેન્ટ્રલ



યુનિવર્સિટીઓમાં પણ મલ્ટીડિસિપ્લીનરી રિસર્ચ માટે કોઈપણ વિષયમાં માસ્ટર ડિગ્રી હોય અન્ય વિષયોની પ્રવેશ પરીક્ષામાં પ્રવેશ મેળવી પીએચ.ડી. સંશોધન કરી શકે છે. સરકાર દ્વારા જ્યારે વિદ્યાર્થીઓને લક્ષ્યમાં રાખી રિસર્ચ વધારવા માટે આટલા પ્રયત્ન કરેલા હોય ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ મલ્ટીડિસીપ્લીનરી પીએચ.ડી. રિસર્ચ માટે નવા નિયમો બનાવવામાં આવે જેથી આગામી નેકના ગ્રેડિંગમાં રિસર્ચ બેઝ્ડ સ્કોરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રદર્શન ઉત્કૃષ્ટ બનાવી શકાય. તેમ યુવા અગ્રણી પરેશ રબારીએ જણાવ્યું હતું.

# નામચીન શખ્સ પાસાના પિંજરે પુરાયો

## દારૂ, વ્યાજ અને ગેરકાયદે હથિયાર સહિત ૧૨ ગુનામાં ઝડપાયેલા 'કાતર' ને અમદાવાદ જેલમાં ધકેલાયો

**અબતક, રાજકોટ**

દારૂ, વ્યાજખોરી, ગેરકાયદે હથિયાર સહિત એક ડઝન ગુનામાં સંડોવાયેલા કોઠારિયા આનંદ નગરમાં રહેતા શખસ ને પાસા હેઠળ કાર્યવાહી કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.કોઠારિયા રોડ આનંદ નગર રહેતો સમીર ઉર્ફે સલીમ ઉર્ફે સલિયો ઉર્ફે કાતર આમદ જુણેજાને ડીસીબી પોલીસે હથિયાર સાથે ઝડપી લીધો હતો જે બાબતે કાર્યવાહી કરી ભક્તિનગર પોલીસ સ્ટાફે પાસા હેઠળ જેલમાં ધકેલવાની દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ મોકલવામાં આવતા તેમણે પાસા હેઠળની દરખાસ્ત મંજૂર કરતા વોરંટ ભક્તિનગર પોલીસ પીઆઈ મયુર ધ્વજ સિંહ સરવૈયા સહિતના સ્ટાફે સમીર ઉર્ફે કાતર ની ધરપકડ કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલવામાં આવ્યો છે.સમીર ઉર્ફે કાતર અનેક ગુનામાં સંડોવાયેલા હતો તેના પર ગેરકાયદેસર હથિયાર,દારૂ, વ્યાજખોરી સહિતના ડઝનેક ગુનામાં સંડોવાયેલો હતો.

# નવદુર્ગા એજયુ. ટ્રસ્ટ દ્વારા કાલે બાળકો માટે વાર્તા રે વાર્તા કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

નવદુર્ગા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાલભવન, રાજકોટના ટ્રસ્ટી ડો. અલ્પાબેન ત્રિવેદી (હેલીબેન) તથા વડીલ માનદ મંત્રી મનસુખભાઈ જોશીના સહયોગથી આવતીકાલે બાલભવન ખાતે બપોરે ૪.૩૦ થી ૬.૩૦ દરમ્યાન બાળકો માટે વાર્તાઓ, ગીતો, અભિનય ગીત તથા પપેટ શોને આવરી લેતા કાર્યક્રમ વાર્તા રે વાર્તાનું અનેરુ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટ સાથે જોડાયેલા શિક્ષકો માયાબેન ચુડાસમા, અવનિકાબેન ગોસ્વામી, જીજ્ઞાબેન વસાવડા, સ્વાતિબેન સવસેતા, મીનાક્ષીબેન ટીટીયા, પુષ્પાબેન ગુંસાઈ, વિલાસબેન પાવાગઢી, નિશાબેન પીલોજપરા, મેઘનાબેન કોટડીયા, સંજયભાઈ વાળોદરીયા, ગૌતમભાઈ ઈન્દ્રોડીયા, રજાકભાઈ ઉનડપૌત્રા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ઈન્ફર્ટિલીટીના કેસ અને નવા સંશોધનની ચર્ચા કરવા કાલથી બે દિવસ કોન્ફરન્સ

**અબતક, રાજકોટ**

છેલ્લા બે દસકાથી સમાજમાં પોલ્યુશન તથા પ્રિઝર્વેટીવના વધારે પડતા ઉપયોગથી તથા સામાજિક સ્ટ્રેસના વધવાથી પુરૂષ અને સ્ત્રીત્વનું પ્રમાણ વધી રહ્યુ છે. આપણી સામાજિક રચના પ્રમાણે બાળક ના થવું તે કપલને માટે એક સામાજિક કલંક માનવામાં આવે છે. આ વિષયને ગાયનેક ભાષામાં ઈન્ફર્ટિલિટી કહેવામાં આવે છે. સમાજમાં વધતા ઈન્ફર્ટિલિટીના કેસને કારણે તેના નવાનવા સંશોધનોની માટે રાજકોટમાં આવતીકાલથી બે દિવસ સ્ટેટ લેવલની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. આ કોન્ફરન્સમાં

**કોન્ફરન્સમાં ૫૦૦ ગાયનેક ડોક્ટરો ઉપસ્થિત રહેશે**

ભારતના વિવિધ રાજ્યોમાંથી તથા ગુજરાતના તમામ ફર્ટિલિટી નિષ્ણાતો અને રાજકોટ સૌરાષ્ટ્ર વિસ્તારના ફર્ટીલિટીની સણાતો તથા ગાયનેક ડોક્ટર્સની આ મહત્વપૂર્ણ મીટીંગ છે. જેમાં આશરે ૫૦૦ ગાયનેકના ડોક્ટરો મીટીંગમાં જોડાશે. સૌરાષ્ટ્ર-સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની આ પ્રકારની આ પહેલી કોન્ફરન્સ છે.

આ કોન્ફરન્સમાં રાજકોટના અગ્રગણ્ય ફર્ટીલિટી નિષ્ણાત ડો.હેતલ મોઢા, ડો.કુંતલ જાડેજા, ડો.મનીષા મોટેરીયા, ડો.સુરેજા, ડો.નીતા ઠક્કર અને અમદાવાદ ગુજરાતના જાણીતા ફર્ટિલિટી સ્પેશિયાલિસ્ટ ડો. આર. જી. પટેલ, ડો. મેહુલ દામાણી, ડો. મનીષ બેન્કર, ડો. નાગોરી ભાગ લઈ રહ્યા છે.આ કોન્ફરન્સમાં ગુજરાત ચેપ્ટર ઈસારના ચેરમેન ડો.નિમિશ શેલત તથા સેક્રેટરી ડો.ધર્મેશ કાપડિયા સંબોધન કરશે.

આ પ્રકારની કોન્ફરન્સથી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં આવનારા ભવિષ્યમાં ફર્ટિલિટીની આધુનિક સારવાર જેવી કે ટેસ્ટ ટ્યુબ બેબી તથા એન્ડોસ્કોપી વગેરેમાં મહત્વના ફેરફારો તથા વિકાસ થશે.

# કચ્છમાં હિટ એન્ડ રન, ટ્રકે બે બાઈકને હડફેટે લેતા બંને યુવકોનું મોત

**અબતક,રાજકોટ**

કચ્છના ભદ્રેશ્વર નજીક હિટ એન્ડ રનમાં બાઈક સવાર બે યુવકોના માથા ચિરાઇ જતા મોત નીપજ્યા છે. અકસ્માત સરજી નાસી જનાર ટ્રકચાલકની પોલીસે શોધખોળ હાથધરી છે.મુન્દ્રાના ભદ્રેશ્વર પાસે કંપનીમાંથી ડ્યુટી પૂરી કરી ઘેર પરત ફરી રહેલ બે શ્રમિક યુવાનોના બાઈકને અજાણ્યા ટ્રકે હડફેટે લેતા બંનેના કમકમાટીભર્યું મોત નીપજ્યા હતા. અમિતકુમાર દિલીપ ત્રિવેદી અને બીપિનકુમાર વિજય ચંદ્રવંશી એ બંને યુવાનોના માથા ચિરાઈ ગયા હતા.હતભાગી બંને યુવાનોની બાઈકને ટક્કર મર્યા બાદ ટ્રકચાલક નાશી છૂટ્યો હતો પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઝૂલતા પૂલ દુર્ઘટના મામલે હાઈકોર્ટે આકરા પાણીએ

## ઓરેવા જવાબદારીમાં નિષ્ફળ, શંકાનો લાભ મળી શકે તેમ નથી', વળતર પેટે વિધવાઓને મહિને ૧૨૦૦૦ આપશે

**અબતક, રાજકોટ**

મોરબી બ્રિજ દુર્ઘટનાના પીડિતોના પુનર્વસનને લઈ સુનાવણી ગુજરાત હાઈકોર્ટમાંચાલી રહી છે. આ સુનાવણી દરમિયાન ઓરેવાએ બિનશરતી માફી માગી છે. છેલ્લે કોર્ટના હુકમના અનાદર બદલ હાઈકોર્ટે ઓરેવા કંપનીના મેનેજિંગ ડિરેક્ટરો સામે કન્ટેમ્પ્ટ દાખલ કરવા નોટિસ આપી હતી.ઓરેવા કંપની તરફથી હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ દાખલ કરવાની શો કોઝ નોટિસ અને કલેકટર દ્વારા પીડિતોને આપવાના વળતર અંગે એફિડેવિટ કરવામાં આવ્ય છે. મોરબી જિલ્લા કલેકટરે અનાથ બાળકો, વિધવા મહિલાઓ વગેરેને પ્રતિમાસે ૧૨ હજાર આપવા સૂચવ્યું હતું, જ્યારે કંપની માત્ર મહિને ૫ હજાર આપવા તૈયાર હતી. કંપનીએ કહ્યું કે તેણે કોર્ટના સૂચન મુજબ પીડિતો માટે ટ્રસ્ટ બનાવવાની કામગીરી શરૂ કરી છે. કલેકટરે સૂચવ્યા મુજબનું વળતર તેઓ ૩૦ એપ્રિલ સુધીમાં ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયે તેના બેંક ખાતામાં અથવા લીગલ એડમાં જમાં કરાવવા તૈયાર છે.કોર્ટે પૂછ્યું આ તો દર મહિને સહાય ચુકવવાની છે, કાયમી વળતર અંગે શું વિચાર્યું છે? કંપનીની CSR જવાબદારીઓનું શું? આ દુર્ઘટનામાં કંપની દોષિત છે, જે દોષ ક્ષમા યોગ્ય નથી ત્યારે કંપનીએ પીડિતો માટે કંઈક વધારે કરવું પડે, આ સામાન્ય અકસ્માત કે કુદરતી દુર્ઘટના નથી. કંપનીએ જ્યારે બ્રિજનો કોન્ટ્રાક્ટ લીધો ત્યારે શ્રેષ્ઠ કામ કરવાની જરૂર હતી.કંપની તમામ જવાબદારીમાં નિષ્ફળ નીવડી છે. તમને બેનિફિટ ઓફ ડાઉટ મળી શકે તેમ નથી. તમે જાહેર મિલકત સાથે રમત રમી છે, પીડિતોને વધારે રકમ આપવાની તમારી જવાબદારી છે.

### મુંબઈ નોકરી યુવતીએ ફ્લેટની માંગણી વિશે શું વિચાર્યું, કોર્ટ

આ દુર્ઘટનામાં એક યુવતી મુંબઈની ખાનગી કંપનીમાં નોકરી કરે છે તેને મુંબઈમાં ફ્લેટ આપવાના કોર્ટના સૂચન વિશે કંપનીએ જણાવ્યું હતું કે કંપની ફ્લેટ કરતા થોડું ઓછું આપશે. જેથી કોર્ટે કહ્યું હતું કે કંપનીના હોદ્દેદારોએ એ . સી ચેમ્બરમાં બેસીને વિચાર્યું છે કે પીડિતોનું શું થતું હશે? જે પીડિતો પાસે પૈસા નથી તેનું શું? આ ઘટનામાં દિવ્યાંગ બની હોય તે પરીવારનું ગુજરાન કેવી રીતે ચલાવી શકશે? બીજાની ઉપર નિર્ભર બનેલા લોકોના જીવન વિશે વિચાર્યું છે? ભારતમાં દિવ્યાંગ સાથે લગ્ન એક ટેબૂ છે. નોર્મલ વ્યક્તિ પોતાને દિવ્યાંગ કરતા ચઢિયાતો ગણે છે.દિવ્યાંગોને દયા દ્રષ્ટિથી જોવામાં આવે છે. તેમને બહાર નીકળવાની જગ્યાએ ઘરે જ રહેવું જોઈએ તેવું લોકો વિચારે છે. કોર્ટ આ યુવતીને જીવનમાં કોઈની જરૂર ના રહે તેવી વ્યવસ્થા કરવા વિચારે છે. યુવતીને જીવનમાં કોઈની જરૂર ના રહે તેવી વ્યવસ્થા કરવા કોર્ટ વિચારે છે.

# નચિકેતા સ્ટેશનરીના માલિકને ફ્રેન્ચાઈઝીના નામે રૂ. ૨૧.૬૬ લાખનો ચૂનો ચોપડી દેવાયો

## ડીકેથલોન સ્પોર્ટ્સ ઈન્ડિયા પ્રા. લિ.કંપનીની ફ્રેન્ચાઈઝી અપાવી દેવાના નામે કટકે-કટકે નાણાં પડાવી લેવાયા

**અબતક, રાજકોટ**

શહેરના એક વેપારીને ડીકેથલોન સ્પોર્ટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીની ફ્રેન્ચાઈઝી અપાવી દેવાના બહાને ભેજાબાજ શખ્સોએ રૂ. ૨૧.૬૬ લાખનો ચુનો ચોપડી દીધો હોય તે પ્રકારનો મામલો એ ડિવિઝન પોલીસ મથકના ચોપડે નોંધાયો છે.

શહેરના એસ્ટ્રોન ચોક પાસે નચિકેતા સ્ટેશનરી મોલ નામની પેઢી ધરાવતા કપિલભાઈ ધનજીભાઈ કાવર નામના ૪૩ વર્ષીય વેપારીએ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ એસ્ટ્રોન ચોક પાસે પાંચ માળની બિલ્ડીંગમાં નચિકેતા સ્ટેશનરી મોલ નામે વ્યવસાય ધરાવતા હોય અને સ્પોર્ટ્સની આઈટમનો વેપાર કરવા ઈચ્છતા હોય દરમિયાન તેમને જાણવા મળ્યું હતું કે ડીકેથલોન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ લિમિટેડ કંપની બેંગ્લોરની હોય અને તે સ્પોર્ટ્સને લગતી આઈટમનું વેચાણ કરે છે. જેથી આ કંપનીની ફ્રેન્ચાઈઝી લેવા ઈચ્છતા વેપારીએ ગુગલમાં ડીકેથલોન સ્પોર્ટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ નામથી સર્ચ કરતા વિનેશ શુક્લા, લીગલ એડવાઈઝર આશિષ પાંડે અને આસિસ્ટન્ટ મેનેજર મનશુરીંગ એમ કુલ ત્રણ શખ્સોના નામ, નંબર તેમજ ઈમેલ એડ્રેસ મળતા વેપારીએ આ શખ્સોનો સંપર્ક કર્યો હતો. ગુગલમાં મળેલા ઈમેલ આઈડી મારફત સંપર્ક કરતા રજીસ્ટ્રેશન પેટે રૂ. ૬૬,૦૦૦ અને ડિપોઝિટ પેટે રૂ. ૬,૦૦,૦૦૦ ની રકમ ભરવા માટે જણાવવામાં આવ્યું હતું આ બંને રકમ છે તેવું પણ વેપારીને જણાવવામાં આવ્યું હતું જે બાદ વિનેશ શુક્લા અને આશિષ પાંડે નામના શકશે વેપારીને ફોન કરીને તમામ પ્રક્રિયા જણાવી હતી. તેમજ રજીસ્ટ્રેશન ફી રૂ. ૬૬૦૦૦ અને ડિપોઝિટ પેટે રૂ. ૬,૦૦,૦૦૦ એમ કુલ રૂપિયા ૬.૬૬ લાખ બેન્ક એકાઉન્ટ મારફત ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું.

ભોગ બનનાર વેપારીએ એકવાર રકમ ટ્રાન્સફર કર્યા બાદ એડવાન્સ પેમેન્ટ તેમજ જીએસટી સહિતની રકમ પેટે અલગ અલગ રકમની માંગણી કરવામાં આવી હતી. જેથી વેપારીએ કટકે કટકે કુલ રૂપિયા ૨૧, ૬૬,૦૦૦ની રકમ ટ્રાન્સફર કર્યા બાદ વધુ પૈસાની માંગણી કરવામાં આવતા અંતે વેપારીએ ખરાઈ કરતા આ શખ્સોએ તેમની સાથે આર્થિક છેતરપિંડી કર્યાનું ધ્યાનમાં આવ્યું હતું.

હાલ એ ડિવિઝન પોલીસે વિનેશ શુક્લા, આશિષ પાંડે, મનશુરીંગ તેમજ તપાસમાં ખુલે તે તમામ અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. તેમજ કોલ ડીટેલ અને ઈમેલ આઈડી સહિતની વિગતો મેળવી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સફેદ ડુંગળીની નિકાસ કંડલા, પીપાવાવ અને ન્હાવા શેવા પોર્ટ ઉપરથી જ થઈ શકશે

## કેન્દ્ર સરકારે નિકાસને લઈને આપી રાહત: ૨૦૦૦ મેટ્રિક ટન સુધીનો જથ્થો બાગાયત કમિશનરનું પ્રમાણપત્ર મેળવીને નિકાસ કરી શકાશે

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે સફેદ ડુંગળીની નિકાસને લઈને રાહત જાહેર કરી છે. જેમાં કંડલા, પીપાવાવ અને ન્હાવા શેવા પોર્ટ ઉપરથી ડુંગળીની નિકાસને છૂટ આપવામાં આવી છે. વધુમાં ૨૦૦૦ મેટ્રિક ટન સુધીનો જથ્થો બાગાયત કમિશનરનું પ્રમાણ પત્ર મેળવીને નિકાસ કરી શકાશે.

ભારત સરકાર દ્વારા સફેદ ડુંગળી પર નિકાસ પ્રતિબંધ હળવો કરવામાં આવ્યો છે. સરકારે દેશના ત્રણ બંદરો પરથી સફેદ ડુંગળીના વિદેશી શિપમેન્ટને મંજૂરી આપી છે. ડીજીએફટીએ જાહેરનામું બહાર પાડ્યું છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા જારી કરાયેલા એક નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું છે કે સફેદ ડુંગળીની નિકાસ કરતા નિકાસકારોએ માલ અને એસેસરીઝના જથ્થાને પ્રમાણિત કરવા માટે ગુજરાત સરકારના હોર્ટિકલ્ચર કમિશનર પાસેથી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

સફેદ ડુંગળીની નિકાસ માટે સરકાર દ્વારા કેટલાક બંદરોના નામ નક્કી કરવામાં આવ્યા છે. ડીજીએફટી નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે આ આદેશ તાત્કાલિક અસરથી જારી કરવામાં આવશે કે નિયુક્ત બંદરો પરથી વધુમાં વધુ બે હજાર મેટ્રિક ટન સફેદ ડુંગળીની નિકાસ કરી શકાય. સરકારે નિકાસ માટે મુન્દ્રા પોર્ટ, પીપાવાવ



પોર્ટ અને ન્હાવા શેવા પોર્ટના નામ નક્કી કર્યા છે.

નોટિફિકેશનમાં વધુમાં જણાવાયું છે કે રાજકીય રીતે સંવેદનશીલ કોમોડિટી ડુંગળીની નિકાસ પર સામાન્ય રીતે પ્રતિબંધ છે પરંતુ સરકાર દ્વારા મિત્ર દેશોની વિનંતી પર તેના ચોક્કસ જથ્થાને મોકલવાની મંજૂરી આપવામાં આવી છે.

ડાયરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ એ વાણિજ્ય મંત્રાલયની એક શાખા છે, જે આયાત અને નિકાસ સંબંધિત ધોરણો નક્કી કરે છે. અગાઉ ૮ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ સરકારે સ્થાનિક ઉપલબ્ધતા વધારવા અને કિંમતોને નિયંત્રિત કરવા માટે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પગલા બાદ ડુંગળીના ભાવમાં ઘટાડો થયો હતો.

અગાઉ કેન્દ્ર સરકારે યુએઈ અને બાંગ્લાદેશને ૬૪,૪૦૦ ટન ડુંગળીની નિકાસ કરવાની મંજૂરી આપી હતી. જેમાં બાંગ્લાદેશને ૫૦,૦૦૦ ટન અને યુએઈને ૧૪,૪૦૦ ટન ડુંગળીની નિકાસ કરવાની પરવાનગી અપાઈ છે. વાણિજ્ય મંત્રાલયના નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર નેશનલ કો-ઓપરેટિવ એક્સ્પોર્ટ્સ દ્વારા યુએઈને ૧૪,૪૦૦ ટન ડુંગળીની નિકાસ કરાશે. જેની ત્રિમાસિક ટોચમર્યાદા ૩,૬૦૦ મેટ્રિક ટન રહેશે. વાણિજ્ય મંત્રાલયનો ભાગ એવા ડાયરેક્ટરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા આયાત અને નિકાસના ધોરણો નિર્ધારિત કરવામાં આવે છે.

નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર બાંગ્લાદેશને કરવામાં આવનારી ડુંગળીની નિકાસના નિયમ એનસીઈએલ ગ્રાહક બાબતોના વિભાગ સાથે ચર્ચા પછી કરશે. ઉલ્લેખનીય છે કે, સરકારે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે પણ મિત્ર દેશોને ચોક્કસ જથ્થામાં નિકાસની મંજૂરી આપવામાં આવે છે. જે તે દેશની વિનંતીના આધારે સરકાર પાસેથી પરવાનગી લીધા પછી આવી પરવાનગી અપાય છે. સરકારે ગયા વર્ષની ૮ ડિસેમ્બરે ડુંગળીની નિકાસ પર ૩૧ માર્ચ સુધી પ્રતિબંધ મૂક્યો હતો.

### બસ હવે બહુ થયું ક્ષમા યાચના માટે હાથ જોડવાનું બંધ

# ડેમેજ કન્ટ્રોલ – મનામણાનો વિષય પુરો: નુકશાની સરભર કરવાની ભાજપની કવાયત

**ક્ષત્રિય સમાજના મત નહીં જ મળે તેવી ગણતરી સાથે ભાજપે ચૂંટણીની નવી વ્યુહ રચના ઘડી: ભાજપમાં રહેલા ક્ષત્રિય આગેવાનો સમાજ પાસે પોતાના કામનો હિસાબ આપી મત માંગશે**

**કમિટેડ મતદારોને આકર્ષવાની રણનીતિ ક્ષત્રીય મતદારોની ઘટ અન્ય સમાજમાંથી સરભર કરવામાં આવશે**

**હવે એક જ લક્ષ્યાંક ભાજપ તરફી મતદાન વધારો: ક્ષત્રિય સમાજના રોષને ભૂલી જાવ સુરત બેઠક બિનહરીફ થયા બાદ હાઈકમાન્ડ ઉત્સાહમાં**

**અબતક, રાજકોટ**

રાજકોટ લોકસભાન બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય કેબિનેટ મંત્રી પરષોતમભાઈ રૂપાલાએ રાજા-રજવાડા અંગે કરેલી ટીપ્પણી બાદ રાજયભરમાં ક્ષત્રીય સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. વારંવાર માફી માંગવા છતાં રોષ શાંત પડવાનું નામ લેતો નથી. રૂપાલાની ટિકીટ રદ કરવાની માંગણી ન સંતોષાતા ક્ષત્રીય સમાજ દ્વારા આંદોલનનો બીજો તબકકો શરુ કરી દેવામાં આવ્યો છે. ડેમેજ કન્ટ્રોલ કરવા માટે સરકાર અને સંગઠન દ્વારા અથાગ પ્રયાસો કરવામાં આવ્યા હોવા છતાં ક્ષત્રીયો વટ છોડવા તૈયાર નથી. આવામાં હવે ભાજપે નુકશાની સરભર કરવા માટે નવી કવાયત શરુ કરી દેવામાં આવી છે.

રાજા રજવાડા અંગે ટીપ્પણી કર્યા બાદ ખુદ કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રૂપાલા બે થી ત્રણ વાર બે હાથ જોડી ક્ષત્રીય સમાજની માફી ચૂકયા છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે પણ બે ત્રણ વખત માફી માંગી છે. ક્ષત્રીય સમાજ એક જ માંગ પર અડગ હતો. કે ભાજપ દ્વારા રૂપાલાની ટિકીટ રદ કરવામાં આવે જો કે ભાજપે માંગણીનો સ્વીકાર કર્યા નથી. હવે ક્ષત્રીય સમાજે રૂપાલા સામે વિરોધમાં આંદોલન પાર્ટ-૨ શરુ કરાયું છે. જેમાં રાજયભરમાં અસ્મિતા રથ શરુ કરવામાં આવ્યા છે. ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રી રત્નાકર દ્વારા ૧૪ લોકસભા બેઠકને આવરી લેતા ક્ષત્રીય આગેવાનો સાથે ૧૦ જેટલી બેઠક કરવામાં આવી હતી. છતાં ક્ષત્રીયો કોઈ કાલે નમું તોળવા તૈયાર નથી.



ક્ષત્રીય સમાજના મતો હવે કમળને નહીં જ મળે તેવું માની ભાજપ દ્વારા હવે ચૂંટણીની નવી જ વ્યુહ રચના ઘડી કાઢવામાં આવી છે. ડેમેજ કન્ટ્રોલ અને મનામણનો વિષય સંપૂર્ણ પણે પુરો કરી હવે ધ્યાન વધુ મતદાન પર કેન્દ્રીત કરવા કાર્યકરોને તાકીદ કરવામાં આવી છે. વારંવાર માફી માંગયા છતાં વિવાદ સતત વકરી રહ્યો હોવાના કારણે હવે આ વિષયને સાઈડમાં મૂકી પક્ષ લેવલથી છોડી દેવાનું નકકી કરવામાં આવ્યું છે. ક્ષત્રીય સમાજના જે મતોની નુકશાની ભાજપને જવાની છે. તે મતો કયાંથી મેળવવા તેની ગણતરી માંડવામાં આવી રહ્યા છે. ભાજપ સાથે જોડાયેલા અન્ય પક્ષોને વધુ સાચવવામાં આવશે. બીજી તરફ ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રીય સમાજના નેતા અને આગેવાનોને પણ હવે એક લીટીનું હોમ વર્ક આપવામાં આવ્યું છે કે, તેઓએ સમાજ માટે કરેલા કામનો હિસાબ આપી મત માંગવામાં આવે તેવી તાકીદ કરાય છે.

સંગઠન અને સરકારમાં મજબુત પક્ષ ધરાવતા ક્ષત્રીય આગેવાનો સમાજ પર પોતાની પકક હોવાનું પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યા છે. ક્ષત્રીય સમાજના મતો ભાજપને નહી મળે અને આ મત કોંગ્રેસ કે અન્યને મળશે તેવી બેવડી ગણતરી કરી ભાજપે નવી ચુંટણી લક્ષી રચના બનાવી છે. બીજી તરફ પાટીદાર મતદારોના વર્ચસ્વવાળી સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બીન હરીફ જીત્યા બાદ પક્ષનો ઉત્સાહ વધ્યો છે.

સુરતના સમીકરણો સૌરાષ્ટ્રની મોટાભાગની બેઠકો પર ખુબ જ અગત્યનો ભાગ ભજવતા હોય છે. વિધાનસભા કે લોકસભાની ચુંટણીમાં ભાજપ દ્વારા ઉમેદવારો નકકી કરવામાં પણ સુરતના સમીકરણોને ધ્યાનમાં લેવામાં

(અનુ. આઠમા પાને)

## આજી ડેમમાં યુગલ ડૂબ્યું : મહિલાનું રેસ્કયુ, પણ પુરૂષ હજુ લાપત્તા

**ન્હાવા જતાં આકસ્મિક રીતે ઉંડા પાણીમાં ગરકાવ થયો કે આપઘાતનો પ્રયાસ? : તપાસનો ધમધમાટ**

**અબતક, રાજકોટ**

આજી ડેમમાં નહાવા પડેલું દંપતી ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા ફાયર બ્રિગેડની ટીમે મહિલાને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ હતી તેમજ પાંચથી વધુ કલાકથી પુરુષની શોધખોળ કર્યા બાદ પણ ભાળ મળી ન હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ થોરાળા પાસેના વિજયનગરમાં રહેતા અરવિંદભાઈ કેશુભાઈ ચૌહાણ (ઉ.૪૧)તેમજ હિનાબેન ઉર્ફે દયાબેન (ઉ.૩૮) આજી ડેમમાં સાંજના ૬ વાગ્યાં આસપાસ નહાવા પડતા ઊંડા પાણીમાં ગરક થઈ ગયા હતા.બનાવ અંગે જાણ થતા ફાયર બ્રિગ્રેડની ટીમે પહોંચી રેસ્કયુ કરી મહિલાને બહાર કાઢી સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડાતા આજીડેમ પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમીક તપાસમાં અરવિંદભાઈ મજુરીકામ કરતા હોવાનુ અને તેને ચારેક વર્ષ પહેલા મૈત્રી કરારથી રહેતા હોવાનુ અને દયાબેનને આગલા ઘરનો એક પુત્ર હોવાનુ અને જનાના હોસ્પીટલમાં નોકરી કરતા હોવાનુ તેના પરીવારે જણાવ્યુ હતુ. ગત બપોરે હિના બેન, અરવિદભાઈ અને બે બાળકો સાથે આજીડેમે ન્હાવા ગયા હતા. ત્યારબાદ બન્ને ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હોવાનુ જણાવ્યુ હતુ. બનાવને પગલે ફાયર બ્રિગ્રેડની ટીમે અરવિદભાઈની મોડી રાત સુધી શોધખોળ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બનાવના ૨૪ કલાક પહેલા ખોખડદળ નદીમાં નહાવા પડેલા બે મિત્રોના મોત થયા બાદ વધુ એક બનાવ બનતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

હાલ સમગ્ર બનાવ આકસ્મિક રીતે બન્યો છે કે પછી યુગલે આપઘાતનો પ્રયાસ કર્યો હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. બીજી બાજુ હજુ પણ અરવિંદભાઈની કોઈ ભાળ નહિ મળી આવતા સંભવતઃ મોત નીપજ્યાનું અનુમાન છે.

## લોકસભા ચૂંટણી પૂર્વે પોલીસ બેડામાં ફેરફારનો દોર : વધુ ૧૨ આઈપીએસની બદલીના આદેશ

**રાઘવેન્દ્ર વત્સને સુરતના જોઈન્ટ પોલીસ કમિશનર(ક્રાઈમ) તરીકે જયારે શરદ સિંઘલને જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ)અમદાવાદ ખાતે નિમણુંક**

**અબતક, રાજકોટ**

રાજ્ય પોલીસ બેડામાં લોકસભા ચૂંટણી પહેલા વધુ એકવાર બદલીનો ગંજીપો ચિપાયો છે. રાજયના ૧૨ જેટલાં આઈપીએસની બદલીનો ઘાણવો ઉતારવામાં આવ્યો છે જયારે પાંચ જેટલાં સિનિયર આઈપીએસને બઢતી આપવામાં આવી છે.

રાજ્યના ૧૨ આઈ પી એસ પોલીસ અધિકારીઓની બદલીના હુકમોની જો વાત કરવામાં આવે તો ગગનદીપ ગંભીરને આઈજીપી એડમિનિસ્ટ્રેશન ગાંધીનગર મુકાયા છે. રાઘવેન્દ્ર વત્સને જોઈન્ટ પોલીસ કમિશનર(ક્રાઈમ) સુરત તરીકે મુકવામાં આવ્યા છે. શરદ સિંઘલને જોઈન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ)અમદાવાદ મુકવામાં આવ્યા છે. જયારે નીરજ કુમાર બડગુજરને એડિશનલ કમિશનર ઓફ પોલીસ ક્રાઈમ અમદાવાદ સેકટર વન તરીકે મુકવામાં આવ્યા છે.

ઉપરાંત ચૈતન્ય માંડલીકને એસ.પી સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર મુકવામાં આવ્યા છે. મનીશ સિંઘને એસપી એમટી ગાંધીનગર મુકવામાં આવ્યા છે. ઉષા રાડાને કમાન્ડન્ટ એસઆરપીએફ ગ્રુપ-છ મુદ્દેતી(સાબરકાંઠા) ખાતે નિયુક્તિ આપવામાં આવી છે જયારે મૂકવામાં

અજીત રાજીયનને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ(ક્રાઈમ) અમદાવાદ શહેરમાં મૂકયા છે. ડો. લવિના સિંહાને ડીસીપી (સાઈબર ક્રાઈમ) અમદાવાદ મુકવામાં આવ્યા છે. રુપલ સોલંકીને ડીજીપી ઓફિસમાં સ્ટાફ ઓફિસર તરીકે જયારે ભારતી પંડ્યાને એસપી ટેકનિકલ સર્વિસ ગાંધીનગર ખાતે નિમણુંક આપવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે, ચૂંટણી પંચે કરેલા આઈપીએસ અધિકારીઓની બદલીના હુકમમાં વેઈટિંગ ફોર પોસ્ટિંગ અને ઈન્ચાર્જ જગ્યાઓ ભરવાની પ્રાથમિકતા આપવામાં આવી છે. તેમાં પણ અમદાવાદ શહેરની ત્રણ જગ્યા પર પોસ્ટિંગ તેમજ શરદ સિંઘલ,

(અનુ. આઠમા પાને)

# ચૂંટણી પ્રચાર માટે રોકડા ૧૦ દિવસ હાથમાં: માહોલ જામતો નથી !

**મતદારોમાં ઉદાસિનતા અને આકરા તડકાના કારણે પ્રચાર-પ્રસારમાં પણ ચૂંટણીલક્ષી વાતાવરણ બંધાતું નથી**

**ઉમેદવારો વહેલા જાહેર કરી દેવાયા હોય સતત બે માસથી ચૂંટણીની ભાગા દોડીથી હવે કાર્યકરો પણ થાકયાં**

**અબતક, રાજકોટ**

લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનમાં ગુજરાતની ૨૬ બેઠકો પૈકી ૨૫ બેઠકો માટે મતદાન યોજાવાનું છે. હવે ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારો અને રાજકીય પક્ષો પાસે રોકડા ૧૦ દિવસ જ હાથમાં રહ્યા છે. છતા હજી ક્યાં ચૂંટણીનો માહોલ જામતો નથી. કાર્યકરો અને ઉમેદવારો જોરશોરથી બરાડા પાડી પ્રચાર કરી રહ્યા છે. પરંતુ મતદારોમાં ઉદાસિનતા જોવા મળી રહી છે. આકરા તડકા પણ માહોલ બનવા દેતા નથી. હવે રાષ્ટ્રીય નેતાઓની ચૂંટણી સભા, રેલી અને રોડ-શો બાદ વાતાવરણ બને તેવું લાગી રહ્યું છે. વહેલા ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા હોય કાર્યકરો પણ બે માસથી ભાગદોડી કરી થાક્યા છે.

સામાન્ય રિતે લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ ઉમેદવારના નામ જાહેર કરવામાં આવતા હોય છે. પરંતુ ભાજપ અને કોંગ્રેસ દ્વારા આ વખતે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની તારીખો જાહેર કરવામાં આવે તે પહેલા જ મહિના-દોઢ મહિના પહેલા ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવ્યા હતા. છેલ્લા ઘણા સમયથી ઉમેદવારો દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. જેના કારણે હવે મતદાનના આડે નવ દિવસનો સમય બાકી હોવા છતાં ક્યાંય ચૂંટણીનો માહોલ જોવા મળતો નથી.



જેની પાછળ ઘણા પરિબળો જવાબદાર છે. હવે મતદારો પણ પહેલા જેટલા ઉત્સુક નથી. મતદારોની ઉદાસિનતા ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોને સતાવી રહી છે. બીજી તરફ આકાશ આગ ઓકી રહ્યું છે. માંડ બે-ત્રણ કલાક લોકસંપર્ક કે ડોર ટુ ડોર સંપર્ક કરવામાં આવે ત્યાં તડકા શરૂ થઈ જાય છે.

જેના કારણે માહોલ બંધાતો નથી. અગાઉ ચૂંટણી કાર્યાલયો પર કાર્યકરો આગેવાનો કે સામાન્ય લોકોનો જમાવડો જામતો હતો. જે હવે જોવા મળતો નથી.

હવે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સહિત ભાજપના દિગ્ગજ નેતાઓ ઉપરાંત કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપરાંત પ્રિયંકા ગાંધી જેવા નેતાઓ ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યા છે. ત્યારબાદ ચૂંટણીનો માહોલ બરાબર પકડાશે.

હાલ ઉમેદવારો અને રાજકીય પક્ષો દ્વારા વિવિધ કાર્યક્રમો ચોક્કસ યોજવામાં આવે છે. પરંતુ તેમા પક્ષના કાર્યકરો અને આગેવાનોની સંખ્યા વધુ જોવા મળે છે. સામાન્ય લોકોની નહિવત હાજરી હોય છે.

ગુજરાતમાં ભાજપ ભલે છેલ્લી બે લોકસભાની ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો જીતી રહ્યું હોય પરંતુ આ વખતે અનેક બેઠકો પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી રહી છે.

મતદારોના મન કળવામાં હજી ઉમેદવારો અને રાજકીય પક્ષો થાપ ખાય રહ્યા છે.

## દાવત સોડા, પનીર તુફાની અને શુદ્ધ ઘીના નમૂના લેતું કોર્પોરેશન

**આકાશવાણી ચોકમાં ખાણીપીણીની ૨૨ દુકાનોમાં ચેકીંગ: ચાર વેપારીઓને નોટિસ**

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની ફૂડ શાખા દ્વારા આજે શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી દાવત સોડા, પનીર તૂફાની સબ્જી અને શુદ્ધ ઘીના નમૂના લઈ પરિક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ક્રિસ્ટલ મોલથી આકાશવાણી ચોક સુધીના વિસ્તારમાં ખાણીપીણીની ૨૨ દુકાનો ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચાર ધંધાર્થીઓને નોટિસ આપી ૧૯ ખાદ્ય સામગ્રીના નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી.

આજે જિલ્લા ગાર્ડન શેરી નં.૪માં બાપુનગર વિસ્તારમાં આવેલી શ્રી ખોડિયાર સેલ્સ એજન્સીમાંથી દાવત બેવરજીસ જીરા સોડા, દાવત મોકટેલ કેડબરી ઓરેન્જ એન્ડ લેમન જ્યુસ, કિશાનપરા ચોક રોડ પર મહિલા કોલેજ ચોકમાં આલાભાઈના ભઠ્ઠા પાસેથી સાસુજી કા ઢાબામાંથી લૂઝ પનીર તૂફાની સબ્જી અને મવડી વિસ્તારમાં વૃંદાવન સોસાયટી શેરી નં.૪માં અંકુરનગર મેઈન રોડ પર ક્રિષ્ના ડેરી ફાર્મમાંથી લૂઝ ઘીનો

(અનુ. આઠમા પાને)

## ભાવનગર-દક્ષિણ ગુજરાતમાં કમોસમી વરસાદ

**બે દિવસ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાદળછાયા વાતાવરણ સાથે કમોસમી વરસાદની આગાહી: મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર જશે**

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આકરી ગરમીના પ્રકોપ વચ્ચે વાતાવરણમાં પલટો આવ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં વહેલી સવારના સમયે કમોસમી વરસાદ વરસ્યો છે.ભાવનગર-બોટાદ સહીત દક્ષિણ ગુજરાતમાં માવઠાના કારણે ખેડૂતો ચિંતાતૂર બન્યા છે. આ તરફ તાપી જિલ્લાના વાતાવરણમાં પણ પલટો આવ્યો છે. તાપીના વાલોડ, વ્યારા, ડોલવણ સહિતના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસ્યો છે. વ્યારાના મિશન નાકા, સ્ટેશન રોડ સહિતના કેટલાક વિસ્તારમાં વહેલી સવારે ઝરમર વરસાદ વરસ્યો છે. આકરી ગરમી વચ્ચે વહેલી સવારે ઝાપટુ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં પણ કમોસમી વરસાદ વરસ્યો છે. ભાવનગરમાં વહેલી સવારના સમયે માવઠુ વરસ્યું છે. ભાવનગર શહેરના ચિત્રા, બોર તળાવ, કુંભારવાડા, દેસાઈ નગર, રાજનગર સહિતના વિસ્તારમાં વહેલી સવારે આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા અને થોડીવારમાં વરસાદી ઝાપટું વરસ્યુ છે. વરસાદી ઝાપટાએ ખેડૂતોની ચિંતા વધારી દીધી છે. દાહોદ શહેર સ્ટેશન રોડ તેમજ છાપરી, ગલાલિયાવાડ, રળિયાતી રાબડાલ સહિત આસપાસના વિસ્તારમાં ઝાપટું પડ્યું છે. વલસાડમાં વરસાદી માહોલ જામ્યો છે. પેહલા ધૂમમ્સયુ વાતાવરણ અને ત્યાર બાદ અમી છાંટણા થયા છે. વાતાવરણમાં એકદમ પલટો આવ્યો છે. તીથલરોડ, કોલેજ કેમ્પસ, કચેરી રોડ સહિતના વિસ્તારમાં વરસાદ છે. વરસાદને કારણે ગરમીનો પારો ગગડ્યો છે. વહેલી સવારે થયેલ વાતાવરણમાં પલટાને લઈને અને ખુબજ હળવા વરસાદ બાદ રસ્તાઓ ભીના થયા છે.નવસારી જિલ્લામાં વાતાવરણમાં અચાનક ફેરફાર થયો છે. જિલ્લાના ગણદેવી

(અનુ. આઠમા પાને)

# રાજકોટ રેન્જનો સપાટો : પાંચ રાજયમાંથી નાસતા ફરતા ૪૭ ગુનેગારોને ઉપાડી લેવાયા

**30 પોલીસ અધિકારી-કર્મચારીઓની પાંચ સ્પેશિયલ ટીમોએ વેશ બદલાવી કાર્યવાહી કરી**

**અબતક, રાજકોટ**

લોકસભા ચુંટણીની શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેવા ઉદ્દેશ્ય સાથે પોલીસ દ્વારા ગુનેગારો પર ધોસ બોલાવવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ રેન્જ પોલીસે અલગ અલગ પાંચ ટીમો બનાવીને મહારાષ્ટ્ર, એમપી, યુપી, રાજસ્થાન અને હરિયાણાથી કુલ ૪૭ જેટલાં નાસ્તા ફરતા ગુનેગારોને ઉપાડી લઈ દાખલારૂપ કાર્યવાહી કરી છે.

આદર્શ આચારસંહિતા લાગુ હોય જે અનુસંધાને રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવાના હેતુ સાથે પોલીસ મહાનિરીક્ષક અશોક કુમાર દ્વારા રેન્જ હસ્તકના પાંચ જીલ્લાઓમાં નાસતા-ફરતા આરોપીઓ પકડવા માટે એક ખાસ ઝુંબેશનુ આયોજન કરવામાં આવ્યું હતું. જે અનુસંધાને રાજ્ય બહારના આરોપીઓને પકડી પાડવા રાજકોટ રેન્જના ૫ પોલીસ અધિકારી તથા ૨૫ પોલીસ કર્મચારીઓ મળી કુલ ૩૦ અધિકારી-કર્મચારીઓની ૫ અલગ-અલગ સ્પેશ્યલ ટીમો બનાવવામાં આવેલ હતી.

આ ટીમો પૈકી મધ્યપ્રદેશ ખાતે અલગ-અલગ બે ટીમો, રાજસ્થાન ખાતે અલગ-અલગ બે ટીમો અને મહારાષ્ટ્ર ખાતે એક ટીમ મોકલવામાં આવી હતી. તેમજ રાજ્યના સ્થાનીક આરોપીઓને પકડવા માટે એલ.સી.બી.-એસ.ઓ.જીની ટીમો બનાવવામાં આવી હતી.

આ તમામ ટીમો દ્વારા વેશપલટો કરી તેમજ પોતાની પોલીસ તરીકેની ઓળખ છુપાવી ખાનગી રાહે હકીકત મેળવી નાસતા ફરતા આરોપીઓ પકડી પાડી કામગીરી કરવામાં આવી છે. જેમાં રાજસ્થાન રાજ્યના કુલ ૧૧ આરોપીઓ અટકાયત કરવામાં આવી છે. ઉપરાંત યુ.પી. તથા



એમ.પી.ના કુલ ૫ આરોપીઓ, મહારાષ્ટ્ર તથા હરીયાણાના કુલ ૩ આરોપીઓને ઉપાડી લેવામાં આવ્યા

સાથોસાથ રાજ્યના લોકલ ૨૮ આરોપીઓને અટકાયતમાં લેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય બાબત છે કે, અટક કરેલ આરોપીઓ પૈકી ૬ આરોપીઓ ૨૦ વર્ષથી નાસતા-ફરતા હતા. અન્ય ૬ આરોપીઓ ૧૦ વર્ષથી નાસતા-ફરતા હતા. ૩૫ આરોપીઓ છેલ્લા પાંચ વર્ષથી એટલે કે ૨૦૧૯ થી ૨૦૨૩ દરમ્યાનના નાસતા-ફરતા આરોપીઓ છે.

આમ રાજકોટ રેન્જના દેવભુમી દ્વારકા જીલ્લા પોલીસ દ્વારા કુલ ૯, જામનગર જીલ્લા પોલીસ દ્વારા કુલ ૭, મોરબી પોલીસ દ્વારા કુલ ૧૦, રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા કુલ ૧૩ અને સુરેન્દ્રનગર જીલ્લા પોલીસ દ્વારા કુલ ૮ સહીત રેન્જના કુલ ૪૭ નાસતા-ફરતા

(અનુ. આઠમા પાને)

**રાજકોટ રેન્જના પાંચ જિલ્લાઓમાંથી રૂ. ૩.૬૪ કરોડનો દારૂ ઝડપી લેવાયો : ૪૭ હજારના અટકાયતી પગલાં અને ૪૪૯ને હદપાર કરાયા**

રાજકોટ રેન્જ વડા અશોક કુમાર યાદવ દ્વારા રાજકોટ ગ્રામ્ય, મોરબી ,સુરેન્દ્રનગર, જામનગર, અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આચારસંહિતા લાગુ પડી ત્યારથી જ આગોતરૂ આયોજન કરી સમગ્ર રેન્જના પોલીસ અધિક્ષક તેમજ અધિકારીઓ અને કર્મચારીઓને દારૂ-જુગાર સહિતની બદ્દી ડામવા સૂચના અપાયા બાદ ગત તા. ૧૬ માર્ચથી રાજકોટ ગ્રામ્ય, જામનગર, મોરબી, સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાંથી રૂ. ૩.૬૪ કરોડનો દારૂ ઝડપી લેવામાં આવ્યો છે. રાજકોટ રેન્જ, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા સહીત પાંચ જિલ્લાઓમાં ચુંટણી સંદર્ભે ૪૭,૨૬૫ અટકાયતી પગલાઓ લેવામાં આવેલ છે. જેમાં ૨૨૮ આરોપીને પાસા હેઠળ ધકેલાયા છે અને ૪૪૯ આરોપીઓને તડીપાર- હદપાર કરવામાં આવ્યા છે.